ચુંબન અને બીજી વાતો

પ્રસ્થાન કાર્યાલય : અમદાવાદ

ચુંબન

અને બીજી વાતો

પ્રકાશક
પ્રસ્થાન કાર્યાલય
અમદાવાદ

સં. ૧૯૮૫ કિં. ૧-૪-૦

પ્રકાશક
રણછોડજી કેસુરભાઈ મીસ્ત્રી
પ્રસ્થાન કાર્યાલય
અ મ દા વા દ

આવૃત્તિ પહેલી

મુદ્રક
ગજાનન વિશ્વનાથ પાઠક
આ દિ ત્ય મુ દ્ર ણા લ ય
રાયખડરોડ : અમદાવાદ

ઉપોદ્‌ઘાત

દરેક દેશમાં મોટો વાર્તાપ્રિય વાચકવર્ગ હોય છે. વાંચતાં આવડતાં પ્રથમ વાર્તાની ભૂખ ઊઘડે છે. ઉત્તમ વાર્તા સાહિત્યનો ઉત્તમ અને રસિક પ્રકાર છે. ઘણા વાર્તાના શોખથી બીજા કોઈ પ્રકારનો શોખ મરણપર્યંત મેળવી શકતા જ નથી. આપણા ગૂજરાતમાં પણ એવી જ સ્થિતિ હોય તેમાં નવાઇ નથી.

પણ ગૂજરાતમાં જેટલી વાર્તાની માગ્ય છે તેટલી ઉત્પત્તિ નથી, એટલે માગ્યને પહોંચી વળવા કેટલાક હીન પ્રકારની વાર્તાઓ લખે છે, કેટલાક બીજી ભાષાની વાર્તાઓનાં અનુકરણો કે અનુવાદ કરે છે, અને ઘણા માત્ર પાત્રોનાં નામ ફેરવી કે ગમે તેવા બિનજવાબદાર ફેરફારો કરી પોતાની તરીકે તેવી

વાર્તાઓ પ્રસિદ્ધ કરે છે. કેટલાક ટીકાકારો કે વાચકો આમાંથી કોઇની ચોરી પકડાય છે તો તે જાહેર કરે છે, પણ વાર્તાસાહિત્ય એટલું વિશાળ છે કે એવી ચોરી પકડવાનો પ્રયત્ન કરવો લગભગ વ્યર્થ છે. સમાજમાં તેમ સાહિત્યમાં પણ કેટલીક ચોરીઓ તો સ્વમાનની ભાવનાથી જ અટકે.

આનું ખરાબ પરિણામ એ આવે છે કે સામાન્ય વાચકની રસવૃત્તિ બગડે છે. ભાષાન્તર કે અનુવાદ કે અનુકરણના વકીભવનથી વાર્તા ઘણે ભાગે બગડે જ એટલું જ નહિ પણ પરદેશના વાતાવરણમાં જે શક્ય અને ઉચિત હોય તે આપણા દેશના વાતાવરણમાં અશક્ય અને અનુચિત થઈ જાય. એવા સાહિત્યના સેવનથી છેવટ રસવૃત્તિ કુટિલ થઈ બગડે છે અને પછી સાચી આપણા દેશના વાતાવરણની વાર્તા સમજવાની શક્તિ કુંઠિત થાય છે. એટલે સાચી કલાને પ્રગટ થવામાં આ ખોટી રસવૃત્તિ બાધક નીવડે છે.

આનો ખરો ઉપાય તો એ કે દરેક લેખક અનુકરણ કરવું છોડી દે, અને થોડી પણ સાચી પોતાની કલ્પનાની જ વાર્તા લખે. પણ એ ન થઈ

શકે તો તેથી ઉતરતા પ્રકારનો ઇલાજ એ કે પરદેશી વાર્તાનો પરદેશી નામો સાથે અને તેનું વાતાવરણ બરાબર જાળવીને અનુવાદ કરવો. આવા વિચારથી આ વાર્તાસંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે.

હવે વાર્તાઓનું ટુંકમાં રસરફોટન કરીએ. પ્રથમ વાર્તા ઝેક ભાષાની [×] છે. ઝેક ભાષા વિશે એ જાણવા જેવું છે કે એ ભાષા ઑસ્ટ્રિયાના પરચક્ર નીચે કચરાઇ બે સદી સાહિત્યકારોથી ઉપેક્ષિત માત્ર ખેડુતોની જીભે જ રહી. છેલ્લી સદીમાં એક સાહિત્ય-સેવકે તેનો કોશ કર્યો અને યુરોપના બીજા દેશોનું સાહિત્ય તેમાં ઉતાર્યું. તે પછી જ તે સાહિત્યને માટે કાબેલ છે તેની પ્રતીતિ લેખકોને થઇ અને તેમાં શિષ્ટ સાહિત્ય લખાવા માડ્યું. આ સાહિત્યમાં 'ચુંબન'ની લેખિકા કેરોલિના સ્વેટ્લા (Karolina Svetla)નું [+] વિશિષ્ટ સ્થાન છે. કર્તાએ સ્ત્રીપુરુષ,

× જૂની ભૂગોળના બોહીમીઆ પ્રાંતની આ ભાષા છે, હાલ તે પ્રાંતનું નામ ઝેકો સ્લોવેકિયા છે.

+ આ નામોના ઉચ્ચારો તેમ જ વાર્તાનાં પાત્રોનાં નામો જે રીતે અહીં લખ્યાં છે તે તે ભાષાના પરિચયને અભાવે, ખોટાં હોવા સંભવ છે.

ઉપોદ્ઘાત

પતિપત્નીના સ્વભાવનો સનાતન વિષય આમાં બે ઉદ્દામ પ્રકૃતિનાં સ્ત્રીપુરુષદ્વારા પ્રગટ કર્યો છે. દેશ અને રૂઢિઓ આપણાથી અત્યંત ભિન્ન હોવા છતાં કર્તાએ મનુષ્યસ્વભાવનો એવો તલસ્પર્શ કર્યો છે, અને તેને પાત્રોનાં વાક્યો આચરણો વગેરે દ્વારા એવાં સુરેખ પ્રગટ કર્યા છે કે ગમે તે દેશમાં કે ભાષામાં તેનો અનુવાદ લક્ષ્યવેધી રહે. કર્તાની સર્જનશક્તિ અદ્ભુત છે. તેનાં પાત્રો જાણે જીવન્ત થઇ કોઈપણ વાર્તાકારની અપેક્ષા વિના પોતે જ પોતાનાં કર્મો કરતાં હોય એવું લાગે છે. લ્યુકેસ, વૅન્ડુલકા, વૅન્ડુલ્કાનો સાદો ભોળો સાચા બોલો ભગત બાપ, વૅન્ડુલ્કાની અનુભવી માસી, અને એ માસીનો દાણચોર શેઠ, મિત્ર અને પછીનો પતિ સર્વ નજરે દેખાય છે. આઘ-જનની (ધવ) ની કુતૂહલપ્રિય પુત્રીઓ પણ જયાં જ્યાં દેખાય છે ત્યાં બરાબર 'ચાર ચોટલા' મળેલાનું દશ્ય રજુ કરે છે. વૅન્ડુલ્કાનો અગાધ પ્રેમ, જેથી તે લ્યુકૅસ સિવાય બીજાને ન પરણતાં બ્રહ્મચર્ય સ્વીકારે છે, લ્યુકૅસ વિધુર થતાં પરણવા હા પાડે છે અને તેના ઘરનો ભાર ઉપાડી લેવા અને જૂના ઘરની પુત્રીને સાચવવા પરણવા પહેલાં પણ તેને ઘેર જાય છે, પણ પુરુષસુલભ અધૈર્યવાળા

ઉપોદ્ઘાત

લ્યુકૅસને પરણવા પહેલાં ચુંબન કરવા દેતી નથી, લ્યુકૅસ પણ નાના ૧૪ વરસના છોકરાની પેઠે ઘરમાં ઉધમાત કરે છે, ફજેતો કરે છે. વૅન્ડુલ્કા નાસી જાય છે. તેની વિધવા માસી, જગતની અનુભવી, તેને પુરુષોનો સ્વભાવ સમજાવે છે તે નથી સમજતી, પણ પછી લ્યુકૅસ શોધમાં આવે છે ત્યારે તેને વણમાગ્યું ચુંબન આપે છે. આપણા કવિઓએ કહ્યું છે તેમ કામની શી વામતા! શી અવળચંડાઈ! લેખકે, પોતે સ્ત્રી હોવાથી, સ્ત્રી પાત્રોનું હૃદય પારદર્શક દૃષ્ટિએ ચીતર્યું છે, અને આખી વાર્તાના સંવિધાનમાં સ્ત્રીસુલભ મીઠાશ, પ્રમાણ અને ટાવકાઈ છે. સારી ગણાતી વાર્તાઓ પણ બીજી વાર વાંચવાનું મન થાય એવી થોડી જ હોય છે. આ અનેક વાર વાંચતાં પણ રસ પડે એવી છે.

બીજી વાર્તા ફ્રેંચ લેખક પ્રૉસ્પર મેરિમે (Prosper Merime) ની છે. તેમાં એક અર્ધ સંસ્કૃત લૂંટારાની માફક રહેનારો વીર પુરુષ ખૂટલ નીવડેલ પોતાના નાના એકના એક પુત્રને ગોળીએ વીંધી નાખે છે. આખી વાર્તામાં આ એક જ મુખ્ય બનાવ છે. પણ વાર્તા એવી અસરકારક રીતે કહી

છે કે છેલ્લાં વાકયો વાંચતાં વાંચનારનો શ્વાસ અદ્ધર થઇ જાય. કાઠિયાવાડી સાહિત્યની અનેક વાર્તાઓ પ્રગટ થઇ છે તેમાંથી આવી વાર્તા લખાય ત્યારે ખરૂં સર્જન થયું ગણાય.

ત્રીજી વાર્તા 'વીર' ઇટાલિયન લેખક ડી. એનન્‌ઝીઓ (D. Annunzio) ની છે. તે એક ધર્મવીરની કથા છે. તેનામાં પણ ઝનુન, તેનો વેગ બળ સર્વ જાણે અર્ધ સંસ્કૃત જમાનાનું ઊતરી આવેલું છે, પણ ધર્મથી તે પોતા તરફ જ વળેલું છે. આપણા ઇતિહાસમાં—માત્ર ઇતિહાસમાં નહિ પણ અત્યારે પણ કયાંક કયાંક—આવી વ્યક્તિ મળી આવે છે. વાર્તા ત્વરિત ગતિએ પોતાના લક્ષ્ય તરફ સીધી ચાલે છે અને આપણને એ ધર્મવીરના નિશ્ચયબળથી, બહાદુરી અને સહનશક્તિથી આશ્ચર્ય-ચકિત કરી નાખે છે.

'એક કબાલો 'નો લેખક મોપાસાં (maupa-sant) એક પ્રસિદ્ધ ફ્રેંચ લેખક છે. ફ્રાંસના જીવનમાં તે જેવો ઓતપ્રોત છે તેવો જ તે એક સિદ્ધહસ્ત કલાકાર છે. આ વાર્તા તેના વસ્તુની દૃષ્ટિએ ઘણી

વિલક્ષણ છે. સુધરેલા ગણાતા સ્ત્રી-સન્માનના વીસમી સદીના જમાનામાં પણ આપણી આસપાસ કેવાં અજ્ઞાન અને હીન માણસો રહે છે અને તેમનામાં સ્ત્રી કેવું પશુથી પણ હલકું સ્થાન ભોગવે છે તેનું ચિત્ર લેખક ગંભીર રીતે, એકેએક વિગતપૂર્વક, જાણે પોતાને કાંઈ જ ન લાગતું હોય એવી તટસ્થતાથી કોર્ટના એક દૃશ્ય તરીકે આપે છે. વાર્તાનો રસ હાસ્યમિશ્રત બીભત્સ છે. અને વ્યંગ્ય સ્ત્રી-સન્માન તરફ સમાજની આંખ ઉઘાડવાનો છે. બીભત્સમાંથી પણ વ્યંગ્ય સાત્ત્વિક હોઈ શકે તેનો આ વાર્તા નિદર્શક નમૂનો છે.

" દુઃખીનાં દુઃખની વાતો " બીજી વાર્તાઓ જેવી બલિષ્ઠ ઊઠાવવાળી ન ગણાય પણ એક ભયંકર સત્ય બહુ જ નાજુક પણ સચોટ રીતે કહે છે. આનો લેખક પોલૅન્ડનો બોલેસ્લાવ પ્રસ (Boleslav Prus) છે.

'પીપીબાઇ'નો લેખક પાછો મૉપાસાં જ છે. ' એક કબાલા ' ની માફક આનો પણ રસ બીભત્સ છે અને અહીં પણ તે બહુ જ તટસ્થ રીતે વિગત-

વાર વાર્તાકાર આપે છે. વિગતો એટલી લાંબી ચાલે છે કે વાંચનારને એમ થઇ આવે કે આવી ગંદી વાતમાં લેખકને શો રસ પડે છે તે આટલી લંબાવીને કહે છે. ત્યાં તરત વાર્તાની દિશા બદલાય છે. અને એ બીભત્સ રસમાં પણ સાત્ત્વિક સ્વદેશાભિમાનનો વ્યંગ્ય દેખાય છે. પાત્રની હલકાઈથી માત્ર સ્વદેશાભિમાનને માટે વધારે આદર થાય છે. અને આટલાં હીન પાત્રોમાં પણ આ ઉન્નત વૃત્તિ આટલી ઊંડી અને બળવાન છે એ જોઇને આશ્ચર્ય થાય છે. વાર્તાનો સમય ગયા યુદ્ધ દરમિયાન ફ્રાન્સનાં ગામડાંમાં જર્મન લશ્કર સત્તા ચલાવતું હતું ત્યારનો છે. વાંચનારને જરૂર સમજાશે કે આટલા અને આવા સ્વદેશાભિમાનવાળો દેશ હારે નહિ, હારે તો પણ ઝાઝીવાર પરતંત્ર રહે નહિ.

'ઊંઘે ઘેરાએલી' એ સુપ્રસિદ્ધ રશિયન લેખક ચેખોવની લખેલી વાર્તા છે. ચેખોવ એ ટૂંકી વાર્તાના લેખકોનો શિરોમણિ છે. એનો લાક્ષણિક ગુણ લાગણીઓનો દમામ બતાવ્યા વિના ઊંડામાં ઊંડી લાગણી ઉત્પન્ન કરવી એ છે. આલંકારિક આડંબરનો અભાવ એ એનો બીજો ગુણ છે. જીવનના વિવિધ

પ્રસંગોને વિવિધ દૃષ્ટિકોણોથી બધા સમર્થ સાહિત્યકારો જુએ છે; પણ પ્રસંગ અને દૃષ્ટિકોણનું ઔચિત્ય વધારેમાં વધારે જો કોઈનામાં પ્રતીત થતું હોય તો તે ચેખોવમાં છે; અને તેથી ચેખોવે કરાવેલું જીવનદર્શન રહસ્યસૂચનમાં અને તેમાંથી ઉત્પન્ન થતા રસાનુભવમાં અનુપમ છે.

'ઊંઘે ઘેરાએલી' એ એક મધ્યમ વર્ગના કુટુમ્બમાં કામ કરતી એક નિરાધાર છોકરીની કથા છે. 'ઊંઘવું તો જોઇએ પણ ઊંઘાય નહિ'–એ ભયંકર નિયન્ત્રણ નીચે એ છોકરી કામ કરે છે. એનું શું ભયંકર પરિણામ આવે છે એ કથાકાર અકલ્પ્ય છતાં અનિવાર્ય રીતે આપણને સૂચવે છે.

'અદૃશ્ય ઘા'નો કર્તા હંગેરિયન લેખક કેરોલી કિસફેલુદી (Karoli Kisfaludi) છે. તેનો વ્યંગ્ય સ્ફૂટ અને સરલ છે. ખોટા વહેમથી કરેલો પત્નીનો દ્રોહ, હૃદયમાં ઊંડામાં ઊંડો ઘા છે. એ ઘાના દરદથી દરદી છાનો રીબાય છે. અને બીજો એ પણ ધ્વનિ છે કે પાપની સજા દુનિયાં ન કરે તો પોતે પોતાને

ઉપોદ્‌ઘાત

સજા કરે, દુઃખકર પ્રાયશ્ચિત કરે તેમાં જ પાપીને કંઈક સાંત્વન મળે છે. વાર્તા ઘણી પ્રસિદ્ધ છે.

ગૂજરાતી વાંચકને આ વાર્તાઓમાં રસ પડશે તેમાં અમને શંકા રહેતી નથી.

નાતાલ,
૧૯૨૮.

રામનારાયણ વિ. પાઠક
નગીનદાસ ના. પારેખ

નિ વે દ ન

જાહેરાત કર્યા પછી ઘણા લાંબા સમયે આ પુસ્તક બહાર પડે છે. લગભગ બધી વાર્તાઓનો અનુવાદ તૈયાર હતો પણ દશબાર પાનાંની એક નાનકડી વાર્તા ખૂટતી હતી. આ વાર્તાસંગ્રહમાં શોભે એવી જ એ હોવી જોઇએ! આખરે ચેખોવની લીધી.

આમાંની પહેલી બે 'ચુંબન' અને 'માતેઓ ફાલ-કોને' નો અનુવાદ શ્રી. નગીનદાસ પારેખે કર્યો છે અને જ્યારે તે 'પ્રસ્થાન'માં પ્રસિદ્ધ થઈ ત્યારે તે એટલી લોક-પ્રિય થઈ પડી હતી કે તે પુસ્તકાકારે જનસમાજને પ્રાપ્ત થાય તો સારૂં એમ મને લાગ્યું. આ વિચાર મેં તેમની આગળ રજુ કર્યો અને બીજી વધુ વાર્તાઓની માગણી કરી. તે તેમણે કબુલ રાખી બીજી ત્રણ વાર્તાઓ આપી. (નં. ૩, ૫, ૮) 'ઊધે ઘેરાયેલી 'નો અનુવાદ શ્રી. શિવશંકર શુકલે કર્યો છે, આ માટે હું એ બન્ને ભાઇઓનો આભારી છું.

બીજી વાર્તાઓનો અનુવાદ તપાસી સૂચના કરવા બદલ તેમ જ ઉપોદ્ઘાત લખી આપવા બદલ મુ. પાઠક સાહેબનો ઉપકૃત છું. 'ચુંબન' તથા 'ઊધે ઘેરાએલી' વાર્તાઓ સૂચવવા માટે શ્રી. રસિકલાલ પરીખનો તથા બીજી વાર્તાઓ સૂચવવા માટે મુ. પાઠક સાહેબનો આભાર માનું છું.

પ્રકાશક

અનુક્રમણિકા

ચુંબન

મધ્યાહ્નનો ઘંટા થંભી ગઈ હતી અને આ તો મૃત્યુ ઘંટ શરૂ થયો. વિશાળ હરિયાળાં મેદાનમાં રમતાં બાળકો ઉપર એની કાંઈ અસર ન થઈ. પુરુષોએ પોતાની ટોપીઓ ઉંચકી એ જ, બાકી એ સિવાય કાંઈ ખાસ બનાવ બનતો હોય એવું તેમનાં મ્હોં ઉપરથી દેખાતું ન હતું. પણ સ્ત્રીઓ—ખરેખર ચમકી! દરેક જણીએ હાથમાંનું કામ મૂકી દીધું: કોઈ રાંધતી રાંધતી ઊઠી તો કોઈ ગાય દહોતી દહોતી ઊઠી, તો કોઈએ વાસીદું પડતું મેલ્યું. ટુંકામાં આદિ જનનીની આ કુતૂહલપ્રિય પુત્રીઓ ખૂણેખૂણેથી બહાર આવી અને ગામનાં નાનાં સાદાં દેવળ ઉપર પોતાની વિશાળ શાખાઓ રક્ષણ કરવાને માટે જ જાણે પ્રસરીને ઉભેલા શતાયુશી લીમડાની નીચે-પોતાનાં હમેશનાં સભાસ્થાને ભેગી થઈ.

"આમ એકાએક કોણ મરી ગયું હશે?" એક

બીજીને પૂછ્યું. પણ તેઓના ચહેરા ઉપર પ્રસરેલા આશ્ચર્યથી સ્પષ્ટ જણાતું હતું કે તેઓને આ બનાવનો ખ્યાલ સરખો યે ન હતો. ગામમાં કોઈને ગંભીર માંદગી આવ્યાનું પણ જાણમાં ન હતું.

આ બહેનપણીઓએ કોણ મરી ગયું છે એ જાણવા માટે કલ્પનાના ઘોડાને છૂટા મૂકયા અને ગામનાં દરેકે દરેક માણસની ખબર લઈ નાખી. પોતે માત્ર કુતૂહલને લઈને જ ઘર છોડી લીમડા તળે આવી હતી એમ ભુંડી દુનિયાના લોકો ન કહે એટલા માટે તેઓ વારેવારે પોતાના હાથોવતી ભક્તિભાવથી ક્રુસનું ચિહ્ન કરતી રહેતી હતી, અને આ બધું કરવા છતાં ઘંટાશાળામાં ઉભેલા ઘંટ બજાવનાર ઉપર તેઓનું પૂરેપુરૂં ધ્યાન હતું અને તે કેટલા ઘંટ બજાવે છે તે ઉત્સુકતાપૂર્વક ગણી રહી હતી. અરે ! આ તો બીજે ખંડે જ થંભી ગયો. ત્યારે તો સ્ત્રી જ હોવી જોઇએ. એક જ ખંડ વધારે વગાડયો હોત તો પુરુષ છે એમ સમજાત.

લીમડા નીચે નવું જ આશ્ચર્ય અને નવી જ કલ્પનાઓ પ્રસર્યા. એ તે કઈ સ્ત્રી હશે ? કયા મહોલ્લાની હશે ?

બહેનપણીઓએ ઘંટ વગાડનારને મળી તેની પાસેથી બધી હકીકત જાણીને જ જવાનો નિશ્ચય કર્યો. ભલેને

ઢોર ખાલી ગમાણ આગળ બૂમ પાડ્યા કરે, પૂડો બળીને કોલસો થઈ જાય, બિલાડી ભંડારીઆમાં ભરાઈને ખવાય એટલું ખાઈ જાય, અને જમવાનું મોડું થવા માટે પતિરાજ બબડે તો પણ પોતાનાં કુતૂહલને શાંત કર્યા વિના તેઓ ત્યાંથી ચસકે એમ નથી. જો તાજા સમાચાર મળે એમ હોય તો પતિરાજ જરા બબડે તેની શી પરવા? એ તો પત્ની નવી નક્કાર વાત કહેશે એટલે પતિરાજ તો બધું યે ભૂલી જશે. આજે જ નહિ પણ ચાર દિવસ સુધી આ મરણની જ વાત ચર્ચાશે.

* *

બહેનપણીઓ હવે બિલકુલ અધીરી થઈ ગઈ કે ક્યારે ઘંટ વગાડનાર આવે. દાદર ઉતરીને મંદિર બહાર આવતાં યે એને તો જુગ વીતી ગયો. ઘરડો ખખ થઈ ગયો છેઃ પાદરીએ હવે કોઈ સારો માણસ શોધી કાઢવો જોઈએ.

આખરે તેણે ઉમરા ઉપર દર્શન દીધાં.

"ભાઇ એ કોણ?" હાડમાંસમાં પણ કંપારી પ્રસારે એવા તાળાં ચાવીના કર્કશ અવાજને પણ ઢાંકી દે એવા અવાજે એક સાથે તેઓ બોલી ઊઠી.

"શું! તમને ખબર નથી એમ?" પોતાના હાથ

ઊંચા કરીને ઘંટ વગાડનારે પૂછ્યું. વરસના ભારે વળી ગયેલો હોવા છતાં તે હજુ એવોને એવો આનંદી રહ્યો હતો.

" અરે! પણ આ શું કહેવાય! કંઈક અમંગળ હોવું જ જોઈએ. મને લાગે છે કે ભવિષ્યવાણી ખરી પડવાની. દુનિયામાં શું ચાલે છે એની તમને ખબર ન પડે એવી વિચિત્ર વાતો પણ બનવા લાગી તો હવે આપણો ડુંગરો ઊડી જઈ તેને ઠેકાણે તળાવ થઈ જવાનું."

" ચાલ, ચાલ, હવે બહુ થયું. હવે તું કહેવા શું માગે છે?"

" તમને આજ સુધી બધાય બનાવોની ખબર સહુ કરતાં પહેલી પડતી આવી છે એટલે હું નવાઈ કેમ ન પામું? લુકેસની જુવાન બેરી પ્રભુધામમાં સિધાવી છે એ વાતની તમને ખબર ન હોય એવો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો."

" લુકેસની વહુ? હોય નહિ! એ બને જ નહિ. ગઈ રાતે તો હું તેને આ શેરીમાં મળી હતી."

" કાલે તો મેં તેને લુગડાં સુકવતી જોઈ હતી."

" ખરું કહું છું—તમને. લુકેસની વહુ જ બપોરે

પહેલાં થોડા જ વખત ઉપર એક નાની છોકરીને મૂકીને મરણ પામી."

"આહ! બિચારીને કેટલું લાગ્યું હશે!"

"કહે છે કે તેનું મરણ બહુ સુખભર્યું હતું. તેને જરા ય ખબર નહતી કે સૌ કોઈ જ્યાં આજ નહિ ને બે દહાડા પછી જવાનાં છે ત્યાં જ તે જાય છે. તે ઊંઘી ગઈ અને પછી ફરી જાગી જ નહિ."

"ભગવાન શાંતિ બક્ષો."

"અને સદ્દગતિ આપો...તે ગુણનો ભંડાર હતી એમ તો કાંઇ કહેવાય છે પણ કર્કશા ન હતી."

"લુકૅસ એને માટે જીવ કાઢી નાખે એમ નથી."

"એમ જ હોય! એ તો એનાં માબાપે ધમકાવ્યો કે અમારૂં કહ્યું ન કર્યું તો શાપ દેશું એટલે એ ભાઈસાહેબ એને પરણ્યા."

"અરે! જેણે જેણે એને અને લુકૅસને સાથે જોયાં છે તેને લાગ્યા વિના રહ્યું નથી કે એ બેને કદી પરણાવવાં જોઇતાં ન હતાં. લુકૅસ પોતે આખી દુનિયાનો ધણી હોય એમ ઠસ્સામાં ફરે છે, જ્યારે આ તો માંદલાં પંખીની માફક નીચેથી ઊંચું જ જુવે નહિ ને! તેનામાં ક્યાં કંઈ ચેતન કે દમ જ હતો; અને શરીર પણ રોગનું ઘર."

"પણ હવે લુકેસ મરજીમાં આવે તેને વરી શકશે. હું તો બહુ ખુશ થઈ. મેં જ્યારે એને આ લીમડા આગળથી લગ્નને માટે જતો જોયો ત્યારે મને તો એવું લાગી આવ્યું! જાણે કોઈ તેને ચૉરી આગળ નહિ પણ ચૌકા આગળ લઈ જતું હોય એવું તેનું મ્હોં ધોળું થઈ ગયું હતું. સહુ કોઈને એમ થાય કે એને સુખશાતા મળે તો સારૂં. એના જેવો માણસ મળવો મુશ્કેલ છે. તે કોઈનું યે બુરૂં કરતો નથી અને કોઈને કરવા પણ દેતો નથી. તમારૂં જો કંઈ ભલું એનાથી થઇ શકે એમ હોય તો એ જરૂર કરવાનો. જરા મિજાસી છે એ વાત ખરી પણ એમ તો કોણ સંપૂર્ણ હોય છે?"

"વેન્ડુલ્કા પૅલુકી આખરે લુકેસને જ પરણશે એમ કોણ જાણતું હતું? જ્યારથી લુકેસનાં લગ્ન થયાં ત્યારથી તે છોકરીએ એક પણ નાચ કે ઉજાણીમાં ભાગ લીધો નથી—જો કે તે પંખીના જેટલી રમતિયાળ અને ચંચલ છે તો પણ. તેને લુકૅસ સાથે ન પરણવા દીધી એટલે તેણે પરણવાનું જ માંડી વાળ્યું."

"પણ લુકૅસનાં માબાપે કેમ એ લગ્નમાં વાંધો લીધો? મને તો એ સમજાતું જ નથી. છોકરી

તો સારી અને ફુટડી છે અને કાંઈ ગરીબ પણ નથી. વળી કામગરી પણ છે."

"અને વળી એના તો કાંઈ સગાંમાં છે."

"બરાબર, એટલા માટે જ એને એની સાથે પરણવા ન દીધો. એનાં માબાપ જૂના વિચારનાં છે. એ બંનેના વડવાના વડવા સગા ભાઈઓ હતા એટલે જો તેઓ આ લગ્ન થવા દે તો પાપ લાગે એવું એ લોકોને લાગ્યું. પાદરી સાહેબ પણ એમને ન સમજાવી શક્યા. તેઓને બસ એમ લાગ્યું છે કે તેઓ જ ઇશ્વરની ઇચ્છાઓ સમજી શકે છે, અને સ્વર્ગની ચાવી તો તેમના જ હાથમાં આવી ગઈ છે."

"ત્યારે વાત આમ હતી, એમ! હું તો કેટલી યે વાર ગુંચાયા જ કરતી- મને હજી અહીં પરણી આવ્યાને વરસ જ થયું છે ને, એટલે! વેન્ડુલ્કા જો જાણે કે આ મૃત્યુઘંટ કોનો વાગે છે તો તેનું હૈયું તો નાચી ઉઠે."

"લુકૅસ કાંઇ ફરી પરણવામાં વાર કરે એમ નથી. વાર કરે તો તો મૂઢ જ સમજવો. કોઠારૂં ભરીને ઢોર, ઘર ભરીને નોકરો, પારણે સૂતું નાનું છોકરૂં- આવા ઘરમાં માણસને સ્ત્રી વિના ચાલે જ નહિ."

"શોકનો દોઢ મહિનો પૂરો થશે અને છેલ્લી ક્રિયા

પૂરી થશે કે તરત જ તે સીધો પૅલુકી ડોસા પાસે જઈને તેની છોકરીનું માગું કરવાનો."

*   *

તેઓ જરા પણ ભૂલ્યાં ન હતાં. લીમડા નીચે તેઓએ જે ભવિષ્ય ઉચ્ચાર્યું હતું તે જ પ્રમાણે એકેએક વસ્તુ બની.

તેના મરણને દોઢ મહિનો પૂરો થતાં જે દિવસે તેના આત્માની શાંતિને માટે છેલ્લો વિધિ કરવામાં આવ્યો તે જ દિવસે વિધુર અને તેના બધા પુરુષ સંબંધીઓ સામાન્ય રિવાજ મુજબ શોક ધોઈ નાખવાને એક હોટલમાં ગયા. ભોજન સમય સુધી તે તેઓની સાથે ત્યાં રહ્યો અને તેઓને મિષ્ટાન્ન જમાડયાં. આ કાર્ય પૂરું થતાં જ અંત્યેષ્ટિ સંસ્કારમાં અને આ દિવસના વિધિમાં ભાગ લેવા માટે સહુનો તેણે ઉપકાર માન્યો અને એવી જ મૈત્રીની ભવિષ્ય માટે પણ યાચના કરી. તેઓએ તો તરત જ તેની યાચના પૂર્ણ કરવાનો ઈરાદો હાથોહાથ મિલાવીને બતાવી આપ્યો અને તે પણ તેમના પ્રત્યે એવી જ લાગણી રાખતો રહે એમ ઇચ્છયું. તેણે પણ તેઓની ઇચ્છા પૂર્ણ કરવાનો ઈરાદો ચુંબન અને હસ્તમિલન દ્વારા જાહેર કર્યો. ત્યાર પછી ભેટાભેટી થઇ, એક બીજાનાં

સ્વાસ્થ્ય ઇચ્છાયાં અને આસવસેવનની શરૂઆત થઈ. પછી તો લુકૅસે ઉઠીને પોતાના બનેવી તરફ જોયું એટલે તે પણ ઉઠ્યો અને મહેમાનોનું મંગળ ઇચ્છી વિધુર એકદમ હોટલ છોડી ચાલ્યો ગયો. તેઓ આટલી બધી ઉતાવળથી ક્યાં જતા હતા. એ કોઈએ પૂછ્યું નહિ, પણ સહુકોએ તેના પ્રતિ મૈત્રીસૂચક મંદ હાસ્ય કર્યું અને માંહોમાંહે બધું સમજતા હોય એવી રીતે આંખના ઈશારા કર્યા.

આ બે જણા જ્યારે રસ્તે થઈને જતા હતા ત્યારે કેટલી યે આંખો બારીઓમાંથી તેમના તરફ કુતૂહલભરી દૃષ્ટિ ફેંકી રહી હતી! તેઓ ક્યાં જતા હતા એ બાબત કોઈનો પણ મનમાં લેશ માત્ર પણ શંકા ન હોવા છતાં દરેક જણ પોતે તેઓ ખરેખર જ પૅલુકીને ત્યાં તેની સંમતિ લેવાને માટે જાય છે કે કેમ એ જોવા માગતો હતો. પાડોશીઓએ જ્યારે જોયું કે તેઓ ખરેખર જ ત્યાં જાય છે ત્યારે તેઓ પણ તેમની પૂંઠે જવાને તૈયાર થઈ ગયા.

પૅલુકીનું ઘર હમેશાં જ બહુ સ્વચ્છ રહેતું હતું કારણ કે વેન્ડુલ્કા બહુ જ ચીવટવાળી અને ખંતીલી હતી—જાણે શહેરમાં જ ન ઉછરી હોય. પણ આજે બધું જરા વધુ જતનપૂર્વક સાફ કરી ગોઠવવામાં

આવ્યું હતું એટલે આપણે માની શકીએ કે તેઓ કોઈ ભારે સન્માનનીય મહેમાનોના આગમનની રાહ જોતાં હતાં.

લોકાચાર વિરુદ્ધ ન ગણાય એટલા માટે લુકૅસે આ દોઢ મહિના સુધી વેન્ડુલ્કાને મળવાનું બંધ રાખ્યું હતું, પણ પોતે તેના પિતાની સંમતિ માગવાનો ઈરાદો રાખે છે એ વાત કોઈ વિશ્વાસુ માણસ જોડે તેણે તેને જણાવી હતી. વેન્ડુલ્કાએ પણ આ વાત પોતાના પિતાને જણાવી દીધી હોય એમ લાગે છે, નહિ તો દરેક વાતમાં ઉદાસ થઈ રહેવાના પોતાના સ્વભાવ અને ધર્માંધતાને લીધે ‘ વેરાગી ’ની ઉપાધિ પામેલો બુઢ્ઢો પૅલુકી આજે આમ સારાં વસ્ત્રો પહેરી, સુંદર રીતે સેંથી પાડી વાળ હોળી, તપખીરની ડબ્બી ભરી લઈ તૈયાર થઈને બેસે જ શાનો ? તેણે આ વિધુર અને તેના બનેવીને યોગ્ય આવકાર આપ્યો પણ સાથે સાથે એક દીર્ઘ નિશ્વાસ મૂકવાનું પણ ચૂક્યો નહિ. અધર્મને માર્ગે ચઢેલી દુનિયાની મૂર્ખાઈઓ અને પાપોનો તે નિરંતર વિચાર કર્યા કરતો અને એટલો તો ઉદાસ રહેતો કે તેનું મ્હોં પણ તદ્દન ફીકકું પડી ગયું હતું. તેણે મહેમાનોને ખુરશીઓ આપી અને ઉદાસ સ્વરે જરા વિશ્રાન્તિ લેવા કહ્યું,

પણ તેઓએ તેની વિનંતિને ઉપકાર સહિત પાછી ઠેલી.

“તમો અમારી વિનંતિનો શો જવાબ આપો છો એ જાણ્યા પછી વિશ્રાંતિ માટે પુષ્કળ વખત રહે એમ છે. અમો શાને માટે આવ્યા છીએ એ તો તમો જાણો જ છો. કહેવાની કાંઈ જરૂર નથી.” લુકૅસના બનેવીએ કહ્યું.

બુઢ્ઢા પૅલુકીએ ફરી વાર નિસાસો નાંખ્યો. તેને દુનિયાદારીની વાતો પ્રતિ સદા અરુચિ હતી પણ આ વખતે તેનો છૂટકો નહતો અને તેને કાદવમાં હાથ ખરડવા જ પડયા.

આ અરુચિકર કાર્યને જેમ બને તેમ ટુંકમાં પતાવવાને તે અધીરો બન્યો હોય એમ પણ બને અને તેથી જ તેણે પોતે એ બાબતથી તદ્દન અજ્ઞાન નથી એ વાત ખુલ્લી કરી.

“હું આ નહતો જાણતો એમ કહું તો તો જુઠાણું જ કહેવાય. હું ધારૂં છું કે લુકૅસ અમારી વેન્ડુલ્કાને પરણવા ચાહે છે.” તેણે કહ્યું.

વેરાગીમાં આટલી બધી ચપળતા જોઇને લુકૅસનો બનેવી હસવું ન ખાળી શકયો. સાધારણ રીતે તો એ બુઢ્ઢો કાંઇ પણ કહેવા પહેલાં બહુ જ વિલંબ

લગાડતો અને પોતાના મુક્તિલાભમાં કાંઈ વાંધો આવે એમ નથી એ બાબતનો બહુ જ સંપૂર્ણતાથી અને લંબાણપૂર્વક વિચાર કરતો.

પોતાના નામની સાથે જ વેન્ડુલ્કાનું નામ બોલાતું સાંભળીને લુકૅસ આનંદ પામ્યો અને સંતોષથી મંદમંદ હાસ્ય કરવા લાગ્યો. ગયા દોઢ માસમાં જે જે બની ગયું હતું તે બધું ખરું હતું એમ તે આ જ ક્ષણે માનવા લાગ્યો. શોકનો દોઢ માસ તેણે જાણે સ્વપ્નામાં જ ગાળ્યો હતો અને તેના ભાગ્યનો આમ અચાનક થયેલો પલટો તે ન સમજી શક્યો. તે ઉત્સાહપૂર્વક બોલ્યોઃ "જો મારાં માબાપ વચ્ચે ન પડયાં હોત તો અમો બંને કયારના ય ત્રણ વરસ પહેલાંના સમજી ઉઠયા હોત. કેમ નહિ વારૂ, કાકા?"

"એટલે?" વેરાગીએ ઉદાસ સ્વરે કહ્યું.

"એટલે એમ કે વેન્ડુલ્કાનો સ્વીકાર કરતાં મને જેટલો આનંદ થાત તેટલો જ આનંદ તમને દેતાં થાત."

બુઢ્ઢો વળી ગુંચવાયો. કેટલાક વખત સુધી તેણે જવાબ જ ન આપ્યો. પછી તેણે પોતાનાં ખભાં જરા હલાવ્યાં.

લુકૅસ જેવા ધનવાન અને આબરૂદાર જમીનદારે આવા જવાબની આશા ન જ રાખી હોય.

"તમારે મારી સામે શો વાંધો હતો? અથવા મારામાં શો દોષ છે?" તેણે રાડ પાડી. તેના મુખ પર લોહી ચઢી આવ્યું.

આ જોઇને બુઢ્ઢો તો ચમક્યો.

"રાડ મ પાડ." બ્હીતાં બ્હીતાં તેણે તેને શાંત પાડ્યો. "ખોટો ગુસ્સો અને ક્રોધ વ્યક્ત કરવાથી આપણે પાપમાં પડીએ છીએ એનું શું તને ભાન નથી?"

"તો મને સીધી રીતે કહી દોને કે શા માટે તમે તમારી દીકરી મને ન આપી હોત? તમે શું મને ઉડાઉ કે પુલણજી જાણ્યો હતો? અથવા તો મારા ઘરમાં તમારી દીકરીને પેટપૂર ખાવાનું ન મળે એમ તમને લાગ્યું હતું? કદાચ આજે પણ તમે તમારી દીકરી મને દેવાને તૈયાર ન હો?"

"મારી દીકરી તને દેવાને હું તદ્દન રાજી છું. તું તેને આટઆટલી ચાહે છે એ જાણ્યા છતાં હું કેમ રાજી ન થાઉં?"

"એટલું એક જ કારણ છે એમ?"

"જો દરેક જવાબથી તું આમ વિફરતો જ જવાનો હોય તો તારા પ્રશ્નો જ રહેવા દે."

"મારે જે જાણવું છે તે તો હું પૂછીશ જ. હું

જાણવા માગું છું કે મારામાં શો દોષ છે અને શા માટે તમે તમારી દીકરી હું ઇચ્છું એટલી રાજીખુશીથી મને નથી આપતા ?"

વેરાગીએ બહુ લાંબા વખત સુધી વિચાર કર્યો. આમાંથી કેવી રીતે છૂટવું એની તેને સમજ પડતી ન હતી એ વાત તો સ્પષ્ટ જ હતી.

આખરે તેણે સીધો જ માર્ગ લેવાનો નિશ્ચય કર્યો.

"વારુ, સાંભળ ત્યારે. જો હું એક સાચા ખ્રિસ્તી તરીકે તને સાચું જ કહું તો તો—"

"તો તો શું ?"

"તો તો મારે કહેવું જોઈએ કે એક પિતા તરીકે તો હું મારી પુત્રી તને રાજીખુશીથી આપું છું. તારા જેવો બીજો જમાઈ મને મળે એમ પણ મને લાગતું નથી. આમ છતાં તમારાં બંનેનાં હિતનો વિચાર કરી હું તમને લગ્ન કરવાની સલાહ આપતો નથી."

આટલું કહીને વૃદ્ધ પૅલુકીએ પોતાને કપાળે બાઝેલાં પરસેવાનાં બિન્દુઓ લુછી નાખ્યાં. આ લુકૅસ પણ ખરો જક્કી ! પણ એ પણ સારું જ થયું—કારણ કે દીકરીએ લુકૅમના ઇરાદાની વાત પૅલુકીને કહી ત્યારથી તેના મનમાં ઘોળાતા વિચારો કહી નાખવાની તેને તક મળી. નહિ તો તેણે કદાચ તે કદી પણ વ્યક્ત

કરવાની હિંમત ન કરી હોત. પણ હવે તો હદ આવી ગઈ. આટલું કહેતાં કહેતાં તો તેને પરસેવાના રેળા વળી ગયા હતા.

આ શબ્દો સાંભળતાંની સાથે જ લુકૅસ અને તેનો બનેવી તો આશ્ચર્યથી અવાક્ જ થઈ ગયા અને આ વિવાહવિધિ જોવા માટે એકેએક આવી ભરાયેલા આડોશી પાડોશીઓ પણ દીંગ થઈ ગયા. વસ્તુસ્થિતિ આવી થશે એવું તેઓએ બિલકુલ ધાર્યુ જ ન હતું. આસપાસનાં ગામોનાં લોકો વરસો થયાં એકે સ્વરે ઉચ્ચારી રહ્યાં હતાં કે લુકૅસ પૅલુકી અને વેન્ડુલ્કા પૅલુકી જેવી જોડ વિધિએ બીજી સરજી નથી. તેઓનો દુઃખાંત પ્રેમપ્રસંગ, વેન્ડુલ્કાની અજબ જેવી એકનિષ્ઠા અને બીજી જ સ્ત્રી જોડે જોતરાયેલા તેના પ્રેમીના વિષાદની વાતોથી ગામ આખું પરિચિત હતું. આ બંનેનો ફરી યોગ થવાનો પ્રસંગ આવ્યો જોઈ સહુ કોઈ હર્ષોત્ફુલ્લ બન્યું હતું. કોઈ મહોત્સવની માફક તેમના લગ્નની રાહ જોવાતી હતી. અને આમ છતાં આ વેરાગી આવી ગળે ન ઉતરે એવી વાતો ઉચ્ચારી રહ્યો હતો પણ થોડી જ વારમાં ગામ લોકોનાં મન સ્વસ્થ થયાં. તેઓ એક બીજા તરફ દૃષ્ટિ મારફત સંદેશ મોકલવા લાગ્યાઃ "આપણે કયાં

એને નથી ઓળખતા ? દરેક કામમાં ધૂળ મેળવવી એ તો એનો ધંધો જ છે."

પણ લુકૅસને સંતોષ ન વળ્યો અને તે વારે વારે તગાદો કરવા લાગ્યો: "તમો આ લગ્ન કરવાની સલાહ નથી આપતા તે કાંઈ કારણ તો હશે ને ? તમે શું એમ માનો છો કે હવે વેન્ડુલ્કા મને ઓછો ચાહે છે ?"

"એવી અક્કલ વિનાની વાત મ કર. એણે તો પોતાનાં આંખ અને હૃદય તારે કાજે જ ધાર્યાં છે એ તું કયાં નથી જાણતો ? જો તારી પત્નીનું અવસાન ન થયું હોત તો તેણે જીવનભર કૌમાર સેવ્યું હોત. ઘણાય રૂપાળા અને સારા સારા છોકરાઓનાં માગાં તો આવ્યાં હતાં પણ તેમાંના એકાદને માટે પણ જો હું એને પૂછવા ગયો હોત તો એણે મારી વાત સરખી યે સાંભળી ન હોત."

"અને કોઇનું માગું સ્વીકારાયા પછી તે જો મારા ઘર આગળથી ગયો હોત તો જીવતો ઘેર પણ ન પહોંચત એ પણ હું પ્રતિજ્ઞા ઉપર કહું છું." લુકૅસ એટલા તો ઝનુનથી બોલ્યો કે ડોસો તો ભયથી મરવા જેવો થઈ ગયો અને વળી પાછો તેને ગુસ્સો કરી પ્રભુનો દોષી ન થવાને વિનવવા લાગ્યો. ક્રોધથી

લુકૅસનો ચહેરો લાલચોળ થઈ ગયો હતો અને એ લાલીથી તેનું મુખ કોઈ અપૂર્વ શોભા ધારણ કરતું હતું. લુકૅસ મઝાનો આદમી હતો. આખી દુનિયા જાણે એની પોતાની હોય એવો ભાવ એનાં વર્તનમાં તરવરી આવતો.

“ એણે જેવી રીતે મારા ઉપરનો પ્રેમ ઓછો ન હતો કર્યો તેમ મેં પણ એને કદી મારા હૃદયમાંથી દૂર નથી કરી. ” બુઢ્ઢાની વિનવણીઓને ન ગણકારતો વિધુર ગર્જ્યો. લગ્નવિધિ પ્રસંગે વાજીંત્રોમાંથી મારે કાને તો માત્ર રૂદનસ્વર જ આવ્યો હતો. હું તો કન્યાને અને પુરોહિતને ચૉરી આગળ જ છોડી વેન્ડુલ્કાની પાસે દોડી જઈ તેને છાતી સરસી ચાંપવાની અણી ઉપર આવી ગયો હતો. પછી કોઇ મને જીવ છતાં તેનાથી વિખુટો પાડી શકે એમ નહતું. આ અંતર્દાહ મેં કાંઈ કન્યાને માટે નહતો સ્વીકાર્યો. તેને તો હું ધિક્કારતો હતો. તે જાણતી હતી કે હું તેને ધિક્કારૂં છું, હું બીજીને ચાહું છું, છતાં તેણે મને જ પરણવાની હઠ લીધી અને મારાં માબાપની સંમતિ મેળવી ત્યારે જંપી. હું તો માત્ર મારાં ઘરડાં માબાપ તરફ જોઈને પરણ્યો હતો. પુત્ર તેમનું કહ્યું ન માને એ અપમાન જ તેમને કદાચ મરણથી અધિક થઈ પડત. ”

“ શાંતિધામમાં પહોચેલાંઓને વળી શા માટે અહીં

તાણી લાવે છે? મેં તને કહ્યું તો ખરૂં કે તારી વિરૂદ્ધ મારે કશું જ કહેવાપણું નથી. તું તો બહુ જ કહ્યાગરો અને માયાળુ છે. પણ આ તો તેં બહુ દબાણ કર્યું ત્યારે મારા મનની વાત કહેવી પડી, કે જેથી જ્યારે તને પણ મારી વાત ખરી લાગે ત્યારે ઠપકો મારે શિર ન આવે. પણ હવે એ બધી વાત જવા દે. કામની વાત પર આવ. હું મારી પુત્રીને હજાર ફ્લોરિન આપીશ. જ્યારે તું એને વેદી આગળ લઈ જશે ત્યારે—તે જ ક્ષણે આ જ ટેબલ પર હું તને હજાર કલદાર ગણી દઈશ. વળી એને છાજે એવાં વસ્ત્રાભૂષણ પણ હું એને આપીશ. આટલાથી જો તને સંતોષ થતો હોય તો લાવ તારો હાથ." એમ કહીને વૃદ્ધ પૅલુકીએ લુકૅસ તરફ હાથ લંબાવ્યો.

વિધુરે મનમાં આનાકાની કરતાં કરતાં વૃદ્ધનો હાથ સ્વીકાર્યો અને કહ્યું: "મારે કોઈ જાતની શરત નહતી જોઈતી. તમો તમારી પુત્રીને કાંઈ આપો ન આપો તે સાથે મારે કશી નિસબત નથી. હું માત્ર તમારી પુત્રીની જ માગણી કરૂં છું. એટલી માગણી પૂરી થાય એટલે હું તો જગ જીત્યો. તમો હજાર દામ આપો એનાં કરતાં તમે પેલું કટુ વેણ જ ન ઉચ્ચાર્યું હોત તો જ સારૂં થાત. તે મારાં અંતરમાં

શૂળ સમું સાલે છે. અને તમો એમ ન માનશો કે જ્યાં સુધી તમે આ લગ્નને શા માટે ખુશ દિલથી સંમતિ નથી આપતા તે વાત મને જણાવો ત્યાં સુધી હું તમને જંપવા દઈશ. ”

ખરા દર્દથી બોલાયેલા આ શબ્દોની અસર ભાવિ શ્વસુરના હૃદય ઉપર થયા વિના રહી નહિ.

“ વારૂ, બાપુ ! ” ક્રોધનો નવો જ્વાલામુખી ફાટી નીકળવાના ભયથી કંપતાં છતાં એક સાદી સીધી વિનંતિ પૂર્ણ કરવાના ઈરાદાથી વૃદ્ધ બોલ્યો: “ તારે મારા મનની ખરી વાત જાણવી જ છે ? મને ભય રહે છે કે તમારાં લગ્ન ઉપર આશીર્વાદ નહિ ઉતરે.”

“ આશીર્વાદ નહિ ઉતરે ! શું તમો પણ મારાં માતપિતાની માફક એવું જ ધારો છો ? ”

“ હા યે ખરી અને ના યે ખરી. તમો બંને એક જ કુટુંબનાં છો એ સામે તો મારો વિરોધ છે જ નહિ કારણ કે ધર્મમાં એવાં લગ્નનો નિષેધ નથી. પરંતુ મને બીક લાગે છે એ તો તમારા એકસરખા સ્વભાવની. વેન્ડુલ્કા જે વાત હાથ ધરી તે પ્રલય થાય તો પણ મૂકે એવી નથી. અને તું પણ ધીરજનો ભંડાર છે એમ કાંઇ નથી. આથી જ્યારે તમો બંને સામસામે ભચકાવ ત્યારે તમને ભાન પણ ન

રહે કે તમો કયાં વસો છો. ત્યારે સ્થિતિ બહુ જ કફોડી થશે. ખરૂં કહું છું. તેં બધું ય મારે મોઢે કહેવડાવ્યું. લે. હવે તો મને જંપવા દે. આ જોને મારે કપાળે તો પરસેવાના રેલા ચાલે છે. હવે બહુ થયું. હવે મને સુખે પરભવની તૈયારી કરવા દે. હવે તારે કોઈ પણ જાતની ફરિયાદ લઈને મારી પાસે નહિ આવવું. તમને બેને જો ન બને તો યે મને કાંઈ કહેવા ન આવતો. અત્યારે જેમ તને મારૂં બોલવું નથી ગમતું તેમ તે વખતે મને પણ તારૂં બોલવું નહિ ગમે. તમારા ઝઘડાઓ લઈ ને મારી પાસે ન આવશો. મારાં દ્વાર તમારે માટે હવે બંધ થયાં જાણજો. હવે તમે જાણો!"

વૃદ્ધ પૅલુકી પોતાનાં છેલ્લાં વચનો એવાં તો ભારપૂર્વક બોલ્યો કે આસપાસ ઉભેલાઓને ખાત્રી થઈ કે તે ખરેખરૂં જ કહે છે. તે એટલો તો સાવચેત હતો કે ભાગ્યે જ પોતાની જાતને કોઈ પણ વચનથી બંધાવા દેતો. પણ આજનાં એનાં વચનોથી સહુ કોઈની ખાત્રી થઈ કે સ્વયં ભગવાન પણ એને હવે ફેરવી શકે એમ નથી.

લુકૅસ ક્રોધથી ભભુકી ઉઠવાની જે ધાસ્તી એણે રાખી હતી તે ખોટી હતી. તે તો ખુલ્લા દિલથી

હસતો હતો અને બીજાઓ પણ તેનું જ અનુકરણ કરતા હતા. બધાને એમ જ લાગ્યું કે પોતાની વાત ઠસાવવાની ડોસાની આ જ રીત હતી.

"તમારી જો મરજી હોય તો હું લખાણ કરી આપવાને. પણ તૈયાર છું કે અમો બે વચ્ચે ઝઘડો થાય તો તેની ખબર તમારે કાને ન આવે." ઉત્સાહમાં આવીને લુકૅસે કહ્યું.

પોતે વેન્ડુલ્કા સાથે કજીઓ કરે એ વિચાર જ લુકૅસને બિલકુલ હાસ્યાસ્પદ લાગ્યો. ડોસો ચાર ડોળે પુત્રીની ચોકી કરતો હતો તે સામે વિરોધ દર્શાવવા કેટલીય વાર તેણે ગામના જુવાનીઆઓને ડોસા વિરૂદ્ધ ઉશ્કેર્યા હતા અને તેનાં છાપરાં ઉપર મોટા મોટા પત્થરો ફેંકાવ્યા હતા. પોતે બીજી સ્ત્રીને પરણ્યો હતો છતાં પણ જેનું રટણ તેના હૈયામાં આઠે પહોર ચાલતું હતું, અને જેણે લુકૅસ જોડે લગ્ન થવાની બિલકુલ આશા ન હોવા છતાં તેના વિના બીજા કોઇનો પણ સ્વીકાર કરવાની ના પાડી હતી તે વેન્ડુલ્કાની સાથે લુકૅસ ઝઘડો કરે ?

પૅલુકીનું ઉપનામ નિરર્થક ન હતું મળ્યું. તે એને યોગ્ય જ હતો. આ પ્રસંગે પણ તેને વિષાદ અને ઉદાસીનતામાં ડુબવા કારણ મળશે એમ કોણ કલ્પી શકે ?

હાસ્યથી ઉભરાઈ જતો અણુવર કન્યાને તેડી લાવવા ઉપડી ગયો.

વરને ઘરમાં આવતો જોઇને જ સભ્ય રિવાજ પ્રમાણે વેન્ડુલ્કા તો સંતાઈ ગઈ હતી. અણુવર તેને વર પાસે લઈ જવાને આવ્યો અને તેને બધી વાત કહી સંભળાવી ત્યાંસુધી તે પોતાના શયનગૃહમાં જ બેસી રહી.

વેન્ડુલ્કાએ અણુવરની સાથે ખંડમાં પ્રવેશ કર્યો. પોતાની ભાવિ પત્નીને જોતાં વેંત જ લુકૅસ ઉત્તેજનાથી એકદમ ફિક્કો પડી ગયો. 'લુકૅસ' કહીને વેન્ડુલ્કાએ પોતાનો હાથ લંબાવ્યો. તેની આંખમાંથી તો અશ્રુધારા ચાલી રહી હતી. લુકૅસે લુબ્ધની માફક તેનો હાથ પકડી લીધો અને હૈયા સરસો દાબ્યો.

" લુકૅસ, તું માને કે ન માને પણ મને તો લાગે છે કે આપણે આટલે ભોગે ભેગાં મળ્યાં તેના કરતાં તો ન જ મળ્યાં હોત તો સારૂં થાત. કદાચ એમ પણ હોય કે હું આખા વખત તે બિચારીને વિષે બહુ જ કઠોરતાભર્યા વિચારો કરતી રહેતી હતી અને તેને તારી સોડમાં જોઈ મારા હૈયામાં ઇર્ષ્યા ભડભડતી હતી તેથી જ તેનું અવસાન નિપજ્યું હોય. પિતાજીએ મને બહુ બહુ સમજાવી કે પ્રભુ તો પોતાનું

કાર્ય માણસોની ઇચ્છાને ગણકાર્યા વિના કર્યે જ જાય છે અને મારા બધા વિચારો મૂર્ખાઇ ભરેલા છે, છતાં મારી ભાવનાએ તેને કદાચ હાનિ પહોંચાડી હશે એ વિચાર મારા મનમાંથી જરાય ખસતો નથી. તે મૃત્યુઘંટા કોનું અવસાન સૂચવતી હતી તેની મને ખબર પડી ત્યારથી મારાં આંસુ સૂકાયાં જ નથી. ”

લુકૅસે રડતી કન્યાને સાંત્વન આપવાનો પ્રયત્ન કર્યો પણ તેની પોતાની જ આંખોમાં આંસુ ભરાઈ ગયાં હતાં.

આ બંનેને આમ એકબીજાનો હાથ ઝાલીને સજલ નેત્રે ઉભેલાં જોઈ સહુ કોઈને એમ લાગ્યા વિના ન રહે કે એઓ પરસ્પરને માટે જ સરજાયાં છે. બંને ઊંચા કદનાં અને ભરાવદાર બાંધાનાં હતાં. બંનેની આંખો ખંજનશી ચંચળ અને કેશ કાજળશા કાળા અને ગુંછળાંવાળા હતા—એમ જ લાગે કે તેઓનો મીલન-લેખ વિધિએ તેમના લલાટ ઉપર લખી જ રાખ્યો છે.

લુકૅસને લાગણીથી મૂક બનેલો જોઈ બનેવીએ વાત આગળ ધપાવી: “જો તમને એની સદ્ગત પત્ની માટે બહુ લાગતું હોય તો તમો તેના બાળક પ્રતિ માયાળુ વર્તન રાખજો. તમને ખબર તો હશે જ કે આજ સુધી મારી સ્ત્રી એનું ઘર ચલાવતી આવી છે. પણ

તે તે ક્યાં સુધી ચલાવશે ? અમે પણ ખબરવાળ છીએ. એકાદ અઠવાડીઆમાં જ જો તમારાં લગ્ન થઈ જાય એમ હોત તો તો હું તમને કશું જ કહેત નહિ. પણ તમે બંને કુટુંબીઓ હોઈ તમારે બિશપની પરવાનગીની રાહ જોવી પડશે અને એમાં બેએક માસ વીતી જવાનો સંભવ છે. એટલા માટે જ હું તમને કહું છું કે તમારે તરત જ લુકૅસના ઘરને સંભાળી લેવું. એમ થાય તો એને કોઈ અપરિચિતને ઘરમાં રાખવું ન પડે અને વળી પરાયું માણસ છોકરાંની શી સંભાળ લે ?"

અણુવર બોલતો હતો એ દરમ્યાન વેન્કુલ્કા ધીમે ધીમે શાંત થઈ ગઈ હતી.

"તમે શા માટે એ વિષે આટલું બધું બોલો છો ?" તેણે જવાબ આપ્યો. "મારા પતિના ઘરને અને તેનાં નમાયાં સંતાનને પારકાના હાથમાં સોંપું તો લુકૅસ પોતે અને તમારા જેવા બીજા લોકો પણ મારે વિષે શું ધારે ?" ઠપકાભર્યા સ્વરે તે બોલી, "તેની ભીડની વખતે જો હું તેને મદદ કરવામાં ઢીલ કરૂં તો હું કેવી સ્ત્રી ગણાઉં ? કોઇ પણ છોકરી આવી વાતનો અસ્વીકાર કરે તો મારે તેને કેવી જાણવી એ મને પોતાને જ સમજાતું નથી. હું તો તેના પ્રણયીને

તેની સાથે લગ્ન ન જ કરવાની સલાહ આપું. એવી છોકરીઓનાં મનમાં પતિ પ્રતિ ભક્તિ કે માનવભાવ હોય જ નહિ. જરૂર હું લુકૅસનું ઘર જેમ બને તેમ જલદીથી સંભાળી લઈશ અને તમારાં પત્નીને છૂટાં કરીશ."

સહુએ વેન્ડુલ્કાના ઉત્સાહભર્યાં વચનોને વધાવી લીધાં. કોઈને પણ અણુવરની વિનંતિમાં જરા ય અજુગતું ન લાગ્યું અને કન્યાએ તે સ્વીકારી તેમાં પણ કોઈને કશો વાંધો ન લાગ્યો. પણ ઉલટું જો તેણે તેનો અસ્વીકાર કર્યો હોત તો તેઓને ખોટું લાગત અને તેને તેઓ ઠપકો પણ આપત. સામાન્ય રીતે રિવાજ તો એવો છે કે લગ્નને થોડાં અઠવાડીઆં વીત્યા બાદ જ કન્યા પોતાને સાસરે રહેવા જાય છે—જો બધી રીતે અનુકૂળતા હોય તો; પણ કાંઈ ખાસ અડચણ ઉભી થઈ હોય તો તે પહેલાં પણ કન્યા સાસરે જાય છે. ટુંકમાં વાક્દાન થયું એટલે કન્યા સાસરાંને જ પોતાનું ઘર ગણતી થઈ જાય છે.

સહુકોએ ભવિષ્ય ભાખ્યું હતું કે વેન્ડુલ્કા વિવાહ થતાંની સાથે જ પોતાના પતિનું ઘર સંભાળવાને માટે ઉપડી જશે. લુકૅસની પહેલી પત્ની બહુ સારી ઘરરખુ ન હતી અને તે આમ એકાએક મરી ગઈ એટલે

ઘરમાં સર્વત્ર અવ્યવસ્થા પ્રવર્તતી હતી. વેન્ડુલ્કા ક્યારે આ બધું વ્યવસ્થિત કરે એની જ સહુ રાહ જોઈ રહ્યાં હતાં એટલે અણુવરની વાત તદ્દન સ્વાભાવિક અને આવશ્યક જ ગણાઈ.

આ બધી બાબતમાં સૌથી વધુ ઉદાસીન વૃત્તિ સેવનાર કન્યાનો બાપ હતો. તેને આવી ક્ષુલ્લક વાતોની જરાય પરવા ન હતી. છોકરી અને તેનો ધણી ફાવે એમ ફોડી લે. તેને મન તો પોતાની પુત્રી હવે પારકી થઈ ગયેલી હતી. હવે તો તે ક્યારે આ અશ્રુપ્લાવિત વિશ્વમાંથી સુખમય પ્રદેશમાં પ્રયાણ થશે તેનો જ વિચાર કરતો હતો. પોતાની પુત્રીના જવાથી હવે તેની શાંત સાધનામાં કોઈ પણ બાધા ન આવે એવી તેને ખાત્રી થતાં નું તેમન જરા ઉલ્લાસ પામ્યું.

વેન્ડુલ્કા અને લુકૅસ પરસ્પર સંમત થયાં એટલે બુઢ્ઢાએ ભોજનને માટે હુકમ આપ્યો–લોકો વાત તો ન કરે કે પુત્રીના વિવાહ પ્રસંગે અતિથિઓને મીઠું મ્હોં પણ ન કરાવ્યું. અતિથિઓને ખાવા માટે આગ્રહ કરવો પડે એમ ન હતું. તેઓએ તો જાતે જ એક બીજાંની તંદુરસ્તી ઇચ્છી પ્યાલીઓ ગટગટાવી.

લુકૅસનું મન ખાનપાનમાં ન હતું. તેની આંખો તો તેની પ્રિયતમાને શોધતી હતી. તેણે ભોજન

સમયે પ્રધાન સ્થાનનો સ્વીકાર કર્યો ત્યારથી જ વેન્ડુલ્કા અદૃશ્ય થઈ ગઈ હતી. ફરી દેખાઈ જ નહિ. કોઈ હસી કાઢે એ ભયે તે કોઈને પૂછી પણ ન શક્યો. પણ તેની ગેરહાજરી તેને બહુ સાલવા લાગી અને મિજબાનીમાં તેને રસ ન પડ્યો. સાંજ પડતાં પોતાના બનેવીને ઉઠવાની તૈયારી કરતો જોઈ તે એકદમ કૂદી પડ્યો અને કોઈની પરવા કર્યા વિના લાંબી લાંબી ફાળો નાખતો પોતાની પ્રિયતમાની શોધમાં રવેશમાં ગયો.

તે એક દાસીની પાસે પહોંચી ગયો અને તેને પૂછ્યું. પેલીના તો આશ્ચર્યથી ડોળા જ ફાટી ગયા. તેને બહેરી ધારીને તેણે ફરી વાર પ્રશ્ન કર્યો. આખરે તેને જવાબ મળ્યો:

"તે તો ક્યારની ય ઉપડી ગઈ છે."

"ક્યાં?" પોતાના પ્રશ્નથી દાસીને જેટલું આશ્ચર્ય થયું હતું તેટલું જ આશ્ચર્ય પામીને લુકૅસે પૂછ્યું.

"તે વળી ક્યાં જવાની હતી?" મ્હોં વકાશીને દાસી બોલી, "તમારે ઘેર. જ્યારે હું બીર લેવા માટે ગઈ ત્યારે તે પોતાનાં વસ્ત્રો બાંધતી હતી અને હું પાછી આવતી હતી ત્યારે તે મને તમારાં ઘર આગળ મળી."

દઢતાની બાબતમાં લુકૅસ વેન્ડુલ્કાને હાથે હાર પામવા નહતો માગતો. આખે રસ્તે બૂમો પાડતો તે એકદમ ઘેર દોડયો અને હાંફતો હાંફતો ઓરડામાં દાખલ થયો. તેણે પોતાની પ્રિયતમાને પોતાનાં નમાયાં બાળકનાં પારણાં પાસે બેઠેલી જોઈ. અણુવર તેને વર પાસે લાવ્યો અને તે બંનેની દષ્ટોદષ્ટ મળી તે વખતની માફક અત્યારે પણ તે ચોધાર આંસુએ રડતી હતી.

પોતાનાં અસીમ સુખના આવેશથી તેના ભાવમાં વિક્ષેપ કરવાની લુકૅસની હિંમત ચાલી નહિ. તે પોતાની પાસે જ છે એટલું જાણીને જ સંતોષ માની તેના શાંત પડવાની રાહ જોતો તે બારીએ ઉભો. દિગંત પર વૃક્ષરાજિની પાછળ સૂર્ય અસ્ત પામતો હતો. સારૂં ય વિશ્વ જાણે સોને રસ્યું હતું. પશ્ચિમાકાશમાં લાલીનો ધોધ ફાટયો હતો અને બધું અનલોદધિની માફક ઝળહળી રહ્યું હતું.

સૃષ્ટિનું આ સૌન્દર્ય અને આ ભવ્યતા લુકૅસને અવર્ણનીય લાગ્યાં. પોતે જાણે કોઇ આજીવન વ્યાપનાર મહોત્સવનો આરંભ નિહાળી રહ્યો હોય એવાં સુખસ્વપ્નો તે જોતો હતો.

એમ તો સૂર્યે ઘણીવાર એટલી શોભા અને વૈભવ

સાથે અસ્તાચળ પ્રતિ પ્રયાણ કર્યું હશે પણ તે વખતે લુકૅસને બધું જ શોકની છાયાથી ઢંકાયેલું લાગતું હતું.

ધીમે ધીમે વેન્ડુલ્કા સ્વસ્થ થઈ અને ઊંઘતાં બાલકની પાસેથી ઉઠી. લુકૅસે પણ બારીએથી ફરીને પાછું જોયું. રવેશમાં પ્રવર્તતી આદર્શ સ્વચ્છતા અને વ્યવસ્થાએ તરત જ તેનું ધ્યાન ખેંચ્યું. વેન્ડુલ્કાએ પોતાના ભાવિ પતિના ઘરમાં પગ મૂકતાંની સાથે જ તેને પોતાનું કરી લીધું. વેન્ડુલ્કાએ નોકરોને જમાડીને બધું પાછું વ્યવસ્થિત કરી મૂકયું હતું. એ જોઇને લુકૅસને લાગ્યું કે આ બાબતમાં તે બંને વચ્ચે જબરૂં ઐક્ય છે. નોકરોને તેમનું ભોજન વખતસર અને યોગ્ય રીતે મળે એવી લુકૅસની પણ આંતરિક ઇચ્છા હતી. તેની પહેલી પત્નીએ કેટલી યે વાર આમાં ત્રુટિ કરીને તેને પજવ્યો હતો. પણ હવે તેને લાગ્યું કે આજથી તેના ઘરમાં નવું જ ચેતન, નવું જ જીવન વિલસશે. અને આમ છતાં પેલો ઘરડો વેરાગી કહેતો હતો કે એ બંનેના સ્વભાવનો મેળ ખાશે નહિ ! તેઓના સ્વભાવમાં આટલું બધું સામ્ય છે એટલે તો તેઓ એકબીજાને વધુ સારી રીતે સમજી શકશે.

વેન્ડુલ્કા પોતાની પાસે આવશે એવી લુકૅસે આશા

રાખી હતી. તેના લાગણીઓ ઉત્તેજિત થયેલી હોવાથી રખેને તેનું માથું વળી ફરી જાય એ ભયથી તે તેની પાસે જતાં આનાકાની કરવા લાગ્યો. વેન્ફુલ્કા ચૂલા પાસે પડેલા રેંટીઆ અને તેની ત્રાકો તપાસતી હતી અને જોતી હતી કે નોકરડીઓ પૂરતી સંભાળ રાખે છે કે નહિ. આથી થોડી વાર થોભીને તે તેની પાસે ગયો અને ચૂલા પાસે ટૂલ પર બેઠો બેઠો પ્રેમપૂર્ણ હૃદયે પોતાની સુંદર વલ્લભાને નિહાળવા લાગ્યો. બપોરની માફક અત્યારે પણ લાગણીઓ ઉત્તેજિત થવાને લીધે તેની જીભ જડાઈ ગઈ. તેણે પણ મૌન જ સેવી રેંટીઆમાં જ પોતાનું મન પરોવ્યું.

લાગણીથી રૂંધાયેલા કંઠે આખરે લુકેસે શરૂઆત કરીઃ "મારા ઉપર તું આટલી બધી માયા રાખે છે એ બહુ સારી વાત છે."

વેન્ફુલ્કા આશ્ચર્યચકિત નયને તેના તરફ જોઈ રહી. નિર્દોષ બાળક અને તેની સદ્‌ગત માતાના વિચારોથી તેનું મન જો આળું ન થઈ ગયું હોત તો આ શબ્દો સાંભળીને તે ખડખડાટ હસી પડત.

"એ તે કાંઈ નવી વાત છે કે તું આમ મારાં વખાણ કરવા બેઠો?"

"ના, એ નવું તો નથી જ. હું તો એટલું જ કહેવા માગતો હતો કે જો તું દૃઢ ન રહી હોત તો આપણે એ કદી ભેગાં ન થઈ શક્યાં હોત."

"એ તો ખરૂં જ" તેણે સંમતિ દર્શાવતાં કહ્યું, "આપણે સારે નસીબે બધું સીધે સીધું પાર ઉતર્યું. પણ તારી મૃત પત્નીને એ માટે ભોગવવું પડ્યું. એકનો જીવ જાય અને બીજાને મન હસવું થાય એ તો વિશ્વનો ક્રૂર નિયમ જ છે. છતાં તેણે તારી સોડ છોડી મારે માટે જે કર્યું છે તેનો બદલો હું તેનાં બાળકની સેવા કરીને વાળી દઇશ. તું રવેશમાં આવ્યો તેની સહેજ પહેલાં જ મેં તેને વચન આપ્યું હતું કે તેનાં બાળકનો એક વાળ પણ વાંકો થવા દેવા કરતાં તો મારો હાથ જ ઉડી જાય એ હું વધુ પસંદ કરૂં છું. જ્યારે તે બાળકને મળવા આવશે ત્યારે તેને ખબર પડશે કે મેં મારૂં વચન સંપૂર્ણ રીતે પાળ્યું છે. તેને એક પણ વાર એનાં વસ્ત્રો ન બદલવાં પડે કે એનું બિછાનું યે ન બિછાવવું પડે. બાળક જાણે જળમાં ઉગેલાં પદ્મની માફક એમ જ ઉગી નીકળ્યું છે એમ લાગશે! દરરોજ રાત્રે હું તેના આવવાની રાહ જોઈશ. પારણાંની આસપાસ હું રાખ ચાળી મૂકીશ કે જેથી તેનાં પગલાં હું જોઈ

શકું. કહે છે કે પ્રેતો પણ પગલાં તો પાડે જ છે; બહુ જ હળવાં હોય છે એટલે એકાએક દેખાતાં નથી, એટલું જ. તું એ જાણે છે કે નહિ ?"

લુકૅસે માથું તો હલાવ્યું પણ તેને ખબર ન હતી કે શી વાતમાં તે હા પાડે છે, અથવા તો વેન્ડુલ્કા તેને શી વાત કહી રહી છે; જો કે તેની આંખો તો વેન્ડુલ્કાના ઓઠો ઉપર જ ઠરેલી હતી. પણ તે કાંઈ તેના ઉચ્ચારેલા શબ્દો ઝીલવા માટે ન્હોતો મીટ માંડી રહ્યો. પણ ઓષ્ઠો બહુ જ સુંદર લાલીયુક્ત પકવબિંબશા હતા માટે તેની આંખો લુબ્ધ થઈ હતી. જ્યારે એ વેન્ડુલ્કાને મળવા માટે મહા ધુમસ્કાનો મચાવતો હતો ત્યારના કરતાં તો વેન્ડુલ્કાનું સૌન્દર્ય દશ ગણું વધી ગયું હતું.

ના. એ તો બને જ નહિ. આમ માત્ર ઓષ્ઠ-દર્શનથી તે લુકૅસને કેમ સંતોષ વળે ? તે કેટલા ઉષ્મ અને મધુર છે તેનો પણ તેણે અનુભવ કરવો જ જોઇએ.

અને એ શું કરે છે એ પણ વેન્ડુલ્કા સમજી શકે તે પહેલાં તો એણે કૂદીને તેને બાથમાં લીધી અને તેના લાલ અધર ઉપર પોતાનું મુખ એટલું તો જોરથી દાબ્યું કે લોહી નીકળવું જ બાકી રહ્યું.

આશ્ચર્ય અને ક્રોધથી ઝબકી ઉઠી લેન્ડુલ્કા પોતે છૂટી થઈ ગઈ અને પોતાની બધી ય શક્તિથી તેને હડસેલી મૂક્યો. લુકૅસે આવું નહતું ધાર્યું. અચાનક ધક્કો આવવાથી તે પાછળ લથડયો.

"શરમ નથી આવતી, જરા...થઈ ને–!" તે પાછી ફરી અને જાણે સંધ્યાકાશનું પ્રતિબિમ્બ તેનાં મુખ ઉપર પડયું હોય તેમ તે એકદમ લાલ થઈ ગયું.

"બાપ રે! એક ચુંબનને માટે આ તે શી ધમાલ! આ જાણે પહેલી જ વાર તને ચુંબન કરતો ન હોઉં!" લુકૅસે તેને ઠંડી પાડવાનો પ્રયત્ન કર્યો, પણ અપરાધ ફરી કરવાનો તેનો ઇરાદો દૂર થયો હોય એવાં ચિહ્નો કાંઈ જણાયાં નહિ.

"હું એમ નથી કહેતી કે આ પહેલી જ વાર તું ચુંબન કરવા આવે છે પણ પહેલાં તો તું સ્વતંત્ર હતો. અને જો હું વાંધો ન લઉં તો કોઇને લાગે વળગે એમ ન હતું. પણ હમણાં તો હજી તારા ઉપર તારી મૃત પત્નીનો અધિકાર છે."

પણ લુકૅસ કાંઈ આ સાંભળે એમ ન હતું. તેણે આ વચનો સામે વિરોધ દર્શાવ્યો. "ના, ના. અંત્યેષ્ટિ સંસ્કાર થયા ત્યારથી તે આજે છેક છેલ્લી વિધિ થઈ ત્યાં સુધી મેં મારી સ્ત્રીને માટે યથાવિધિ

શોક પાળ્યો છે. આ બધા દિવસો દરમ્યાન એક વાર પણ તારૂં નામ સરખું યે લીધું નથી અને માર્ટિન્કા સાથે હું શું કરવા ધારૂં છું એ તને જણાવ્યું ત્યાં સુધી તને જોઈ પણ ન હતી. આજે બપોરે જ હોટલમાં મેં તેને વિષેનો મારો બધો શોક સહુ દેખતાં દારૂની રેલમાં વહેવડાવી દીધો છે. ત્યાં જ તે અધ્યાય તો પૂરો થઈ ગયો. તારે જેને પૂછવું હોય તેને પૂછ. સૌ કોઇ કહેશે કે મારામાં અને કુંવારા યુવાનમાં જરાય ફેર નથી. "

" મારે શું કરવું, શું ન કરવું એ બાબત હું બીજાને પૂછવા નથી જતી, અને કોઈએ મને કહેવું પણ નહિ. કારણ કે હું મારા પોતાના મનની વાત સારી રીતે સમજું છું. હું કહી દઉં છું કે હજી જ્યાં તારી મૃત પત્નીની ભોંય પણ સૂકાઇ નથી, તે તારા ઘરમાં મારી સાથે કોઈ પ્રેમચેષ્ટા કરે એ મને ન ફાવે. આખી દુનિયા મને ખોટી કહે તો યે મને તેની પરવા નથી. આપણે બંને પરણ્યા પછી આપણો પરસ્પરની ઉપર અધિકાર જામશે અને તેને ખોટું લગાડવાનું રહેશે નહિ. તે વખતે એ પ્રેમચેષ્ટાઓ માટે પૂરતો અવકાશ રહેશે. "

" ત્રણ વરસ પહેલાં જ્યારે હું તારે માટે ગામ

બધું માથે લેતો હતો ત્યારના કરતાં અત્યારે તું દશ ગણી વધારે સુંદર બની છે એ વાત ખરી, પણ ત્યારે તું આજના કરતાં દશ ગણી વધુ અનુકૂળ હતી. તું એસ્પન વૃક્ષ નીચે મારી રાહ જોતી ઉભી રહેતી, હું સંધ્યાકાળે ઝરણાં પાસેની વિલ્લોની ઘટામાં થઈને તારી વાડીમાં છાનોમાનો આવતો, ત્યારે તું આનંદનાં પોકાર કરતી તેનો તો જરા વિચાર કર. ત્યારે તો તું આનંદભેર મારી બાથમાં ધસી આવતી. આટલી બધી લજ્જા આમ એકાએક ક્યાંથી આવી ભરાઈ ?"

આ બધી કુંજ–મીલનની સ્મૃતિ તાજી થતાં વેન્ડુલ્કાએ સ્મિત ફરકવા દીધું ખરૂં, પણ તેના ઠપકાને તો તેણે સાંભળ્યો સરખો યે નહિ અને કોઇ પણ કારણસર બીજી વાર ચુંબન કરવા દેવાની ના પાડી. અને જ્યારે તેણે તેના ગળામાં ઓચિંતો જ હાથ નાખ્યો ત્યારે તો ગુસ્સો અજબ વધી ગયો. તેને આમ ધુરકીયાં કરતી અને ન જંપવા દેવામાં આવે તો ખોટાં પરિણામો આવવાની ધમકી દેતી જોઈ કોઈને પણ આશ્ચર્ય થયા વિના ન રહે. પણ જ્યારે તે છૂટો ન જ પડયો અને તેને પજવવાનું તેણે ચાલુ જ રાખ્યું, ત્યારે તેણે તેને પકડયો અને શું થાય છે એની કલ્પના પણ તેને આવે તે પહેલાં તો તેને

સ્વેશ બહાર કાઢી મૂક્યો અને બારણે આગળો મારી દીધો, તથા બારણાં સામે ટેબલ ગોઠવી દીધું કે ફરી આવી જ ન શકે.

* *

પોતે આકાશમાંથી તૂટી પડયો હોય એમ લુકૅસ ઘણો વખત સુધી બહાર અંધારામાં ઉભો રહ્યો. પ્રેમની પાંખોએ ચઢી તે જ્યારે વેન્ડુલ્કાની પૂંઠે દોડી આવ્યો હતો ત્યારે સંધ્યાચિત્ર તેણે આવું ન હતું કલ્પ્યું. પણ તેણે પોતાના હૃદયમાં જાગતા ભાવોને દબાવી દીધા. આ બધું માત્ર જરા વધી ગયેલ ઠઠ્ઠા મશ્કરી હોય એમ હસી કાઢવાનો તેણે પ્રયત્ન કર્યો. પોતાના ભાવિ પતિ સાથે આમ મશ્કરી કરવાનો અધિકાર પત્નીને નહિ તો કોને હોય? તેને જરા પજવવાનો અને ચિઢવવાનો તો તેનો હક્ક છે જ.

એમ વિચારી લુકૅસ ફરી દાખલ થવાનો પ્રયત્ન કર્યા વિના તે ઓરડા આગળથી ચાલ્યો ગયો. નોકરો સાથે તેણે ખુશ દિલથી વાતો કરી-જાણે તે પોતાની ઇચ્છાથી જ તેની આડે ન આવવા માટે બહાર નીકળી આવ્યો ન હોય! નવ ગૃહિણીનાં વખાણ અને એવાં સરસ શેઠાણી મળવા માટે શેઠને અને તેમને પોતાને આપેલાં અભિનંદનનો તેણે હસતે

મુખે સ્વીકાર કર્યો. ઉંઘનો સમય થતાં જ તે નોકરોની સાથે ઘાસ ભરવાને માળીએ જઇને સૂઇ ગયો. તેની પત્નીના અવસાન પછીથી હમેશાં ત્યાં જ રાત્રિ ગાળવાનો તેને અભ્યાસ થઇ ગયો હતો.

*   *   *

તે સૂતો સૂતો વારેવારે પાસાં બદલવા લાગ્યો. તેને ચેન નહતું પડતું. આંખમાં ઉત્કટ પ્રેમ વિલસતો હોવા છતાં વચન અને વાણીમાં વેન્ડુલ્કાએ શા માટે આટલો બધો સંયમ જાળવ્યો હશે, શા માટે તેણે આટલી બધી લજ્જાતિશયતા દાખવી હશે એ તે સમજી નહતો શકતો. તેણે શું વિચાર્યું હશે? પુરુષોના સ્વભાવ પ્રમાણે લુકૅસ પણ હવે તેને પહેલાં જેટલી ચાહશે નહિ એવો તેને ભય લાગ્યો હશે? એટલા માટે જ તો તેણે ઓછું બોલવામાં અને દૂરને દૂર રહેવામાં જ ડહાપણ છે એમ માન્યું ન હોય? પણ લુકૅસ તેને જીવ જેવી ગણતો, તે તો તેની સત્યનિષ્ઠા અને સંપૂર્ણ અનુકૂળતાને લીધે જ. તેના પ્રત્યેક દષ્ટિપાત અને વચનમાં સચ્ચાઇ ભરેલી હતી એ જાણીને લુકૅસનો આનંદ માતો ન હતો. આખરે તેણે આ બાબત માથાઝીક ન કરવાનો અને તેનામાં આ એકાએક ફેરફાર કેમ થયો તે જાણવાનો પ્રયત્ન

પણ ન કરવાનો નિશ્ચય કર્યો. કદાચ વેન્ડુલકાને પોતાને જ પોતાના આચરણનો મર્મ નહિ સમજાતો હોય. સ્ત્રીઓ કેટલીકવાર અમુક જીદ પકડે છે અને જયારે પૂછીએ છીએ ત્યારે કાંઇ કારણ આપી શકતી નથી.

આ કાંઇ મોટી વાત ન હતી. એક ચુંબનમાં શું? આજે નહિ તો કાલે. તે તેને ઘેર તો આવી હતી અને હવે કોઇ દખલ કરી શકે કે તેને લઇ જઈ શકે એમ તો હતું જ નહિ.

"એનો વિચાર તો કાલે ફરી જશે. એ કાંઈ બહુ વાર ટકી શકે એમ નથી." એવો વિચાર કરી આશ્વાસન મેળવવા માટે લુકૅસે કુંજમિલનોની સ્મૃતિને તાજી કરી.

એ સુખમય સમય ફરીવાર આવવાનો છે એવી ખાત્રી થતાં તેણે પોતાના મગજમાંથી બીજા ઉદ્વેગકર વિચારોને કાઢી નાખ્યા અને નિદ્રા લેવા માટે પોપચાં બીડ્યાં. બરાબર એ જ ક્ષણે ત્રીજો મરઘો બોલ્યો અને દાસીઓને જાણ થઈ કે સૂર્યે પોતાની પુષ્પશય્યાનો ત્યાગ કર્યો છે અને પોતાનાં કામનો તગાદો કરતો નવો દિવસ આવીને ઉભો છે.

બીજે દિવસે તો વેન્ડુલ્કાનાં વિચારો ફેરવાઈ

જશે એમ માનવામાં લુકૅસે ભૂલ કરી હતી. બીજે દિવસે પણ તે તો તેને તે જ રહી અને ત્રીજે દિવસે પણ કાંઈ પરિવર્તનનાં ચિહ્નો જણાયાં નહિ. તે તો પોતાની વાતને દઢતાપૂર્વક વળગી જ રહી કે લગ્ન થયા પહેલાં ચુંબન કે બીજી કોઇ પણ પ્રેમચેષ્ટા ન જ થઇ શકે.' એમને બંનેને સુખી કરવા જેણે આ જગતનો ત્યાગ કર્યો તે બિચારીની ચિરશાંતિમાં શાને વિક્ષેપ નાંખવો ? તેને ટારવાનો બીજો શો ઉપાય હતો ? તેઓ તેને માનની દૃષ્ટિએ જોતાં હતાં અને તેનાં સ્મરણને મહા મૂલ્યનું માનતાં હતાં એ વાત સંયમના સેવનદ્વારા દર્શાવ્યા વિના તેના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવાનો બીજો માર્ગ જ ક્યાં હતો ?

લુકૅસ પ્રેમથી વેન્ડુલ્કા પાસેથી કશું જ ન કઢાવી શક્યો. તેના વિતંડાવાદથી તે તદ્દન કંટાળી ગયો. તેની દૃષ્ટિ વિરૂદ્ધ લુકૅસ ગમે તેટલું બોલે પણ તે સાંભળે જ કોણ ? તેની સાથે કડકાઇ ચલાવવાને તેનો જીવ નહતો ચાલતો, એટલે તેણે વિનવણીનો માર્ગ લીધો. હવે તેણે પ્રેમની પ્રમાણ–મુદ્રા તરીકે ચુંબનની માગણી કરવી છોડી દીધી. હવે તો તે માત્ર તેની અનુકૂળતાનાં ચિહ્ન તરીકે જ ચુંબન માગવા લાગ્યો.

ચુંબન

"લુકૅસ, તું કાંઇ હવે નાનો કીકલો નથી." તે તડુકી ઉઠી. "પુરુષમાં સ્ત્રી કરતાં તો જરા વધારે અક્કલ હોય; તું આટલું યે સમજતો કેમ નથી? હું તો હવે વાજ આવી ગઈ."

લુકૅસે બહુ યે કહ્યું, બહુ યે દલીલો કરી, બહુ યે વિનવણી કરી પણ સર્વ વૃથા. આખરે તેને વિચાર સૂઝયો કે પોતે તેના પ્રેમમાં ગાંડો બનેલો છે એમ માનીને તેની પ્રિયતમા તેને જાણી જોઇને આમ કનડે છે. તેને કદાચ આથી આનંદ મળતો હશે. કદાચ તે મનમાં મલકાતી હશે. વિચારતી હશે કે હું તારી સાથે ફાવે એમ વર્તી શકું છું. તું કાંઇ મારાથી દૂર ભાગી જાય એમ નથી. કેટલાંક માણસો અપ્રાપ્ત વસ્તુઓને બહુ કિંમતી સમજે છે અને તે મળે છે એટલે પછી તેની કાંઇ કિંમત જ રહેતી નથી. વેન્ડુલ્કાનું પણ કદાચ આવું જ હોય!

ધીમે ધીમે તેને વેન્ડુલ્કાના વર્તનથી ખોટું લાગવા માંડયું અને આઠ દિવસ થયા એટલે તેણે તેને સ્પષ્ટ રીતે કહી દીધું કે ત્રણ વરસ પહેલાં તે જેટલી માયાળુ હતી તેટલી તે હવે રહી લાગતી નથી.

પણ વેન્ડુલ્કા તેનું કહેવું સમજી જ ન હોય અથવા

તેના શબ્દો એક કાનેથી આવી બીજે કાનેથી ચાલ્યા ગયા હોય એવું કરતી અને કશો ચોક્કસ જવાબ જ દેતી નહિ. બીજી બધી રીતે તો તેની સાથે બહુ જ માયાળુ રીતે વર્તતી અને ઘરકામ એટલા તો આનંદથી કરતી કે સહુ કોને એમ જ લાગે કે તે જાણે સાતમા સ્વર્ગમાં વિહરે છે. તેનો ખીલેલો ચહેરો જોઇને જોનારમાં પણ સુખનો સંચાર થતો. લુકૅસ પણ આથી આનંદ પામતો. જ્યારે તે લુકૅસ તરફ મધુર દૃષ્ટિ નાખતી અને મંદહાસ્ય કરતી ત્યારે તે પણ જાણે સ્વર્ગસુખ અનુભવતો. પણ તે પ્રેમાનંદની વાતો કરવા તેની પાસે બેસતો કે તરત જ તેને કોઇ કામ યાદ આવતું અને તે તેની પાસેથી પલકમાં ઉડીને ચાલી જતી. તેને અટકાવવાનો વખત પણ લુકૅસને મળતો નહિ.

વેન્ડુલ્કાએ ઘર સંભાળી લીધું ને થોડા જ દિવસ થયા એટલામાં તો બધું નવું નવું દેખાવા લાગ્યું. ઘરનો એકેએક ખૂણો સુદ્ધાં સ્વચ્છ અને વ્યવસ્થિત બની ગયો. સવારથી સાંજ સુધી વેન્ડુલ્કા એટલી તો કામમાં દટાઈ રહેતી કે તેને વાત કરવાનો સમય ભાગ્યે જ મળતો. પણ પ્રેમ–મુગ્ધ લુકૅસને આ બધાં

કામની, ઘરની વ્યવસ્થાની અને તેમાં થયેલા ફેરફારોની કાંઇ પડી નહતી. તેને તો બસ તેનું ચુંબન જોઇતું હતું. બીજું બધું તે પડયું રહેવા દે તો યે વાંધો નહિ.

પ્રેમથી અને ધમકીઓથી પણ જ્યારે તેનો અર્થ ન સધાયો ત્યારે તેની ધીરજ ખૂટી. આખરે તે સ્વસ્થતા ગૂમાવી બેઠો અને વેન્ડુલ્કા સાથે કટુ વર્તન ચલાવવા લાગ્યો. એક દિવસ તો તેણે જમીન પર પગ પછાડયો—

" સાંભળ, વેન્ડુલ્કા, આપણે હવે ગમે તે એક નિકાલ કાઢવો જ જોઇએ. આ ધાંધલથી તો હું બિલકુલ કંટાળી ગયો છું." લુકૅસે યુદ્ધઘોષણા કરી. " પહેલાં કુંજઘટામાં તું મને જેવાં આલિંગન દેતી તેવું આલિંગન જો તું મને ઝટપટ ન દે તો પછી હું એવું કાંઇક કરી બેસીશ કે જે તને જરા ય ન ગમતું હોય. હું આજ ક્ષણે હોટલમાં ચાલ્યો જઈશ અને સૂર્યોદય પહેલાં પાછો આવીશ જ નહિ."

વેન્ડુલ્કાના ગાલે લોહી ભરાઇ આવ્યું. લુકૅસની ધમકીથી તે ગભરાઈ ગઇ હતી તે તો સ્પષ્ટ જ દેખી શકાતું હતું. તો પણ નમતું મેલવાનો તો તેને ખ્યાલ સરખો યે કદી ન આવે.

"આટલી ઉમ્મરે પણ જો તને અક્કલ ન આવી હોય તો જા ખુશીથી." તેણે ટુંકમાં જ પતાવ્યું અને પછી દોડી ગઇ.

લુકૅસના ધારવા કરતાં વાત વધી ગઈ. તેણે ધાર્યું હતું કે કંઇ નહિ તો સારૂં દેખાય એટલા માટે પણ તે નમતું આપશે. પણ આમાં નિરાશા પ્રાપ્ત થઇ એટલે પોતાની ધમકીને અમલમાં મૂકયા વિના તેનો છૂટકો જ ન હતો. ટોપી ઉપાડી જેના પ્રતિ જરા પણ રૂચિ ન હતી એવી હોટલમાં જઇને તે બેઠો. તેની પત્નીની હયાતીમાં જ્યારે તે તેનાથી તદ્દન કંટાળી જતો અને વેન્કુલ્કાનો અભાવ બહુ જ સાલતો ત્યારે તે કોઇક જ વાર હોટલમાં જતો. જ્યારે તે ઘર બહાર નીકળ્યો ત્યારે તેનામાં ખુન્નસ વ્યાપી રહ્યું હતું. તેણે પોતાની અતિ લજ્જાશીલ અને હૃદયહીન પ્રિયતમા ઉપર વેર લેવાનો નિશ્ચય કર્યો હતો. મોડી રાતે તે પાછો ઘેર ગયો અને જાણી જોઇને દૂધનાં વાસણો વગેરે ગબડાવી નાખ્યાં કે જેથી વેન્કુલ્કા અવાજ સાંભળીને માને કે તેને કારણે આ છાકટો બન્યો છે.

આ બધી મૂર્ખાઈ તેને લીધે જ થઈ રહી છે

એ વેન્ડુલ્કા સમજ્યા વિના રહે ખરી? લુકૅસે તેના ઉપર ખરેખર ક્રોધે ભરાવાનો વિચાર કર્યો હતો પણ સ્વયં સેતાન ભરાયો હોય તેની માફક તેણે આમ અવાજ કરવા માંડ્યો એટલે તો તેનાં હસતાં હસતાં પાંસળાં યે દુખવા આવ્યાં. તે શિક્ષા કરવા માગતો હતો વેન્ડુલ્કાને, પણ થતી હતી તેને પોતાને! તે પીવાની પરવા કરે એવો ન હતો તે તે બરાબર જાણતી હતી અને છાકટો થવાની વૃત્તિ વિના કોઇ પણ માણસ એક રાતમાં છાકટો થઈ જતો નથી એ પણ તે સારી રીતે સમજતી હતી.

સવારે જ્યારે બંને જણાં મળ્યાં ત્યારે વેન્ડુલ્કાએ રાતની વાત છેડી સરખી પણ નહિ. તે તેની સાથે બને એટલો ઓછો સમય રહી કામને માટે દોડી ગઇ. તેને બ્હીક લાગતી હતી કે જો તે તેની સાથે લાંબો વખત વાત કરશે તો તેનાથી હસી પડાયા વિના રહેવાવાનું નથી. જો ભાઇસાહેબ સોળેક જ વરસના હોત તો તો તેનાં આવાં વર્તનથી વેન્ડુલ્કાને આશ્ચર્ય ન લાગત પણ આવો ઠરેલ, જાણીતો અને એક વાર પરણીને વિધુર બનેલો પુરુષ આવું કરશે એમ તેણે ન હતું ધાર્યું. એક ચુંબનને માટે તે કોઇ દૂધની

તાંબડી ઢોળી નાંખતું હશે! પણ લુકૅસની વેન્ડુલ્કા ઉપરની રીસ વધતી જ ચાલી.

"જો એ આમ જક્કીવેડા કરશે તો એને પણ હું બતાવી દઈશ કે મને પણ જક્કી થતાં આવડે છે." એવો નિશ્ચય કરી કશું પણ બોલ્યા ચાલ્યા વિના–રાત્રે વિદાય સુદ્ધાં માગ્યા વિના જમ્યા પછી તે સીધો હોટલમાં દોડી ગયો–જાણે તેની મરજીમાં આવે ત્યારે તેણે હોટલમાં જવું એવું નક્કી જ ન થયું હોય! બીજે દિવસે સવારે પણ વેન્ડુલ્કા એ વિષે કશું જ બોલી નહિ–જાણે જળમાંની મુંગી માછલી સ્તો. પણ આમ તે કાંઇ ચાલે? તેની હઠીલાઇ માટે તેને યોગ્ય શિક્ષા થવી જોઈએ.

"હવે હું સવાર સુધી હોટલમાં બેસી રહું છું એટલા માટે કાલે રાતે સહુ તારાં ગુણગાન કરતાં હતાં." હસતાં હસતાં લુકૅસે આરંભ્યું.

"એકની મૂર્ખાઈ માટે બીજાને દોષ દેનારા ખરેખર બુદ્ધિસાગર જ હશે."

"તેઓ એટલું તો સમજે છે કે તું જો યોગ્ય વર્તન ચલાવતી હોય તો હું તેમના ભેગો બેસવા ન જાઉં."

વેન્ડુલ્કાને લાગ્યું કે આ હવે મશ્કરીની હદ બ્હાર જાય છે.

"મેં મારી ફરજ બજાવવામાં શી ત્રુટિ કરી છે કે તું મને આમ કહે છે? અને લોકોને મોઢે વાત કરાવે છે?"

"ગૃહધર્મની પ્રધાન વસ્તુ–પતિપરાયણતા."

વેન્ડુલ્કા ચિંતામાં પડી. તેના દીવા જેવા સ્પષ્ટ હેતુને પણ લુકૅસ સમજી નથી શકતો એ તે શું? જેને વેન્ડુલ્કા પ્રત્યે વિદ્વેષ હોય તે જ તેના હેતુનો ખોટો અર્થ કરે. અથવા શું પિતાજીની ચેતવણીઓ અને શંકાઓ ખરી હશે!

"તું સમજુ અને ભલો છે એની મને ખબર છે." આખરે તે બોલી, "તું શા માટે ઢોંગ કરે છે અને એ બંને ગુણોને છૂપાવે છે. મેં તને વારેવારે કહ્યું છે કે હું અહીં પ્રેમચેષ્ટા કરવા નથી આવી. તેને માટે તો પુષ્કળ વખત મળવાનો છે. તારાં ઢોરોની સંભાળ રાખનાર અને તારાં બાળકની માતાની ગરજ સારનાર કોઇ જોઇએ માટે જ હું આવી છું. હું તો એમ જ માનતી હતી કે તારા બનેવીએ પણ મને આટલા માટે જ આવવાને કહ્યું હતું, બીજાં

કશાં જ માટે નહિ. મને જો સ્વપ્ને પણ ખ્યાલ હોત કે તારો ઇરાદો જુદો જ છે તો તો મેં તારા ઘરમાં પગ સરખો યે ન મૂકયો હોત."

"હવે ખરૂં! તું તારી જાતે જ કબુલ કરે છે કે મારાં સુખ કરતાં ઘરની બીજી બાબતો જ તને વધુ મહત્ત્વની લાગે છે. અને તું શું એમ માને છે કે આ સાંભળાને મને દુઃખ નથી થતું? આટલાં બધાં વરસો સુધી તને વળગી રહેવા માટે મને તું આજ આ ઉપહાર આપે છે કેમ? તારે જ માટે મેં કદી પણ મારી પત્ની તરફ મીઠી નજરે જોયું સુદ્ધાં નથી. તેને તારે સ્થાને જોઇને મારૂં અંતર પારાવાર દુઃખ અનુભવતું હતું. તેની વિરૂદ્ધ હું ગમે તે કહું તો પણ મારે એક વાત તો કહેવી જ જોઇએ: મને કોઇ પણ વાતની ના પાડવા કરતાં જીભ કરડી મરવું તે વધુ પસંદ કરતી. મારી ઇચ્છાને તેણે પોતાની તરીકે સ્વીકારી લીધી હતી. મેં જો તારી પાસે કોઈ અસંભવ વસ્તુ માગી હોય તો જાણે જુદી વાત. પણ હું તો તને મારી ઇચ્છાની પરવા છે એટલું જાણવા માટે ફક્ત એક ચુંબનની જ માગણી કરૂં છું. અને તને કાંઇ ચુંબન કરવા દેવામાં વાંધો હોય એમ પણ

નથી. તને મારી પરવા નથી એમ બતાવવા માટે જ માત્ર તું ના પાડી રહી છે. પછી મને રીસ તે કેમ ન ચઢે? મારી ઓળખીતી ગમે તે છોકરીને હું દઉં તો તે માત્ર મિત્રતાની ખાતર પણ મને ચુંબન કરવા દે – ખુશીથી અને જરાયે લજ્જાતિશયતા દર્શાવ્યા વિના."

"પણ હું કાંઇ 'ગમે તે છોકરી' નથી."

"એ ખરૂં. બીજી કોઈ પણ છોકરીએ હૃદયને બદલે હૃદયનું દાન કર્યું હોત. પ્રેમને બદલે અભિમાન આપે તેવી તો તું જ."

"બે માણસો એક બીજાંને ચુંબન કરે એને જ જો તું પ્રેમ કહેતો હોય તો તો તું પ્રેમ શું છે એ જાણતો જ નથી. તેં કદી પ્રેમને જાણ્યો જ નથી. મને એવા પ્રેમની પરવા નથી."

"અને મને માયા અને નમ્રતા વિનાના પ્રેમની પરવા નથી." અસરકારક અને શોકપૂર્ણ સ્વરે આટલા શબ્દો ઉચ્ચારી પેલા ઘરડા વેરાગીના શબ્દોનો વિચાર કરતો લુકૅસ રવેશ બહાર ચાલ્યો ગયો. ડોસાનું કહેવું બહુ જ સાચું છે. તે તો ડાહ્યો અને અનુભવી આદમી હતો. મૂર્ખ હોય તે જ તેની ચેતવણીનો અનાદર કરે.

આ વખતે લુકૅસને ચાલ્યો જતો જોઇને વેન્ડુલ્કાને લાગી આવ્યું. અત્યાર સુધી તો તે માત્ર ચિઢાયો અને ખિજવાયો હતો પણ હવે તો તેને ખૂબ જ માઠું લાગ્યું હોય એમ લાગ્યું. તેના પ્રેમ વિષે તેને શંકા ઉત્પન્ન થઈ, અને તેના વર્તનમાં તેને જક્કીપણા સિવાય બીજું કંઇ જ જણાયું નહિ. તેણે તેનાં આચરણનો આવો અર્થ કર્યો એથી વેન્ડુલ્કાને અકથ્ય વેદના થઈ. પોતાની પહેલી પત્ની કરતાં એને ખરાબ કહે તેના કરતાં પણ એને આ વધારે ખરાબ લાગ્યું. આવા શબ્દો ઉચ્ચારાય એટલે મામલો કેટલો ગંભીર થઇ ગયો છે એનો વિચાર કરતાં તે એકદમ ભડકી ઉઠી. અને તે સકારણ જ હતું. આવા ખેદયુક્ત વિચારોને લીધે તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. તેણે પોતાને અને લુકૅસને વિષે લાંબો વખત સુધી ગંભીરતાથી વિચાર્યા કર્યું.

પારણાં ઉપર ઝુકીને તે વિચારવા લાગી: "કાલે એ કામે જાય તે પહેલાં જો હું એની હૃદયેચ્છા પૂર્ણ કરૂં તો કાંઈ વાંધો ખરો? બસ બહુ થયું" કહીને તે ટટાર થઇને બેઠી પણ વિચારપ્રવાહ તો એ જ દિશામાં ચાલુ રહ્યો. "સદ્ગત સ્ત્રીને ખોટું લગાડયા

વિના પણ હું કદાચ એને બતાવી શકું કે તેને માટે હું મારી રુચિ વિરૂદ્ધ હોય એવું કામ કરવાને તૈયાર છું. પણ નહિ–નહિ, હું એ તો ન જ કરૂં! હું કાંઇ નકામો દેખાવ કરવાને નથી કરતી પણ ઉમદા હેતુને માટે મારા ખરા હૃદયની માન્યતાઓને માટે હું તો ઝઘડું છું. જો તેની સ્ત્રીએ મારે માટે જગ્યા ખાલી ન કરી હોત અને બધુંય જેમનું તેમ જ રહ્યું હોત તો શું થાત? તો તો અમારે તેમાં જ મળતો સંતોષ માની લેવો પડત ના. હું તો મેં જે નિશ્ચય કર્યો છે તેને જ વળગી રહીશ. હું જાણું છું કે હું સાચું જ કરૂં છું.”

એના બાપે જે એમ કહ્યું હતું કે મારી પુત્રી બહુ જ દૃઢ ચિત્તની છે અને પ્રલય થઇ જતો હોય તો યે પોતાની વાત મૂકે એવી નથી તે બહુ જ સકારણ હતું. જે એને સાચું લાગ્યું તેમાંથી તો એ દોરા-પુર પણ ચસકવાની જ નહિ.

પેલે દિવસથી જ લુકૅસના મુખ ઉપર વિષાદ છવાયેલો રહેતો, તે તેની પાસે બેસતો પણ નહિ, અને જરૂર પૂરતું જ બોલતો, અને રોજ સાંજે ઘરથી ચાલ્યો જતો અને તે છેક મળસ્કે જ પાછો

આવતો. આ ઉપરથી વેન્ડુલ્કાને લાગ્યું કે પોતાનો હેતુ શુદ્ધ હોવા છતાં તેણે માર્ગ ખોટો લીધો છે. તેને લાગ્યું કે એને હવે વધુ અધઃપતનને માર્ગે જવા દેવો એ દુષ્ટતા જ કહેવાય અને તેને વિનાશમાંથી ઉગારવો જ જોઇએ. જે વસ્તુઓ તરફ એ માત્ર ગુસ્સાના આવેશમાં જ વળ્યો હતો તે વસ્તુઓની કદાચ એને ટેવ પણ પડી જાય.

ગઇ રાતે એક ફ્લોરિન ખાસ્સામાં મૂકયા છતાં તેને બીજો ફ્લોરિન લેતાં જોઇને વેન્ડુલ્કાએ તેને ચેતાવ્યો: "લુકૅસ, તારે પણ સંતતિ છે એ વાત ભૂલતો મા."

"તને ફાવે તેમ તું કરે છે અને મને ફાવે એમ હું કરૂં છું."

"પણ સારી સલાહ તો આપણે ધ્યાનમાં લેવી જ જોઇએ."

"જે મારી પત્ની મારી પાછળ ઘેલી બની હતી તેની શિખામણ મેં કદી માની નથી અને તું મને ચાહતી નથી તેની હું માનવાનો નથી."

"એટલે ? તું શું કહેવા માગે છે ? હું–તું શું એમ કહેવા માગે છે કે હું તને ચાહતી નથી ?

ત્રણ જ અઠવાડીઆં પહેલાં આ જ સ્થળે 'તારા પ્રેમની ખાત્રી થવાથી હું અવર્ણનીય સુખ અનુભવું છું ' એમ મને કહ્યું હતું તે તેં કે બીજાએ?"

"આજની માફક ત્યારે મેં તને બરાબર ઓળખી ન હતી. તું મને ઘરમાંથી હાંકી કાઢી એમાં જ આનંદ માને એના કરતાં તો મારૂં મૃત્યુ થાય એ જ સારૂં છે."

આ ખોટા આરોપનો જવાબ દેવાને વેન્ડુલ્કાને શબ્દો શોધ્યા ન જડયા. તેની સાથે દલીલ કરવામાં પણ પોતાની અવમાનના છે એમ તેને લાગ્યું. પોતાના હૃદયમાં જાગતી કટુ લાગણીઓને તેણે દાબી દીધી અને ગુપચુપ ત્યાંથી ચાલી ગઈ. પણ પેલાને તો એમાં યે તેનું અભિમાન જ દેખાયું. ફરીવાર હોટલમાં જઇને તેનું વેર વાળવાનો તેણે નિશ્ચય કર્યો અને રોજના કરતાં પણ મોડે સુધી તે ત્યાં પડી રહ્યો.

વેન્ડુલ્કાની આખી રાત બહુ જ ઉત્તેજિત દશામાં પસાર થઇ. બિશપ તેઓના લગ્નની પરવાનગી જલદી મોકલી આપે એવું કરવા તેણે પ્રભુની પ્રાર્થના કરી. આ ચાલુ કલહ કંકાસને લીધે તેના મનમાં ભાવિ સંબંધી અનેક ચિંતાઓ પેદા થઈ. તેણે તો જુદી

જ જાતના જીવનનાં કલ્પનાચિત્રો ઘડી રાખ્યાં હતાં. તે બંને એક બીજાંને મળવાને કેવાં ઉત્કંઠિત થયાં હતાં, એકબીજાંને માટે કેટકેટલાં આંસુ સાર્યાં હતાં, પુનર્મિલન માટે કેવાં તલસી રહ્યાં હતાં–અને છતાં આજે? આજે, અને તે યે કોઇ પણ કારણ વિના બધી જ બાજી બગડતી જતી હતી, અને એટલા માટે જ તો વેન્‌-કુલ્કા કે લુકૅસ કોઇ પણ નમતું આપતું નહતું અને કડવાશ અને ઉગ્રતા દહાડે દિવસે વધતાં જતાં હતાં.

ભાવિનો વિચાર આવતાં બંને ઘણીવાર મૂઢ જેવાં બની જતાં છતાં કોઇએ નમતું આપ્યું નહિ. બંને વચ્ચેનો અંતરાય એટલો તો વધી ગયો કે તેઓ એક બીજાને દુશ્મન ગણવા લાગ્યાં. તેમના સ્વભાવનું નિતાંત સામ્ય જ તેઓને દુઃખકર થઇ પડ્યું. તેઓનાં સુખનો અંત આટલો વહેલો આવશે એવું કદાચ ડોસાએ પણ ન ધાર્યું હોય.

વેન્‌-કુલ્કાનો લાંબાં વખતથી દબાઇ રહેલો શોક આખરે અશ્રુરૂપે વહેવા લાગ્યો. જે ઓરડામાં જે ચૂલા પાસે જે આસન ઉપર આ કલહ શરૂ થયો હતો, બરાબર તે જ સ્થાને બેસીને તે છાટીફાટ રડવા લાગી. તેની અશ્રુધારા અજસ્ર વહેવા લાગી અને

ચુંબન

લુકૅસ કામેથી સાંજે ઘેર આવે ત્યારે પોતે શું કરવું તેનો તે વિચાર કરવા લાગી.

લુકૅસ આવી પહોંચ્યો ત્યાં સુધીમાં તે કશો નિશ્ચય કરી શકી ન હતી. તેને પોતાના ઘરમાં આમ છાતીફાટ રોતી જોઇને તે તો ભડકયો અને એવો જ છેલ્લો પ્રસંગ તેની સ્મૃતિમાં તાજો થયો. કુંજ-ઘટામાં ગાળેલી છેલ્લી સાંજનો તે પ્રસંગ હતો. બંને એક બીજાની છેલ્લી વિદાય લેતાં હોય એમ તેઓને લાગ્યું હતું. લુકૅસ વિચાર કરવા લાગ્યોઃ "હું નમતું આપું? લગ્ન થયા પહેલાં ચુંબન માટે માગણી ન કરૂં તો શું ખોટું? સ્ત્રી કરતાં પુરુષમાં જરા વધારે અક્કલ હોય છે. શા માટે એકબીજાનાં જીવનમાં ઝેર મેળવવું?" તેઓ એકબીજાને આટઆટલું ચાહતાં હતાં, બંનેનાં લગ્ન ન થઇ શકયાં માટે જીવન-ત્યાગનો સુદ્ધાં વિચાર કર્યો હતો, છતાં આજે લગ્નના થોડા દિવસ અગાઉ જ તેઓ આમ એક બીજાંને કંઈ પણ કારણ વિના પજવી રહ્યાં છે એ તે શું?

"કેમ રડે છે?" લુકૅસે પ્રિયતમાને માયાળુ સ્વરે પૂછ્યું. આવો સ્વર વેન્ડુલ્કાએ ઘણા દિવસથી સાંભળ્યો ન હતો.

"મેં સાંભળ્યું છે કે તું હવે હોટલમાં જુગાર પણ રમવા લાગ્યો છે."

"પહેલાં હું જાણતો જ ન હતો એવી અનેક વસ્તુઓ હું હમણાં હમણાં શીખ્યો છું."

"મને ચિઢવવા ખાતર અમુક વસ્તુઓ કરવાનું તું શીખ્યો છે એ જ સૌથી ભારે છે."

"અને તું શું કરે છે?"

"સુશીલ કન્યાને છાજે એવી રીતે હું વર્તન રાખું છું. હું તો ધારૂં છું કે તે માટે હું ઠપકાને નહિ પણ પ્રશંસાને જ પાત્ર છું."

"તારી મોરલીએ હું નાચું એનો તું ઉપહાસ કરે એ માટે મારે તને શાબાશી આપવી જોઇએ એમ? તું મારા તરફ કેવું વર્તન ચલાવે છે એ જો તું કોઇને કહે તો તે માને પણ નહિ! લગ્નની સહેજ જ પહેલાં જેને પોતાની પત્ની તરફથી આટલી બધી સતાવણી ભોગવવી પડી હોય એવો કોઈ વર હોય તો મને બતાવ. પણ યાદ રાખજે! હું તને જણાવી દઉં છું કે તું દોરે એમ દોરાઉં એવો હું હજી નાદાન કીકલો રહ્યો નથી. મારી સાથે આ નહિ ચાલે. તું અત્યારે મારા પ્રતિ કઠોર હૃદયે

જેવો વ્યવહાર ચલાવે છે તેવો જ વ્યવહાર હું લગ્ન પછી તારી પ્રતિ ચલાવીશ એ વાતનો તો મેં નિશ્ચય જ કર્યો છે. ધીરજ રાખ. થોડા વખતમાં જ તને માલુમ પડશે. ”

આ શબ્દો સાંભળીને એકદમ ભયથી ફીકાંફક્ક થઈ જવામાં વેન્ડુલ્કાએ મૂર્ખાઈ જ કરી હતી. તેણે સમજવું જોઈતું હતું કે ભાઇસાહેબનો મિજાસ તે વખતે હાથમાં ન હતો અને માત્ર એટલું જ કહેવું જોઈતું હતું કે “ મૂર્ખાઇભરેલું શું લવે છે ? ” તો બધું સીધેસીધું ઉતરી જાત. પુરુષ જ્યારે ક્રોધે અને તોફાને ચઢ્યો હોય ત્યારે જે સ્ત્રી તેને સ્નેહપૂર્વક દાબમાં નથી રાખી શકતી તે કદી પણ તેને દાબમાં રાખી શકે જ નહિ.

પણ લુકૅસે આ શબ્દો ઉચ્ચાર્યા એ સાથે જ વેન્ડુલ્કાએ પણ તેની બુદ્ધિ ઉડી ગઈ હોય એવું વર્તન કર્યું.

“ એવું કાંઈ લખાણ નથી થયું કે આપણે બંનેએ પરણવું જ જોઇએ. ” ક્રોધથી થથરતા અવાજે તે બોલી. “ જો તારો વિચાર એવો જ હોય, જો તારે મને શરમમાં જ ડુબાડવી હોય, તો

તો મારા જીવનો દુઃખથી અંત લાવવા કરતાં તારૂં ઘર છોડી જાઉં એ જ બહેતર છે."

શબ જેવા ફિક્કા થવાનો હવે લુકૅસનો વારો હતો.

"તું આ અર્ધા શબ્દમાં બોલી તો નાખે છે પણ એક વાર એ પ્રમાણે કર અને પછી જો કે તારા પિતા તને કેવો આવકાર આપે છે'! અને તારે માટે માગાંઓ ઉભરાઈ જશે એવું પણ ન માનતી. તેઓને સમજ પડી જ જશે કે તું દેખાય છે તેટલી સારી નથી, નહિ તો વળી જેનું ઘર સંભાળવા તું આવી હતી તેને છોડીને ચાલી જાય ખરી કે?"

"લોકો મારે વિશે શું કહેશે એની મેં કદી પરવા જ કરી નથી એ તો તું સૌ કરતાં સારી રીતે જાણે છે. મને કોઈની યે પરવા નથી. તારી પણ મને પરવા નથી. એક વાર તો મારે તારા વિના ચલાવી લેવું પડ્યું હતું અને ફરી વાર પણ હું તારા વિના ચલાવી લઈશ."

ઘવાયેલા સૂવરની માફક તે બહાર દોડી ગયો. ઝેરી બાણો વડે કોઈ તેનું હૈયું વિંધી રહ્યું હોય એવી વેદના તે અનુભવવા લાગ્યો. વેન્કુલ્કાના આ સર્પદંશ

શા શબ્દોએ તેને જે વેદના કરી હતી તેવી વેદના તે વેન્ડુલ્કાના હૃદયમાં કેવી રીતે ઉત્પન્ન કરી શકે એ વાતનો વિચાર કરવા લાગ્યો.

વેન્ડુલ્કાએ તેના ઉપર વેર વાળવાને માટે આવો કડક જવાબ આપવામાં એક ભૂલ કરી હતી. તેણે તો બીજી હોટલમાંથી બૅંડ બોલાવી વેન્ડુલ્કાની બારી આગળ એક પછી એક ગીતો વગડાવ્યાં. પણ બૅંડ સામે કાંઈ ખાસ વાંધો લેવા જેવું ન હતું. જો તેને એથી આનંદ મળતો હોય તો શા માટે તે ન વગડાવે? પણ તે તો તેની સાથે ત્રણ છોકરીઓને પણ લાવ્યો હતો. આ છોકરીઓ વિષે લોકોમાં સારી વાત થતી નહતી. નહિ તો એ એક જણી સાથે વિવાહ સંબંધથી બંધાયલો છે તે જાણવા છતાં તેઓ આવે ખરી? તેણે તો આ છોકરીઓ સાથે એવા જોરભેર નાચવાનું શરૂ કર્યું કે આખું ઘર ધ્રુજી ઉઠ્યું.

આ તમાસો જોવાને પ્રેક્ષકોનાં તો ટોળાં ભરાયાં. તેઓ તો ભાઈસાહેબનાં કામ જોઇને હસવા લાગ્યા અને આવાં ઘૃણા ઉત્પન્ન કરે એવાં દૃશ્યો શા માટે ભજવાય છે એનાં કારણો વિષે તર્કો કરવા લાગ્યા.

બારી વાટે એકેએક શબ્દ વેન્ડુલ્કાને કાને પહોંચતો હતો. રખેને લોકોનું ધ્યાન તેના તરફ ખેંચાય એ ભયે તે બારીઓ પણ બંધ નહતી કરી શકતી. તેને કાને જે શબ્દો પડયા તેનાથી તેને બહુ જ કંટાળો ઉત્પન્ન થયો. આ ભવાડો જો તે સહન કરી લે તો તે પણ દોષિત ઠરશે એવું તેને લાગ્યું. વરસો સુધી તેને માટે ઝુરનાર વેન્ડુલ્કાને લોકોની નજરમાં હલકી પાડવાનો લુકૅસનો ઇરાદો હતો.

લુકૅસ પોતાની ટોળીને લઇને ચાલ્યો ગયો. બધી ચિચિયારીઓ અને હાસ્ય સંભળાતાં બંધ થયાં અને અંધકાર ઉતરી આવ્યો એટલે વેન્ડુલ્કાએ ઉતાવળે ઉતાવળે પોતાનો સામાન બાંધી લીધો અને ઉંઘતાં બાળકની વિદાય લઇ લીધી. પોતાના ઉત્સાહભર્યા હૃદયમાં અનેક શુભેચ્છાઓ સાથે પ્રથમ દિવસે તે જે પારણા પાસે આવી હતી તે પારણા ઉપર તે ઝુકી અને તેનાં નેત્રોમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. "હું તારી માતાનાં સ્મરણને પવિત્ર ગણું છું માટે જ મારે તને છોડીને જવું પડે છે" બાળકને બચી લેતાં લેતાં તે બોલી. "જ્યારે તે તને મળવા આવે ત્યારે તેને આ વાત કરજે. તેણે મારે માટે સ્થાન

કરી મને જે સુખ આપ્યું હતું તેનો બદલો વાળવાનો મારો ઇરાદો હતો. જેની પાસે આવવાને હું તલસી રહી હતી તેની પાસેથી જ હું આજે ભાગી રહી છું. મારી બદલે તારી સંભાળ લેવા જે કોઈ આવશે તે મારા જેટલી માયા તારા ઉપર રાખશે એવી હું આશા રાખું છું. પણ, ઓ લાડીલા, હમણાં એ જેઓને રમાડી રહ્યો છે તેઓમાંથી જ કોઇ આવે તો!"

ત્યાર પછી વેન્ડુલ્કાએ એક વફાદાર દાસીને જગાડી અને ઘરની બધી ચાવીઓ તેને સોંપી દીધી. બાળકનો ભાર પણ તેને માથે જ નાખ્યો, અને તેને વિષે ઝીણી ઝીણી સૂચનાઓ પણ આપી.

"આટલી મોડી રાતે આપ કયાં જાવ છો? અને આપ સદાને માટે જતાં હો એવી રીતે કેમ વાત કરો છો?" ભય અને આશ્ચર્યથી દાસીએ પૂછ્યું.

"હું સદાને માટે જ જાઉં છું" શોકપૂર્ણ સાદે વેન્ડુલ્કાએ જવાબ આપ્યો. "હું નોકરીની શોધમાં શહેરમાં જાઉં છું." ભયથી અવાક્ બનેલી દાસી ફરીથી સ્વસ્થ થાય તે પહેલાં તો વેન્ડુલ્કા ઉપડી ગઇ. વેન્ડુલ્કા બહુ જ ઝડપથી દોડી ગઇ હતી એટલે એની દાસીએ તેનાં પગલાં યે નહતાં સાંભળ્યાં અને તે કઈ દિશામાં ગઈ તે પણ તેને ખબર ન પડી.

* *

વૃદ્ધ માર્ટિન્કાએ પથારીમાંથી ઉઠીને મીણબત્તી સળગાવી અને ચાલવા માંડયું. લગભગ અગિયાર વાગી ગયા હતા. અત્યારે તો તેણે જંગલમાં પહોંચી જવું જોઈતું હતું. પણ લકવાને લીધે તેને વહેલી ઉંઘ આવી ન હતી એટલે ઉઠતાં મોડું થઈ ગયું. જો તેને ધરાઇને ઊંઘવા દેવામાં આવે તો તે ત્રણ કલદાર ધરી દેવાને પણ તૈયાર થઈ જાય. પણ કાંઈ ચાલે એમ ન હતું. તેની રાહ જોવાતી હતી એટલે તેણે પોતાની હૂંફાળી પથારી છોડવી જ જોઇએ. દાણચોરીનો માલ લેવાને તે જો ન જાય તો પેલો બુઢ્ઢો મૅતુસ કહેશે શું ?

તેણે વાત કરી રાખી હતી કે કેટલુંક રેશમી કાપડ એકાએક યથાસ્થાને રવાના કરી શકાય એમ ન હોવાથી તેને ઝાડી ઝુંડોમાં સંતાડવું પડે એમ છે, અને આ કામ માર્ટિન્કાની મદદ વિના તે એકલો કરી શકે એમ નથી. તે ઉઠાવગીર છે એવું આસપાસના બધાય કસ્ટમ્સ ઑફિસરો અને પોલિસ-વાળાઓ જાણતા હતા અને તેના ઉપર હમેશાં નજર રાખતા હતા. આથી ગમે એટલી ચાલાકી કરવા છતાં તે ફાવે એમ ન હતું.

આ તે શું ?—આજે માર્ટિન્કાની બાજી પણ સીધે સીધી ઉતરતી ન હતી. તેના લથડી ગયેલા પગો વિશ્રાંતિ ઝંખતા હતા. માર્ટિન્કાએ પોતાનાં ઘડપણનો વિચાર કરીને ખપ પૂરતું ધન બચાવી રાખ્યું હતું, આથી તેને ઘડપણનો કે માંદગીનો બહુ ભય ન હતો. તેની પાસે જો કોઈ વિશ્વાસુ અને ભરોસાપાત્ર મદદનીશ હોત તો તે આવે અગવડને પ્રસંગે તેને મોકલત. તેણે કદાચ ધંધો જ બિલકુલ બંધ કર્યો હોત. તેને પોતાને તો સુખ આરામભર્યાં જીવનની કદી પરવા હતી જ નહિ. પણ આજકાલ એવાં માણસો મળે છે ક્યાં ? કોઈ પણ યુવતીને સખત મહેનત કરવાનું મન થાય છે ખરૂં ? જાણે તેઓ કાગ, પાણી કે સાકરની જ ન બનાવેલી હોય એમ તેઓ બધી વિપત્તિથી ડરે છે. માર્ટિન્કા જ્યાં જ્યાં જતી ત્યાં ત્યાં તે ટાઢ તડકો અને વરસાદ પાણી વેઠીને કાળી રાત્રે પણ સોંપેલું કામ કરવાને તૈયાર હોય એવી ટરેલ અને મજબુત છોકરી કે વિધવા મળે એમ હોય તો તેની તપાસ કરતી રહેતી; પણ આજ સુધી તેને કોઈ મળી ન હતી. વેન્ડુલ્કા વિષે પોતે જે બધી આશાઓ રાખી હતી તે તેને જણાવીને માર્ટિન્કાએ જયારે તેને સાથ દેવા કહ્યું ત્યારે વેન્ડુલ્કાએ તો ખભાં

હલાવીને તેની માગણી સ્વીકારવાની સાફ ના જ પાડી. દાણચોરી કરનારાઓ સાથે જોડાવું એ બહુ જ જોખમકારક હતું. વેન્ડુલ્કાએ કહ્યું કે એમાં માત્ર મજબુત શરીર જ નહિ પણ સેંકડોમાંથી ભાગ્યે જ એકાદ છોકરીમાં હોય એવી બેપરવા વૃત્તિની પણ જરૂર હતી. તે દિવસથી જ માર્ટિન્કાએ પોતાની ઇચ્છા ફળીભૂત થવાની આશા છોડી દીધી. કારણ વેન્ડુલ્કાનો નિશ્ચય હમેશાં અટલ જ હોય છે.

માર્ટિન્કા એ વેન્ડુલ્કાની માસી થતી હતી. પોતાની માતાનાં મરણ પછીથી કેટલાંક વરસ સુધી તે એની પાસે જ રહી હતી. પોતાની માના શોકને લીધે અને બાપા જરા મોટેથી બોલીને રમવા પણ દેતા ન હતા એથી કરીને વેન્ડુલ્કાને ઘરે રહેવું ગમતું ન હતું. આથી તે માર્ટિન્કાના ઘરની હોય એવી જ થઈ ગઈ હતી અને માર્ટિન્કા પણ તેની સાથે તે પોતાની પુત્રી હોય એમ જ બધી વાતો કરતી.

વૃદ્ધ માર્ટિન્કાનો વેન્ડુલ્કા ઉપર ઘણો સ્નેહ હતો અને તેઓના પરસ્પર સ્નેહની વાત લુકૅસ જાણતો હતો. આથી જ તેણે માર્ટિન્કાદ્વારા માગું કરાવ્યું હતું.

દાણચોરીના ધંધાને માટે જોઈતી શક્તિઓ સોમાંથી ભાગ્યે જ એક સ્ત્રીમાં હોય છે એ વેન્ડુલ્કાની વાત તદ્દન ખરી હતી.

માર્ટિન્કાને પોતાને પણ કુશળતા પ્રાપ્ત કરતાં બહુ વખત લાગ્યો હતો. લાંબા પ્રયત્ન પછી જ તે પણ દિવસને રાત કરવામાં, અંધારી એકાંત ગલીકુચીઓમાં થઈ પસાર થવામાં, શિયાળાની કડકડતી ઠંડી વેઠવામાં અને સદા યે ચેતતા રહેવામાં ટેવાઈ ગઈ હતી.

સરહદ પર સંતાઈ રહેલો કોઈ પોલીસ એકાએક તેના ઉપર તૂટી પડે અને જો તે દાણ ન આપે તો તેને માજીસ્ટ્રેટ પાસે ઘસડી જાય એવો ભય તો રોજનો હતો.

પણ તેને પસંદગી કરવાપણું હતું જ નહિ. જ્યારે કોઈ માણસ સૂની ઝુંપડી અને પાંચ ભૂખે મરતાં છોકરાં જ સ્ત્રીને વારસામાં આપતો જાય ત્યારે કયો ધંધો સ્વીકારવો એનો બહુ વિચાર કરવો સ્ત્રીને ન પરવડે. જે ધંધો ખરાબ કે અપ્રામાણિક ન ગણાતો હોય અને છતાં બહુ જ લાભકારક હોય તેનો તે માત્ર સાચકલાપણાને લીધે જ અસ્વીકાર પણ કેવી રીતે કરી શકે?

વૃદ્ધ માર્ટિન્કાને આ ધંધામાં કશું જ ખોટું ન હતું લાગતું અને અમારા તરફ તો સૌ કો એમ જ માનતા. અત્યારે તે ધંધામાં ઝાઝો નફો રહ્યો નથી પણ ત્રીસેક વરસ પહેલાં તો જુદી જ સ્થિતિ હતી. તે વખતે તો સારી સરખી કમાણી કરી શકાતી હતી અને તેથી એ ધંધો માત્ર ગટરમાં ગબડતો ભીખારી જ સ્વીકારતો એમ નહિ, પણ સાધારણ સારી સ્થિતિનાં માણસો પણ પોતાની મુડી વધારવાને માટે એ ધંધામાં પડતાં. તેઓને મન એ ધંધામાં અને બીજા ધંધાઓમાં કોઈ તફાવત જ નહતો. આ ધંધાની માત્ર સરકારે મના કરી હતી એટલું જ.

પોતાના પતિના મૃત્યુ પહેલાં પણ માર્ટિન્કાને દાણ-ચોરો સાથે પરિચય થયેલો હતો કારણ કે તેનો પતિ વારંવાર એ લોકોને પોતાની ઝુંપડીમાં છૂપાવા દેતો હતો. તેનું ઝુંપડું ગામથી એક કલાકને રસ્તે આવેલું હતું અને ઝાડવાંઓથી ઘેરાયેલું હતું એટલે તેઓને સંતાતાં ફાવે એમ હતું. એ સ્થાનને ‘ ફર્સ ’ કહેતા. કોઈ અંદર જતું આવતું હોય તેની ખબર વાડની એકદમ પાસે ન ઉભો રહે તો કોઇને જ પડે એમ ન હતું.

માર્ટિન્કાના પતિના અવસાન પછી તેના ઋણનો બદલો વાળવા દાણચોરોએ માર્ટિન્કાને તેમની સાથે

જોડાવાને કહ્યું હતું. તેનું કામ રાત્રે જંગલના કોઈ એકાંત સ્થાનમાં તેમને જઇને મળવાનું અને ત્યાંથી જકાતી માલ લઈ જઇને બીજે સંકેતસ્થાને આપવાનું હતું. ત્યાંથી વળી બીજાઓ કોઈ બીજે ઠેકાણે લઇ જાય. માર્ટિન્કાએ આ કામ આભાર સાથે સ્વીકાર્યું. હવે તો તે ઘણા વરસના અનુભવથી આ કામમાં સારી પેઠે વખણાતી હતી. બીજા કયા વેપારમાંથી તેને આટલો બધો નફો મળવાનો હતો ? આ 'કાળીઆ'ઓએ આ કામ માટે ઘણી સ્ત્રીઓ રાખી હતી પણ કોઈના પણ કામથી તેમને માર્ટિન્કા જેટલો સંતોષ મળતો ન હતો.

તેનો શેઠ વૃદ્ધ મૅતુસ પોતાના પાંચ છોકરાઓ સાથે ધમધોકાર વેપાર ચલાવી રહ્યો હતો છતાં તે વારે વારે કહેતો કે જો માર્ટિન્કા આ ધંધો છોડી દે તો હું પણ છોડી દઉં. બીજી બધી સ્ત્રીઓ તેને બહુ જ કંટાળો અને તકલીફ આપતી હતી. તમે કલ્પી જ ન શકો કે તેઓ શા ગોટાળા વાળશે! એક જણીએ તો તેને સોંપાયલો માલ જ ખોઈ નાખ્યો હતો. બીજીએ વળી સારી રીતે છૂપાવ્યો ન હતો અને બગાડી નાખ્યો હતો. ત્રીજીએ તો નક્કામી જ ગભરાઈ

જઈને હાથમાંથી ટોપલી ફેંકી દીધી હતી. તેઓ કામ કરતાં નુકસાન જ વધારે કરતી.

આ લોકોથી મૅતુસ કંટાળે તેમાં નવાઈ શી ? તેના ધંધાની જરૂરીમાં જરૂરી વસ્તુ ધીરજ તે ઘણી વાર ખોઈબેસતો અને હવે એ જ્યારે આવી બાબતોનો વિચાર કરતો ત્યારે એને લાગતું કે આ લોકોને નિભાવી લેવાની કાંઇ જરૂર નથી. તેણે જોઇતો ધનસંચય કરી લીધો હતો અને હવે તો એ ધંધો માત્ર ટેવ અને શોખને લીધે જ તે કરતો હતો. તે પોતે વિધુર હતો અને તેના પુત્રો પણ પરણી ગયેલા હતા. વિનોદનું ઘરે કોઇ સાધન ન હોવાથી તે ભટકવું પસંદ કરતો હતો.

કંડીઓ ગોઠવવાની કળામાં માર્ટિન્કા એક્કો હતી. સવારમાં જો તેને કોઈ પોલીસ મળે તો તેને એમ ન લાગે કે તેના કંડીઆમાં ઈંડાં અને સફરજન સિવાય બીજું કાંઈ હશે. તેને પ્રશ્ન પૂછવાની પણ જરૂર ન લાગે. તે એવો તો નિર્દોષ ભાવ ધારણ કરતી, એવી તો સરલતાથી અભિવાદન કરતી અને રસ્તે આખે એવા તો ભક્તિભાવથી માળા ફેરવતી કે સૌ કોઇને એમ જ લાગે કે એ કોઈ ઈંડાં કે સફરજન

વેચનાર બાઇ જ છે અને બીજી સ્ત્રીઓ કરતાં પહેલાં હાટમાં પહોંચવાને માટે ટુંકે રસ્તે શહેર તરફ દોડી રહી છે.

આમ છતાં પણ જો કોઈ પોલીસ સ્થિર થંભીને તેના તરફ જોયા કરે તો તે પણ થંભી જતી અને પોતાનો માલ ખરીદવાને તેને કહેતી. તેની પ્રામાણિકતા ઉપર પછી કોઈ શંકા લાવી શકે ખરૂં? ઘણી વાર એવું પણ બનતું કે પોલીસો તેની પાસેથી બોર કે જામફળ ખરીદતા અને છતાં તેને પકડી શકતા નહિ. મૅતુસ તેનાં વખાણ કરે, તેને સાતમે આસમાને ચઢાવે, કહે કે તેના જેવી સ્ત્રીઓ આ જમાનામાં પાકતી નથી, એ જ માત્ર અસ્ત પામતા ગૌરવની છેલ્લી શિખા છે તો તેમાં નવાઇ શી?

પોતે મોડી ઉઠી તે માટે બબડતાં બબડતાં માર્ટિન્કાએ શાલ ઓઢી લીધી, કંડીઓ હાથમાં લીધો અને બેવડું તળીયું અને ખભે ભરાવવાનો પટ્ટો પણ સંભાળી લીધાં. પછી લાકડાંની બે ચીપો આડી ગોઠવી તે ઉપર એક પાટીયું મૂકયું અને તેની ઉપર બે પાંચ શેર તાજું માખણ મૂકી ઉપર કટકો ઢાંકી દીધો.

તે ઉપડવાની અણી ઉપર હતી તે જ વખતે કોઈ બહુ જ ઝડપથી દોડતું દોડતું તેની ઝુંપડી આગળ

આવ્યું. માર્ટિન્કા થંભી ગઈ. તેને લાગ્યું કે કદાચ પોલીસો પણ હોય. પણ મીણબત્તીનાં ઝાંખા અજવાળામાં તેણે આવનારને ઓળખ્યું. તે વેન્ડુલ્કા પૅલુકી હતી.

આટલી રાત્રે ભૂત મળ્યું હોત તો પણ તેને આટલું આશ્ચર્ય ન થયું હોત. પણ પોતાની ભાણેજને જોઈને તો તે હેબતાઈ જ ગઈ અને બોલી પણ ન શકી. માસીને અભિવાદન પણ કર્યા વિના વેન્ડુલ્કાએ બારણા પાસેની ચોકી ઉપર જ પડતું મેલ્યું અને સખત પીડાતી હોય તેમ અસુખ કરવા લાગી.

આખરે તે અચકાતી અચકાતી બોલીઃ "સારૂં થયું કે તું ઉપડી નથી ગઈ!"

"પણ તું આટલી રાતે અહીં શા માટે આવી?" સ્વસ્થ થઈ એટલે માર્ટિન્કાએ પૂછ્યુંઃ "તારૂં મોં તો જાણે ભડકે બળે છે અને શ્વાસ તો તારો માતો નથી. શું લુકૅસનો છોકરો માંદો થયો છે? તું શું મારી મારફત ઝિત્તાઉ પાસેથી દવા લેવા આવી છે? શું છે? ઝટપટ બોલી નાખ! મારે ઉતાવળ છે. અત્યારે તો મારે અર્ધે રસ્તે પહોંચવું જોઈતું હતું. મૅતુસ કોણ જાણે શું યે ધારશે. કહેશે મારામાં ને બીજી સ્ત્રીઓમાં કાંઈજ ફેર નથી."

"જે રોગની મારી હું લુકૅસના ઘરમાંથી ભાગી આવી છું તેની દવા આખી દુનિયામાં ક્યાંય પણ નથી" વેન્ડુલ્કા બોલી. તેની આંખોમાંથી ઊનાં આંસુનો ધોધ વહેતો હતો.

"શું? શું કહે છે?"

"મારો લુકૅસ સાથેનો સંબંધ તૂટી ગયો છે. અને હવે અમે ફરી કદી ન જ મળીએ."

"કાંઈ તારી અક્કલ બહેર મારી ગઈ છે કે શું?"

"તેમ થવાને પૂરતાં કારણો હોવા છતાં પણ મારી અક્કલ સાબુત રહી છે તે તને જરા વારમાં જ સમજાશે. તે પોતે છૂટો હતો ત્યારે મારી સાથે જેવી પ્રેમચેષ્ટા કરતો તેવી જ પ્રેમચેષ્ટા તે અત્યારે પણ મારી સાથે કરવા આવ્યો. મેં તેને તેમ ન કરવા દીધું, કારણ મને તેની મૃત પત્ની માટે માન છે અને મારે તેની સમાધિમાં શાંતિભંગ કરવો નથી. પણ જ્યારે તેણે ગાંડાની માફક લવારો કરવા માંડ્યો, મેણાં મારવાં માંડ્યાં, અને જેમાં ને તેમાં મારો દોષ કાઢવો શરૂ કર્યો ત્યારે આનું પરિણામ શું આવશે તે જોવાને હું અધીરી બની. અને આજે રાત્રે તો તેણે બૅંડ લાવીને મારી બારી સામે વગડાવ્યું અને મને શરમાવવાને અને મૂરખ બનાવવાને ત્રણ ખરાબ

ચાલની છોકરીઓને લઈને ઘરની સામે નાચ્યો. આ પછી મારો બચકો બાંધી અહીં આવી રહ્યા વિના મારાથી રહેવાયું નહિ. પિયર જવાની મારી છાતી ચાલતી નથી. તું જાણે જ છે કે લુર્કસને અને મને બનશે નહિ એમ બાપુએ પહેલેથી જ કહ્યું હતું. તેનું મેં ન સાંભળ્યું ત્યે માટે ઠપકા અને ઉપદેશો સાંભળવા મારે માટે મરણ સમાન થઈ પડે. અને મારે નોકરી માટે પણ શહેરમાં જવું નથી. ઘરની ઝંખનામાં અને આપણા રમણીય પહાડી પ્રદેશની અને ભાષાની ઝંખનામાં હું અજાણ્યા લોકો વચ્ચે પ્રાણ ત્યજું એ પણ બહેતર છે. મારા દુ:ખને સમયે મને યાદ આવ્યું કે તારે એક મદદનીશની જરૂર છે. તારા પ્રતિ મારા જેવા ભાવવાળી બીજી તને કોઇ મળે એમ નથી. ભાવ છે તો બાકીનું મને શીખવી દેજે. હું બ્હીકણ કે લાડકી પણ નથી એ તું જાણે છે અને હું કાંઇ બેવકુફ પણ નથી. બધા કરતાં તારી પાસે રહેવું જ મને વધુ ગમે. આડોશીપાડોશીઓ તો જાણે છે કે તું ઉંઘતી હોય છે કે બહાર ગયેલી હોય છે એટલે કોઈ તને મળવા તો આવતું જ નથી, એટલે કોઇને ખબર પણ નહિ પડશે કે હું તારે ત્યાં રહું છું. અને જો તું દાણચોરોને ના પાડશે તો તેઓ એ સંબંધી

એક શબ્દ પણ ઉચ્ચારશે નહિ. લુકૅસ માનશે કે હું નોકરીએ ગઇ છું એટલે મારી શોધ પણ બહુ નહિ કરે. એટલે બાપુ કે લુકૅસ તરફથી કંઇ પજવણીનો ભય મને રહેતો નથી. મારી પંચાતમાં તેઓ પડે એમ નથી. મારૂં કાસળ ગયું જાણી તેઓ તો ઉલટા રાજી થશે."

તે વધુ બોલી શકી નહિ. તેના વદન પર નિરાશા છવાઈ ગઈ.

"માણસોને તું કેવાં ગભરાવી મૂકે છે, ડાકણ!" માર્ટિન્કાએ ભાણેજને ઠપકો આપ્યો. "મેં તો ખરેખર એમ જ માન્યું હતું કે કાંઈ ભારે ભયાનક બનાવ બન્યો હશે."

"શું! ત્યારે આ બધાંનો કાંઇ હિસાબ જ નથી એમ? લુકૅસે આખા ગામ સમક્ષ મારી કેવી રીતે ફજેતી ઉડાવી અને તે શા માટે તે તો મેં તને કહ્યું!"

પણ માર્ટિન્કાએ તો માત્ર પોતાનું માથું ધુણાવ્યું અને નક્કામી પોતાને ચમકાવી એ માટે વેન્ડુલ્કા ઉપર કંટાળો દર્શાવ્યો.

તેના આચરણ તરફ અણગમો બતાવતી હોય તેમ ડુસકાં ખાતી વેન્ડુલ્કાને તેણે કહ્યું: "આવી સ્થિતિમાં ગમે તે પુરુષ લુકૅસે કર્યું એમ જ કરે.

પોતાની વહુ કોઇ મરેલાં માણસને પોતા કરતાં પણ વધુ માન આપે એ વાત કયા વરને ગમે ? મરનાર પોતાની સ્ત્રી હોય તો પણ શું થયું ? તને નાશી જવા પહેલાં આ કેમ સૂઝયું નહિ એ જ મને તો સમજાતું નથી. તારા જેવાં વર્તનથી કાંઇ એ જ આજે પહેલ વહેલો નથી ગાંડો થયો. તું આપણી ગ્રૅકેકની વાત ભૂલી ગઇ કે ? તે પણ પોતાના પ્રેમીનું ઘર સંભાળવાને દોડી ગઇ હતી. તે ભાઈ સાહેબ પણ વિધુર હતા અને બે છોકરાના બાપ હતા. આ પણ તારા જેવી જ હતી અને પોતાનો પ્રેમી જરા પણ છૂટ લે એ તેને ગમતું ન હતું. મરેલી સ્ત્રીનું ભૂત રાત્રે તેના બિછાના પાસે આવે એવી તેને બીક લાગતી હતી. પેલા ભાઇએ શું કર્યું ? પીંછાનાં ભરેલાં બધાંય ગોદડાં ફાડી નાંખ્યાં અને આખા મહોલ્લામાં પીંછાં વેર્યાં અને ભર ઉનાળે જાણે બરફ બરફ થઇ રહ્યું ! અને કાવકાની વાત તને યાદ નથી ? જેવું તેણે વરરાજાને કહ્યું કે "મારે ગાલે ચુંટીઓ ખણશો નહિ, સ્વર્ગવાસી પત્નીનો આત્મા દુભાશે" તેવા જ પેલા ભાઈ તો ગયા ગાંધીને ત્યાં, અને હતો એટલો બીર ખરીદી લીધો અને કાવકાને ચિઢવવા માટે આખું પીપ ગટરમાં રેડી દીધું. બેટા, પુરુષો તે પુરુષો.

તેઓને તો ગમે તે ભોગે ધણી બનવું છે. તારાથી કે મારાથી કાંઈ તેઓનો સ્વભાવ બદલાવાનો નથી. લગ્ન પહેલાં ધણીનું ઘર સંભાળવા જનાર વહુને બહુ ખમવું પડે છે એ વાત ખરી, પણ તેનો ધણી તેને જીંદગી સુધી ચાહે છે અને માનની નજરે જુવે છે. કોઈ પણ વસ્તુ મફત તો મળતી જ નથી. અને માનને માટે તો કિંમત પણ ભારે જ આપવી પડે. આમાં મને એક વસ્તુની ચીઢ ચઢે છે અને તે એ કે તારા બાપની વાત ખરી પડી. તેં આટલે સુધી વાત જવા દીધી એનો તો વિચાર કર! શા માટે તેં લુકૅસને ધૂંધવાતો ન રહેવા દીધો? શા માટે તું સામું બોલી? જક્કીપણાનું અને ચિઢિયા સ્વભાવનું તને બરાબર ફળ મળ્યું. હવે ફરી તું આવું ન કરે. પણ આ તારો ગુસ્સો મને તદ્દન નકામો લાગે છે– મહા મહિનાનાં માવઠાં જેવો. ફુંફાડા તો જબરા મારે છે પણ વધુવાર ટકવાના નહિ. એને લઈને તમારૂં પાછલું જીવન સુંદર અને મધુર થશે ખરૂં. કોઇ પણ એમ માનવાનું નથી કે તને લુકૅસ વિના અથવા લુકૅસને તારા વિના ઘડીભર પણ ચાલે. મને તો હસવું જ આવે છે. તમો બંને હવે હમેશને માટે એકબીજાં તરફ ખેંચાયા કરશો, અને જીંદગી સુધી

હવે કદી જુદાં નહિ પડો. જ્યારે લુકૅસને ભાન આવશે ત્યારે તને ચિઢવવા માટે કરેલી યુક્તિઓ માટે તેને પોતા પર બહુ જ ગુસ્સો ચઢશે, અને જો તું પણ અહિં બેસીને સવાર સુધી આ બધાંનો વિચાર કરશે તો તને પણ તારે શું કરવું જોઇતું હતું અને શું ન કરવું જોઇતું હતું તેની ખબર પડશે. તું ઠંડી પડશે એટલે તારો ગુસ્સો ક્યાંનો ક્યાં ઊડી જશે. તને અક્કલ આવશે અને જૂનો પ્રેમ વધુ બળવત્તર થશે."

"કદી નહિ, કદી નહિ." પોતાના પૂર્ણ બળથી વેન્ડુલ્કા બોલી ઊઠી. માસીનું ભાષણ સાંભળતાં સાંભળતાં તેનો જીવ કંઠે આવી ગયો હતો. "હું લુકૅસને જીવથી યે વ્હાલો ગણતી હતી એ વાત ખરી, પણ અત્યારે—અત્યારે તો હવે તેને જમ જેવો ગણું છું. ઓ પ્રભુ! મારે આ શું બોલવું પડે છે! પહેલાં એ આવો ન હતો. એની પહેલી સ્ત્રીએ જ એને બગાડી નાંખ્યો. તે પોતે જ કહે છે કે તેની સાથે તે ગમે તેમ વર્તી શકતો. તે કશું જ બોલતી કરતી નહિ. આથી જ માણસ બગડે છે. મારા જેવી કદી પણ આવું સહન ન કરે. તે તો બેદરકાર હતી અને તેને તો કશું કામ કરતાં નહતું આવડતું. પણ હું તો ઘર અને

ખેતરનું કામ એવું કરૂં છું કે ન પૂછો વાત. ઘી માખણમાંથી મળતી પાઇએ પાઇનો હું હિસાબ રાખું છું અને ગમે તે પુસ્તક હું વાંચી શકું છું. મારી માગણીમાં કશું જ ખોટું કે અન્યાયભર્યું નથી. તું શું એમ માને છે કે સવાર સુધી અહિં બેસીને વિચાર કરવાથી મારા વિચારોમાં ફેર પડશે? શું તું મને અહિં એકલી મૂકી જવા માગે છે? ખુદાને ખાતર પણ એવું ન કરતી. એકલી હઇશ તો કંઈનું કંઈ કરી બેસીશ. મારાં દુર્ભાગ્યનો વિચાર કર. જે માણસને માટે મેં સર્વને તુચ્છકારી કાઢયાં, જેને હું પ્રભુ કરતાં જ માત્ર ઓછો ગણતી હતી, તેણે જ આખી દુનિયા દેખતાં મારી ફજેતી ઉડાવી, અને લગ્ન બાદ મને દુઃખ દેવાની ધમકી આપી. આનો વિચાર કરતાં પણ મારાં રૂંવાડાં ઉભાં થાય છે. મારો શોક ભૂલાવવા ખાતર માસી, તારે તો મને સાથે જ લઈ જવી જોઈએ. જો તું મને અહિં છોડી જશે તો તો હું મરી જ જઈશ."

આ હૃદયદ્રાવક વિનવણીનો અસ્વીકાર કરવાનો માસીનો જીવ ન ચાલ્યો.

"વારૂં, એક વખતમાં કંઇ બગડી નથી જતું. અને તારે ફરીવાર નહિ આવવું પડે. ગભરા મા!

પાછી ઉકળી ન જા. મારા મનની વાત તો હું કહેવાની. હું શરત મારીને કહું છું કે આપણે આ ઘરમાં એક કટકો રોટલી ખાઇએ એ પહેલાં તમારો મેળ ન થાય તો મારૂં નામ માર્ટિન્કા નહિ. પેલો કંડીઓ લે અને પીઠે બાંધ. તેં મને નકામી ચમકાવી તેનો હવે હું પૂરેપૂરો બદલો લઈશ. તું આમ ટટાર ન ચાલતી. વાંકી વળી જા. એટલે સૌને લાગે કે વજન ભારે છે. આ આખો કંડીઓ માખણથી ભર્યો હોય તો કેટલું વજન થાય એ કાંઈ તારાથી અજાણ્યું નથી. તે પીછાંથી ભર્યો હોય એવો દેખાવ તારે નથી કરવાનો. તારે જો દાણચોરીનો ધંધો જ કરવો હોય તો તારે આ બધી બાબતો ઉપર ધ્યાન આપવું પડશે. કોઈ વાર આવી ઝીણામાં ઝીણી બાબત જ મારી પાડે. હવે ખરૂં ! હવે ઇશ્વરને આશરે ચાલવા માંડીએ. પહેલાં જમણો પગ ઉપાડજે કે સહીસલામત પાછાં આવીએ. મારા દાણચોરોથી ગભરાવું નહિ. તેઓ ફક્કડ જેવા દેખાતા નથી તો પણ તેઓ બહુ જ સારા હોય છે. ખાસ કરીને મૅતુસ. તું તેને ઓળખે છે ? તે દર રવિવારે અને તહેવારને દિવસે દેવળમાં જવાનું ચૂકતો નથી, અને છેક વેદીની પાસે જઇને ઉભો રહે છે કે જેથી પ્રભુની વાણી સીધેસીધી સાંભળી

શકાય. દેવળ અને ઉપદેશ એ બે વાત તેને બહુ ગમે છે. તે જબરો ભક્ત છે. તે દેવ સૂતા પછી કદી પણ દાણચોરી કરતો નથી અને પ્રભુ તેના ઉપર મહેર રાખે એ માટે તે બીડી પણ પીતો નથી. ટુંકમાં તે અતિ ભલો આદમી છે—બરાબર મારા ધણીના જેવો જ. જાણે બે ભાઈઓ જ ન હોય! હજી તે પોતાના નાના છોકરાના જેટલો જ ચપળ છે. એ કામમાં તો કોઇ એને આંટી ન શકે. એ ટોળીનો ઉપરી છે અને એના હાથ નીચે ૨૦-૨૫ માણસો છે. તેઓ સો સો કદમને અંતરે એક બીજાની પાછળ ચાલતા રહે છે—જાણે પડછાયાની માફક સરી ન જતા હોય! પહેલાં તો આવા પચાસેક માણસો રહેતા પણ બધા ધંધાની માફક આ ધંધો પણ તૂટતો જાય છે. તે પહાડો ચઢવામાં અને દૂર દૂરના અવાજો સાંભળવામાં એક્કો છે અને પોલિસ તેનાથી અડધો માઇલ દૂર હોય એટલે તેને જાણે તેની ગંધ જ આવે છે. રસ્તામાં જરા પણ કાંઈ આડું અવળું થયેલું જણાય કે તરત જ તે બીજાઓને ઈશારત કરીને એવી ગલીકુંચીઓમાં લઈ જાય કે છૂપી પોલિસની તો ત્યાં જવાની હિંમત જ ન ચાલે. આજકાલ તો હું તેઓને ફીઝડોર્ફનાં જંગલમાં રડી

કુઈ આગળ મળું છું. મૅતુસ જ ઘણે ભાગે તેનાં પોટલાં સાથે મને મળે છે. તેને બીજી સ્ત્રીઓ સાથે ફાવતું જ નથી."

આ વાતચિત દરમ્યાન તેઓ ઘરમાંથી નીકળીને જંગલમાં દાખલ થઇ ગયાં હતાં. પછી તો તેઓ મુંગાં મુંગાં જ ચાલવા લાગ્યાં.

વેન્કુલ્કાને ઠંડો, ગાઢ, ભેજવાળો અંધકાર પોતાને વીંટી વળતો લાગ્યો અને જાત જાતના ચિત્ર વિચિત્ર સ્વરો તેને કાને અથડાવા લાગ્યા. આ શબ્દો વૃક્ષોનાં પાંદડાંના હશે કે પછી આકાશ અને પૃથ્વીતળ વચ્ચે બીજું કોઇ શોકના ઉદ્દગાર કાઢી રહ્યું હશે ? વેન્કુલ્કા જરા જરા વારે ઠંડીથી આખી ધ્રૂજી ઉઠતી હતી. કોઈ કોઈ વાર તેને લાગતું કે તે પોતે જાણે એક ઊંડાં તળાવને તળિયે ચાલી રહી છે અને તેના માથા ઉપરનાં પાણી નીસાસા નાંખે છે. શિયાળાની રાત્રે શગડી પાસે બેઠાં બેઠાં પોતાના બાપના એક ખાતેદારે તેને એક વારતા કહેલી તે તેને યાદ આવી :

"એક હતું શહેર. એકાએક તે જગ્યાએ મોટું સરોવર થઈ ગયું—કારણ તે શહેરે એક દેશદ્રોહીને આશરો આપ્યો હતો. એવું કહેવાય છે કે આજે પણ તે સરોવરને કાંઠે ઉભા રહીએ તો સરોવર નીચે

દબાઈ ગયેલાં શહેરનાં લોકો મદદને માટે ઘંટ વગાડે છે તે સંભળાય છે."

તે પોતે અત્યારે વિનાશની અણી પર હતી એથી તેને આ વાત યાદ આવી કે પછી તેનો દ્રોહ કરનાર માણસોને તેણે પોતાના હૃદયમાં સ્થાન આપ્યું હતું તેથી? તળાવ તળે દબાઈ ગયેલાં શહેરના ઘંટની માફક તેના હૃદયના ધબકારામાં પણ વિષાદ શું એટલા માટે જ જણાતો હશે? કોઈ અપૂર્વ ભય અને ત્રાસ તેના અંતરમાં પ્રસરી ગયા. તે કદી પણ મધરાતે જંગલમાં ગઈ ન હતી. પોતે ખેતરો અને બગીચાથી ઘેરાયેલાં ઘરમાં રહેતી એટલે જંગલનો એને પરિચય જ ન હતો.

"અને આમ છતાં હું આમ મધરાતે પણ જંગલમાં રહેવાનું—દાણચોરી કરનારની હલકી નોકરી કરવાનું, મારી જાતને હલકી પાડી એક સ્ત્રીને તેની દૃઢતા માટે જ તુચ્છકારનાર અને પીડનાર અન્યાયીની ચરણપીઠિકા થવા કરતાં હજાર દરજ્જે સારૂં ગણું છું." આમ તે વારંવાર મનમાં ને મનમાં બોલવા લાગી. અને તેનો ભય અને ત્રાસ ગુસ્સામાં પરિણમ્યા. આમ છતાં અત્યારે જ્યારે તે જગતમાં અટુલી જેવી જંગલમાં ભટકતી હતી ત્યારે જે સુખમય દિવસે તે

પિતાનું ઘર છોડીને માન અને પ્રેમ પામવાની આશાથી પ્રેમની પાંખે ઉડતી પોતાના પતિને ત્યાં ગઇ હતી તે દિવસ તેને યાદ આવ્યા વિના રહ્યો નહિ. તે દિવસે પશ્ચિમાકાશમાં જાણે જ્વાલાઓનો સાગર ઉલટયો હતો. તેની દૃષ્ટિ સમક્ષ જાણે સ્વર્ગનાં દ્વાર ખુલી ગયાં હતાં અને ભાવિ સુખની તેના અંતરને ઝાંખી થઈ હતી. પણ સુખ અને પ્રેમનાં આ સ્વપ્નમાંથી એકે ફળ્યું નહિ. તેના યૌવનની બધી યે આશાઓના ભૂકા ઉડી ગયા. અને આ બધાંથી તેનું હૃદય ફાટી ગયા વિના રહે જ કેમ ?

" પણ આવા વિચારોની જાળમાંથી મારે છૂટવું જ જોઈએ. હું એને હડસેલી જ મૂકવાની." તે મનમાં જ બોલી, પણ એક ઊંડો નાદ બોલી ઉઠયો કે તે આમ કદી પણ કરી શકશે નહિ. જે માણસને તેણે પોતાનું હૃદય આટલી બધી સંપૂર્ણ રીતે અર્પણ કર્યું છે તે માણસથી તે વિખુટી રહી જ ન શકે.

" પણ મારે આ બધાંની શી પડી છે! તે તો કદાચ અત્યારે કોઈ છોકરીને લઈને મારા તરફ હસતો હશે. હવે હું તેને વિષે વિચાર જ ન કરૂં. કદી પણ ન કરૂં. વિચાર કરવા જેટલી તેની કિંમત જ નથી! હું છું ત્યાંને ત્યાં જ જો પડી રહું તો તેના

નવા પ્રણય અને પાણિગ્રહણની વાત સરખી યે કોઈ મને નથી કરવાનું; તેની નવી વહુનાં વખાણ પણ મારી આગળ કરવા કોઈ નથી આવવાનું, કે તે કેટલી સુંદર છે અને ભાઈ સાહેબ કેવા તેના પર લટ્ટુ બન્યા છે. લટ્ટુ! એમ તે કદી બને ખરૂં? હું તો એ માની જ શકતી નથી. હું તેને સખતમાં સખત રીતે ઠપકો આપું ખરી, પણ તેને બદલે બીજા માણસ સાથે પ્રેમ કરવો—એ તો ભગવાન જાતે ઉતરી આવે તો યે ન કરાવી શકે. પણ પુરુષોના પ્રેમ વિષેના ખ્યાલો અમારા કરતાં જુદા જ હોય છે. કમભાગ્યે મારે એ પણ શીખવું પડ્યું. પણ લગ્ન પહેલાં તે આવો ન હતો. એની સ્ત્રીએ જ એને બગાડ્યો!"

વેન્ડુલ્કા અશ્રુપૂર્ણ નયને જે વિચારમાળા ગુંથી રહી હતી તેમાં વિક્ષેપ પડ્યો. તેની માસી અટકી ઉભી હતી અને વેન્ડુલ્કા તેની પાછળ પાછળ ચાલતી હતી એટલે તેને પણ અટકવું જ પડ્યું. માસીએ થેલીમાંથી સીસોટી કાઢી અને મોઢે માંડી. તેમાંથી એવો તો મૃદુ અવાજ આવ્યો કે કોઈને પણ એમ જ લાગે કે ઝાડની ટોચે બેસી કોઈ પંખી મધરાતે ગાઈ રહ્યું

છે. દૂરથી લાંબા લાંબા પડઘાઓ સંભળાયા. માસીના મ્હોં પર આનંદ ફરકયો.

માસી ધીમે સાદે બોલીઃ "બુઢ્ઢો મૅતુસ હજી પણ પહેરો ભરતો ઉભો છે. તેને ખાત્રી ખરી ને કે આભ તૂટી પડે તો યે હું તો આવવાની જ. મારા ઉપર 'તો એને પૂરેપૂરો વિશ્વાસ. પણ હવે જરા આપણે પગ ઉપાડવા જોઈએ. તેને ક્યાં સુધી વાટ જોતો રાખીએ ?"

માસીએ વેગ એટલો તો વધાર્યો કે વેન્કુલ્કા જેમ તેમ કરી તેની પાછળ ઘસડાવા લાગી. આખરે તેઓ ઝાડીથી ભરેલા એક સીધા ખડક આગળ આવી પહોંચ્યાં. વેન્કુલ્કાએ ધાર્યું કે એની પાસે થઈને જવાનું હશે; પણ માર્ટિન્કાએ તો ટટાર રહીને ઉપર ચઢવા માંડયું. પાછળ પાછળ ભાણેજ પણ ચાર પગે ચઢવા લાગી. એક વાંક લેતાં જ તેઓ ખુલ્લા પ્રદેશમાં આવી પહોંચ્યાં અને ત્યાં પડછાયા સમી એક મનુષ્યાકૃતિ ઉભેલી જણાઈ. પોતાના માણસના આવવાની વાટ જોતો વૃદ્ધ મૅતુસ ઘાસમાં લાંબો થઈને પડયો હતો. તેણે ઉઠવા માંડયું.

ઝાડીમાં ખટખડાટ થતો સાંભળીને તેણે પોતાના કોટ નીચેથી એક વીટો કાઢયો હતો, પણ જેવાં તેણે

બે માણસોને આવતાં જોયાં કે તરત જ વીટો ફેંકી દઈ પોતાનાં અંદરનાં ખીસ્સામાં હાથ નાંખ્યો. વેન્કુલ્કા ચમકીને પાછી હઠી. તેણે જોયું તો મૅતુસ તેના માથા સામે પિસ્તોલ તાકીને ઉભો હતો. પણ સારૂં થયું કે માત્ર ભયથી જ અટક્યું. નહિ તો જો માર્ટિન્કાએ એકદમ આગળ વધીને પોતાના સાથીનો પરિચય ન આપ્યો હોત તો શું થાત એ કોણ કહી શકે ? પણ વેન્કુલ્કાને તો ખબર પડી ગઈ કે કેવા પ્રદેશમાં તે ફરે છે અને તેનાં સર્વ ગાત્રો ધ્રૂજવા લાગ્યાં. તેને બીતી જોઈને બુઢ્ઢો દાણચોર તો હસ્યો અને પોતાનો હાડકાં જેવો કઠણ હાથ તેણે લંબાવ્યો. પણ વેન્કુલ્કાને હસવું ન જ આવ્યું. જાણે પોતે મૃત્યુને પ્રત્યક્ષ જોયું હોય એમ તે થરથરવા લાગી. બહુ જ સંકોચથી તેણે પોતાનો હાથ તેના હાથમાં મૂકયો એટલે ફરી વાર બુઢ્ઢાએ હાસ્યનો ઝરો વહેવડાવ્યો.

મૅતુસે કહ્યું કે તારી માસી તારા કરતાં જુદી જ પ્રકૃતિની છે. પણ એ પણ ખરૂં કે આજકાલ હવે એવી સ્ત્રીઓ પાકતી નથી.

દરમ્યાન માર્ટિન્કાએ પેલો વીટો પોતાના કંડીઆમાં સંતાડી કંડીઓ ફરી એવી રીતે ગોઠવ્યો કે તેમાં

માખણ વિના બીજું કાંઈ છે એવો વહેમ સરખો કોઇને ન જાય. પણ તેણે તે વેન્ડુલ્કાને ઉચકવા દેવાની ના પાડી. તેને પિસ્તોલથી આટલી બધી ડરતી જોઈ એટલે લાગ્યું કે તે કદાચ વળી કાંઈ મૂર્ખાઇભર્યું કરી બેસશે.

બુઢ્ઢા મૅતુસે પણ હા ભણી અને પેલી સનાતન વાત ફરી એક વાર ઉચ્ચારી કે જો માર્ટિન્કા છોડી દે તો તે પણ આ ધંધો છોડી દેવા તૈયાર છે. પછી ધંધાનું ગમે તે થાય. આ વીંટો માત્ર પોતાના ઘર સુધી જ લઈ જવાને તેણે માર્ટિન્કાને કહ્યું. સવારે કાપડીઓ આવીને લઇ જશે અને તેની પાસેથી જે માણસે પોતાની છોકરીના ઘાઘરા માટે એ મંગાવ્યો હતો તે લઇ જશે.

વાત પૂરી થાય એટલામાં તો બુઢ્ઢો અલોપ થઇ ગયો—જાણે ખડક જ તેને ગળી ન ગયો હોય! વેન્ડુલ્કા ફરી વાર માથાથી તે પગ સુધી ધ્રૂજી ઉઠી. તેનું આમ એકાએક ચાલ્યા જવું, તેની જાડી ભાષા, અસભ્ય ચાળા, અને જંગલી હાસ્યથી તે ગભરાઇ ગઇ હતી. અરે લુકૅસ! લુકૅસ! તેં આ શું કર્યું? તારા ઉપર એણે વિશ્વાસ રાખ્યો, પોતાનું ભાવિ તારા હાથમાં સોંપવાનો વિચાર કર્યો, તારા વિના કોઈ

એને સુખી ન જ કરી શકે એમ માન્યું તેનો તેં આ બદલો આપ્યો! કોણે ધાર્યું હતું કે તું આને આટલું દુઃખ દેશે? તારા જ વાંક માટે આજે આનો જીવ જાત. એના મૃત્યુસમાચારની તારા ઉપર કાંઇ અસર થાત ખરી! તું સ્મશાન સુધી પણ આવ્યો હોત ખરો? તેણે તને છેલ્લી ઘડીએ પણ ક્ષમા કરી હોત ખરી! ના, કદી નહિ. છતાં વેન્કુલ્કા પણ પોતાના ગુસ્સાને આમ અનંત કાલ સુધી તાણે અને વાંક તો લુકૅસનો નથી પણ એને બગાડનાર એની પહેલી સ્ત્રીનો છે એ વાત જાણવા છતાં, પ્રભુના દરબારમાં એની વિરૂદ્ધ ફરિયાદ કરે એ યોગ્ય ગણાત?

ઠંડીથી અને માનસિક પીડાથી વેન્કુલ્કા ધ્રૂજતી હતી, અને કદાચ પોલિસો અને ચોકીદારોનું ધાડું આવીને તેઓને પકડી કેદખાને લઇ જાય એવી ધાસ્તી આમાં વધારો કરતી હતી.

"તને આ દાણચોરીનો ધંધો ગમે છે?" ઝાડીમાંથી નીકળી 'ફર્સ' તરફ વળતાં માસીએ પક્કાઇથી હસીને પૂછ્યું.

"બહુ જ." કડકડતા દાંતે વેન્કુલ્કાએ ઉતાવળમાં ખાત્રી આપી.

* *

લુર્કસ એન્ડની આગળ ચાલતો ચાલતો બધી નાચનારીઓને લઇને પાછો હોટલમાં આવ્યો. ગામના મજબુત ફેફસાં અને સાબુત પગવાળા બધાય માણસો પારકે પૈસે પરમાનંદ કરી દીલ ધરાય ત્યાં સુધી નાચી લેવા તેની સાથે સાથે આવ્યા.

વેન્કુર્લ્કાને જીવનભર યાદ રહી જાય એવી સજા કરવાને માટે તે રાતે પોતાના બધા સોબતીઓ અને તેનું ખરૂં મૂલ જાણતી પેલી લજ્જાતિશયતા–મુક્ત છોકરીઓને જબરી જયાફત આપવાનો તેણે ઠરાવ કર્યો હતો. તે રાતે જે કોઇ હોટલમાં આવે તેને પોતાનો અતિથિ ગણવાને અને તેને જોઇએ એટલાં ગ્લાસ દારૂ આપવાને તેણે હોટલના માલેકને ફરમાવ્યું.

હાથમાં છલોછલ ભરેલો પ્યાલો લઈને તે નાચતો હતો. એક છોકરી તેના હાથમાંથી છૂટે એટલે બીજીને પકડી જ જાણવી. તેને બોલાવવાની પણ જરૂર ન હતી. તેઓ પોતાની મેળે જ આવતી હતી. તેની બાથમાં જવા માટે તેઓ માંહોમાંહે ચડસાચડસી કરતી હતી. દરેકે સૌ પહેલાં તેની બાથમાં જવું હતું. તે દરેકને મુખે મધુર શબ્દો અને આંખે જલદ કટાક્ષો ભર્યા હતા. તેને ભેટવાને તેઓ એક પગે થઇ રહી હતી. કોઇને પણ લુર્કસની

મૃત પત્નીની ચિર શાંતિમાં ભંગ પડવાની ધારતી લાગતી નહતી. તેમની આગળ કરેલી ચુંબનપ્રાર્થના કદી વ્યર્થ જાય એમ ન હતું. માગે એટલાં મળે એમ હતું, પણ કોણ જાણે કેમ તેને તેઓના તરફ આકર્ષણ ન હતું થતું. તે બહુ જ વહેલો કંટાળી ગયો. તેણે પોતાની સંગિનીને છોડી દીધી અને સહેજ પણ ન નાચવાનો નિશ્ચય કરીને એક ખૂણે પડેલા ટેબલે જઇને બેસી ગયો. સમસ્ત વિશ્વ સામે યુદ્ધ કરતો હોય એવો ભાવ તેનાં મોં પર પ્રસરી ગયો અને પ્યાલામાં પણ જાણે કોઇ કડવી ઝેર દવા ભરી હોય એમ તેને દૂર હડસેલી મૂક્યો. તેના ઘરને આગ લાગ્યાની ખબર કોઇએ તેના કાનમાં કહી હોય એમ તે સફાળો ઉઠયો અને હોટલમાંથી દોડી ગયો.

હોટલમાં ચાલી રહેલાં ગાનતાન, પેલી છોકરીઓ, વગેરે સહુ ઉપર તેને જબરી ઘૃણા ઉત્પન્ન થઇ હતી એટલે તે એકદમ ભાગ્યો. ગાનતાન અને નાચની ધમાલથી, અને તેના હૃદયમાંથી વેન્ડુલ્કાને દૂર કરવા મથતી હાજી હા કરનાર છોકરીઓથી પોતે વીંટળાયલો હતો તો પણ તેના મનના ભાવમાં પરિવર્તન શરૂ થઇ ચૂકયું હતું. જયારે ચારે બાજુએ આનંદની પરમાવધિ થઇ રહી હતી, જયારે પેલી છોકરીઓ

તેમું મન રંજન કરવાને અને તેને પોતાના ફંદામાં ફસાવવાને ગમે તે કરવાને તૈયાર થઇ ગઇ હતી, તે વખતે વેન્ડુલ્કાની મૂર્તિ તેની પાછળ પાછળ ભમી રહી હતી અને કેમે કરી દૂર ખસતી ન હતી. તેનાથી અજાણતાં જ વેન્ડુલ્કા અને તેના ઉપર વ્હાલ વર્ષાવતી આ છોકરીઓની સરખામણી થઇ ગઇ અને તેને લાગ્યું કે વેન્ડુલ્કાનો મિજાજ વસમો હતો, અભિમાન ભારે હતું અને મર્મવેધી શબ્દબાણોનો પણ પાર ન હતો, આમ છતાં તે કોઇ ઑર જ પ્રકૃતિની બનેલી હતી. તે તેને આટલા બધા ઉમળકાથી ચાહતી હતી છતાં તેણે આ બધાં વરસો દરમ્યાન કેટલો બધો સંયમ જાળવ્યો હતો, તેનું અંતર કેટલું સાચું અને નિષ્ઠાવાળું હતું અને તેનો પ્રેમ પણ કેવો સતત અને એકધારો હતો! તેણે લુકૅસને જે આપ્યું હતું તે બીજા કોઇને પણ આપે એમ ન હતું, એ વાતની તો તેને પૂરેપૂરી ખાત્રી હતી. પણ તેને વીંટી વળેલી આ હાજી હા કરનારીઓ તો આજે એ ન સપડાય તો કાલે બીજાના હાથ દાબવા અને તેને મધુર વચનો સંભળાવવાને તૈયાર હતી એ પણ તે બરાબર જાણતો હતો.

પોતાની પ્રિયતમાને ચિઢવવાને ખાતર જ તેણે

આ લોકોનો આશરો લીધો હતો અને એ લોકોએ જ તેને બરાબર સમજાવ્યું કે વેન્ડુલ્કામાં ગમે એટલા દોષો હોય તો પણ તેનાં હૃદયની સચ્ચાઈ અને ચારિત્ર્યની પવિત્રતા આમનાં કરતાં ક્યાંય ચઢી જાય એવાં હતાં.

શાંત રજનીમાં આમ તેમ આંટા મારતાં મારતાં હવે વેન્ડુલ્કા તરફ કેવો વ્યવહાર રાખવો એનો તે વિચાર કરવા લાગ્યો. વેન્ડુલ્કાએ આમ ધસીને ના પાડી તેને જબરો આઘાત કર્યો હતો, એટલે લગ્ન થયા પછી ઘણા દિવસ સુધી લુકૅસ તેની સાથે રીસાયલો રહે એ જ યોગ્ય છે. એણે પણ જક્કી સાથે જક્કી જ થવું અને વેન્ડુલ્કાના અભિમાનના ચૂરેચૂરા કરી તેને બતાવી આપવું કે હવે જીવનભર મારે ધણી તરિકે રહેવું છે. આજે રાતે જે કર્યું એથી વેન્ડુલ્કાને પૂરેપૂરી પજવણી થઈ હશે ? બંને પાછા મળશે ત્યારે વેન્ડુલ્કા શું કહેશે ? વેન્ડુલ્કાએ પોતાની ધમકી પ્રમાણે આચરણ કર્યું હશે એવો તો તેને ખ્યાલ સરખો પણ ન આવ્યો.

આ ભાઈ સાહેબ વિચારમાં એટલા તો લીન થઈ ગયા હતા કે પોતે હજી હોટલની પાછળ આવેલા મેદાનમાં જ આંટા મારે છે એમ માનતા હતા. પણ

તે તો અજાણતાં જ પોતાના મકાન પાસે આવી પહોંચ્યો હતો. છેક પોતાના બગીચાની વાડના દરવાજા પાસે આવ્યો ત્યારે જ તેને આ વાતની ખબર પડી. તેણે એકાએક એક હર્ષનાદ સાંભળ્યો અને ઘરમાંથી એક સ્ત્રી તેના તરફ દોડી આવી. તે ઘરની દાસી હતી.

"અરે, આ તો તમે જ છો ?" તેને ઓળખ્યો એટલે નિરાશાભર્યે સ્વરે તે બોલી.

"તું કોણ ધારતી હતી ?"

"મેં તો ધાર્યું કે શેઠાણી તમારી સાથે પાછાં આવ્યાં હશે."

લુકૅસ ચમકયો. તેના મનમાં કુશંકાઓ જાગવા માંડી.

"શેઠાણી !" તે અચકાતો અચકાતો બોલ્યો. "કેમ, તે કયાંથી પાછાં આવવાનાં હતાં ?"

જવાબ દેવાને બદલે દાસીએ રોઈ દીધું.

"થયું છે શું ?" જબરા ઉદ્વેગથી લુકૅસે પૂછ્યું. "તું આટલી રાતે અહીં કેમ ઉભી છે ? તું સૂતી શા માટે નથી ? રડે છે શાને ?"

"રડયા વિના તે કેમ રહેવાય ?" ડુસકાં ખાતાં ખાતાં તે બોલી, "શેઠાણી સદાને માટે ઘર છોડી ગયાં. એમનાં જેવાં હવે બીજાં કાંઈ મળવાનાં છે ?

આખી ધરતી ખૂંદી વળોને મળે તો ? શા એમની માયા ! સુઘડતા તો એમની જ ! અને સ્વચ્છતાની તો જાણે મૂર્તિ ! અમને સહુને તે બહુ વહાલાં હતાં. તેમને પોતાના કરતાં બીજાં બધાંની જ બહુ ફિકર હતી. અને હમેશાં ભલું કરવાને એક પગે તૈયાર. અભિમાન તો તેમણે જાણ્યું જ નથી. અને બચ્ચાંની કેવી સારી સંભાળ રાખતાં હતાં ! મા પણ એવું ન કરે ! નાનું બચ્ચું પણ તેમને ઓળખી ગયું હતું અને તેમના હાથમાંથી દૂધની શીશી લેતાં હસતું હતું. એનું બિચારાંનું હવે શું થશે ? આપણે હવે નોધારાં જેવાં થઈ ગયાં. ”

લુકૅસને તમ્મર આવ્યાં અને તેણે વાડ ઉપર હાથ ટેકવ્યો.

“ ત્યારે શેઠાણી ગયાં એમ ? ” શૂન્યવત્ બની તે બે ચાર વાર માત્ર આટલું જ બોલ્યો. આ વાત ખરી હોય એમ જ તે તો માની ન શક્યો.

“ તે તો ગયાં જ. અને જાય નહિ તો કરે પણ શું ?” દાસીએ જબરો ફટકો લગાવ્યો. “ આમ બારી સામે તમો ત્રણ ત્રણ છોકરીઓને લઇને નાચો તો તો ગમે એ છોકરી હોય તે પણ ચાલી જાય. તમે આવું અતેરૂં કર્યું જ શા સારૂ ? અમે બરાબર

જાણતાં હતાં કે તે કાંઈ પણ ખોટું કરતાં ન હતાં. અમને પણ આંખ કાન છે અને અમો પણ શું ચાલે છે એ બધું જોઇએ છીએ. આવી ભલી છોકરી, તેને લગ્નની વરધ ગણાવા માંડી હતી એવામાં આમ અજાણ્યા માણસોમાં જવું પડયું. કદાચ જર્મની પણ ચાલી જાય! મને તો ખાત્રી જ છે કે તે જર્મની જ ગઇ હશે. બીજે જાય જ ક્યાં? આપણે ત્યાં તો લોકો તેને જંપવા જ ન દે."

લુકૅસને વિષે એવું કહેવાતું હતું કે તેનો મિજાજ જરા ખરાબ હતો એ જ, નહિ તો કોઇનો પણ જીવ ન દુખાવે એવો તે માયાળુ, નરમ અને ભલો હતો. લોકોએ તેનું ખરૂં મૂલ આંકયું હતું એ તેણે આ વખતે બતાવી આપ્યું. તે પોતાની દાસીના ઠપકાને શાંત રીતે સાંભળી રહ્યો એટલું જ નહિ પણ તેનું લાંબું અશ્રુપૂર્ણ પ્રવચન જ્યારે ચાલતું હતું ત્યારે તેને એવું લાગતું હતું કે જાણે તે કોઈ સ્વપ્નમાં જ વિચરી રહ્યો છે. જેને કોઇ પણ જાતનો સ્વાર્થ ન હતો એવી આ દાસીએ વેન્ડુલ્કાની ભલાઈનાં વખાણ કર્યાં એની તેના ઉપર જબરી અસર થઈ. ગમે એટલી દલીલો પણ એટલું ન કરી શકત.

અજાણતાં જ તે પોતાના ઓરડામાં જઈ પડયો

અને પોતાના પરિણીત જીવન દરમ્યાન જે બારીએ પોતાની પ્રિયતમા સાથે એક વાર ઉભો રહેતો તે જ બારીએ જઈ ઉભો અને તેને સ્મરણ થયું કે તેની ચિત્તચોર વેન્ડુલ્કા જે દિવસે પહેલવહેલી આ ઘરમાં આવી તે દિવસે પણ તેણે એ જ બારીએ ઉભા રહીને સુખકર શાંતિનો અનુભવ કર્યો હતો.

સૂર્યાસ્તથી રક્તાભ થયેલાં આકાશને નિહાળીને તેણે કલ્પ્યું હતું કે પોતાની પ્રિયતમા સાથે તેનું આખું જીવન અનંત સુખમાં જ વ્યતીત થશે. પણ આજે ક્યાં રહ્યું તે સ્વપ્ન! કાળી અંધારી રાત્રે પોતાની પત્નીને ભાગી જતી તેણે જોઈ; તે કોણ જાણે ક્યાંય જશે અને કોનીય નોકરી કરી અશ્રુપૂર્ણ નેત્રે પેટ ભરશે. પોતાના વિચારોનો પ્રવાહ બદલવા માટે તે બારીએથી ખસી ગયો પણ અર્થ ન સધાયો. તેણે નિશ્ચય કર્યો કે આમ એકાએક જાગી આવેલી લાગણીઓનાં પૂરમાં તણાવું નહિ, પોતાની વિવેક-શક્તિ ઉપર પણ એની કશી અસર થવા દેવી નહિ, અને તેની પત્નીને માટે પૂકારતા તેના અંતરના નાદને પણ કાન દેવો નહિ. પણ જ્યાં જ્યાં તેણે પોતાની આંખો ફેરવી ત્યાં ત્યાં તેની પ્રવૃત્તિનાં સ્મૃતિચિહ્ન જ જણાતાં હતાં. તેનો ઓરડો જ કેટલો સુંદર અને

સુઘડ રીતે ગોઠવેલો હતો. વેન્ડુલ્કાની આંખ આવા કામમાં બહુ જ ચકોર હતી અને ઝીણામાં ઝીણી બાબત પણ તેની નજર બહાર જતી નહિ. ખરું છે–આખી ધરતી ખૂંદી વળો તો યે એનો જોટો ન મળે. તેની નજર પેલાં ઘોડિયાં ઉપર પડી અને તેના ઉપર તે કેટલીય વાર ઝુકી હતી તે પણ યાદ આવ્યું—તેના અંતરમાં જાણે દંશ થયો અને તે શોકમાં પૂરેપૂરો ડૂબી ગયો. તે ગઈ જ શા માટે? શાથી તેને જવું પડ્યું? તેણે લુકૅસના પુત્રની માતાની સ્મૃતિને લુકૅસના કરતાં યે વધુ પવિત્ર ગણી માટે.

"તેણે હજારો ગુના કર્યા હોય તો યે શું—" તે એવા તો ઝુસ્સાથી બોલી ઉઠ્યો કે ઘોડિયાં પાસે બેસીને રડતી દાસી પણ ભયથી ઝબકી ઉઠી.

"મારે તે એના લાડ કોડ પૂરા કરવા જોઇએ કે આમ સંતાપવી જોઈએ! હું એને એના જક્કીપણા માટે ઠપકો આપતો આવ્યો છું પણ અમારાં લગ્ન થવાની જરા સરખી યે જ્યારે આશા ન હતી ત્યારે એણે એક પછી એક માગાં પાછાં ઠેલ્યા કર્યાં ત્યારે તેનાં એ જ જક્કીપણા ઉપર હું પ્રીદા હતો. ત્યારે તો મારા હર્ષનો પાર ન હતો. અને હું એને દઢતા કહેતો અને એને જ તેનો મોટામાં મોટો ગુણ ગણતો.

બીજી સાથે પરણવાના મારા ગુનાને કઈ છોકરીએ માફ કર્યો હોત? પણ આણે તો મારાં માબાપ કઠોર છે એમ જોયું કે જાતે જ મને લગ્નની વાત જતી કરવાને કહ્યું અને તેને ખાતર શાપ વહોરતાં મને અટકાવ્યો. એને બદલે બીજી કોઇ હોત તો માબાપની વાતને કાન દેવા માટે મારી ધૂળ કાઢી નાંખત. પહેલેથી જ તેની ભલાઈનો પાર નથી. તેણે મારા પ્રેમ કરતાં મારા સન્માનની જ વધારે પરવા કરી છે. છતાં મેં આ બદલો આપ્યો! માત્ર એક ચુંબનને જ માટે મેં તેને આટઆટલી સંતાપી. લોકો તેની હાંસી કરશે તે પણ મારે લીધે જ. મારે લીધે જ તેને માટે પિતાનાં ઘરનાં દ્વાર સદાને માટે બંધ થયાં અને મારે લીધે જ તેને પેટ ભરવા ખાતર અજાણ્યાં માણસોમાં કામ કરવા જવું પડ્યું.—પણ ના, ના, હું વાત એટલે સુધી ન જ જવા દઉં. હું કાલે જ પેલા બુઢ્ઢા પાસે જઈશ અને તેને બધી વાત કહીશ. તે પોતાની દીકરીને ખોળી કાઢશે, અને કહેશે કે જો તેને મારા તરફ ધિક્કાર ઉત્પન્ન થયો હોય અને વિવાહ ફોક કરવા ઇચ્છતી હોય તો તેમ કરવા પણ હું રાજી છું. પણ આ પણ હું મિત્ર-ભાવે સંપૂર્ણ માન સહિત કરવા માગું છું. જો કોઇ

તેની હાંસી કરે તો તો તેનો ટોટો જ પીસી નાંખું. બતાવી જ દઉં! પણ ડોસો એને શોધશે ક્યાં?"

લુકૅસે આ બાબત બહુ વખત સુધી વિચાર કર્યો: તે કઈ દિશામાં ગઈ હતી તે પણ દાસીને પૂછ્યું, પણ કશો નિર્ણય થઇ શકયો નહિ. આખરે તેને સૂઝયું કે જો કોઇ શોધી શકે તો તે માત્ર બુઢ્ઢી માર્ટિન્કા, કારણ કે તે હમેશાં રસ્તા ઉપર ભટકતી જ હોય છે અને બધી ખબર રાખે છે. વળી દાણચોરો મારફત તે એ ખબર પણ મેળવી શકશે કે વેન્ડુલ્કા જર્મની ગઈ છે કે નહિ. તે ક્ષણે લુકૅસે પોતાની બધી ય લાગણીઓને દાબી દીધી અને વેન્ડુલ્કા સાજી સમી પોતાના પિતાને ઘેર જલદી આવી પહોંચે એની જ ફિકરમાં પડયો.

તે જાણતો હતો કે માર્ટિન્કા પોતાને રાતને કામેથી સૂર્યોદય પહેલાં ઘેર આવી જતી હતી. મળસ્કું થવા આવ્યું હતું એટલે તે આવે એટલે જ તેને મળવાને તે ઉપડયો.

તે 'ફ્રર્સ'માં આવી પહોંચ્યો, પણ ઘરમાં પૂરેપૂરી શાંતિ પ્રવર્તતી હતી. તેણે બારીમાંથી જોયું તો ઘર ખાલી હતું. લુકૅસ સમજ્યો કે માર્ટિન્કા હજી આવી નથી, પણ તેને આવતાં હવે વિલંબ થાય એમ પણ

નથી કારણ કે દિવસે તેને કોઈ માલ સાથે જંગલમાં જુવે એ તેને ગમતું ન હતું. થોડી વારમાં જ આવશે એમ લાગ્યું. આકાશમાં લાલી પથરાઈ ગઈ હતી અને પર્વતોની પાછળથી સૂર્ય ઊગવાની તૈયારી કરતો હતો.

લુકૅસ વાડને અઢેલીને વાટ જોતો ઉભો.

દૂર ઝાડીમાં તે દેખાઈ. તેણે તેની ગરમ શાલ પણ પારખી. પણ તે એકલી ન હતી. બીજી એક સ્ત્રી તેની સાથે હતી. લુકૅસે માન્યું કે તેની કોઈ મદદનીશ હશે.

આ વણનોતર્યું ત્રીજું માણસ ચાલ્યું જાય એટલી વાર ઝાડ પાછળ છૂપાઇ રહેવાની તે તૈયારી જ કરતો હતો એટલામાં તો વેન્ડુલ્કાની માસીએ તેને જોયો.

"આ રહ્યો લુકૅસ! લુકૅસ!" નીચું માથું રાખી ચાલતી પોતાની સંગિનીને તેણે ગાંડાની માફક બૂમ પાડીને કહ્યું.

બીજી જ ક્ષણે અદમ્ય હર્ષનાદ આ વિધુરને કાને અથડાયો. માર્ટિન્કાની સંગિની ડોસીને પાછળ મૂકીને આગળ ધસી; બે કંપિત ભુજલતાઓ લુકૅસને વીંટી વળી અને પેલા એસ્પન કુંજમાં પણ તેને કદી ન મળ્યું હોય એવું ઉમળકાભર્યું ચુંબન તેના હોઠ

ઉપર મુદ્રિત થયું. લુકસે પોતાની ભાવિ વધૂને કમરપટ્ટાથી પકડી, ઊંચકી. તેના હૃદયમાં લાગણીનું એટલું તો પ્રબળ હતું કે તેના મુખમાંથી વાચા ન હતી સરતી. એમને એમ તે તેને પોતાના ઘર સુધી ઉપાડી ગયો.

* *

આ વેન્‌ડુલ્કાને તે શું કહેવું ? પહેલાં તેણે ચુંબન કરવા દેવાનો વિરોધ કર્યો; થોડા જ સમયમાં તે જેની સાથે લગ્નવેદી આગળ ઊભી રહેવાની હતી તેને ચુંબન કરવા દેવા કરતાં આખા ગામમાં ફજેતી ઉડે એને પણ તેણે સારૂં ગણ્યું, નાસી ગઈ, દાણચોરોની ભેગી રહી, પણ ચુંબન ન જ કરવા દીધું, અને ક્રોધનો આ આફાટ ધોધ વહેવડાવ્યા પછી પોતાની મેળે જ વણમાગ્યું ચુંબન દેવા દોડી ગઈ! શો સ્ત્રીઓનો સ્વભાવ છે ! કઇ સ્ત્રી નથી જાણતી કે તેની મરજી હોય કે ન હોય તો પણ તેની વિવેકશક્તિની સાથે સાથે જ તેનું હૃદય પણ દોટ કાઢીને ભાગવા જ માંડે છે. ભગવાન જાણે આમ કેમ થતું હશે ! મારૂં તો મગજ થાકી ગયું-એનો વિચાર કરતાં. એ વાતનો સદાને માટે કાંઈ નિવેડો આવી જાય તો જ સારૂં. અને આ લુકસને પણ શું કહેવું ? લગ્નને

દિવસે મારો વહાલો બડાશ હાંકે છે કે મારી પત્ની તો લગ્ન પહેલાં મને ચુંબન ન કરવા દેવા માટે નાસીને દાણચોરો ભેગી ભળી ગઈ હતી. આ કહેતી વખતે તેનો ગર્વ જોવા જેવો હતો. તેનાં વખાણ કરતાં તે થાકતો જ ન હતો અને સૌ કોઇને પોતાની સ્ત્રી બતાવતો ફરતો હતો.

આ લગ્ન વખતે સૌથી વધારે આતશબાજી કોણે ફોડી હશે એ તમે કંઈ કલ્પી શકો છો? સાત સાત તો અણવર હતા. છ તો ઘોડે ચઢીને તેની આજુબાજુ ચાલતા હતા અને સાતમો લુકૅસની સાથે. પણ આ બધા જુવાનીઆ કરતાં પેલા બુઢ્ઢા મૅતુસે વધુ દારૂનો ધૂમાડો કર્યો. તેણે બે હાથમાં બે પિસ્તોલો રાખી હતી અને એકી સાથે બબ્બે ભડાકા કરતો હતો. જ્યારે મહેમાનો તેની પાસે થઈને જતા હતા ત્યારે તે તો એવા મોટા ભડાકા કરતો હતો કે પેલા સતાયુ લીમડા નીચે ઉભેલી આદિજનનીની કુતૂહલ-પ્રિય પુત્રીઓના કાન પણ બહેર મારી જતા.

માર્ટિન્કા એની પાસે જ ઉભી હતી. કોઈ કોઈ વાર મૅતુસ રમુજમાં તેના માથા તરફ પિસ્તોલ તાકતો ત્યારે તે માત્ર હસતી. જ્યારે વેન્ડુલ્કાએ માર્ટિન્કા મારફત મૅતુસને લગ્નયાત્રામાં જોડાવાને કહેવડાવ્યું

ત્યારે, તેને થયું કે હું જાતે જ શા માટે લગ્ન ન કરું ? તેણે ધંધાની બધી તગડમાંથી છૂટવાનો અને ધંધો પોતાના પુત્રોના હાથમાં સોંપવાનો ઠરાવ કર્યો અને માર્ટિન્કાને પણ હવે પોતાનાં હાડકાંને જંપ દેવા કહ્યું. તે હવે જીવનનાં બાકીનાં વર્ષો મૅતુસની પાસે રહી આનંદ અને સંતોષમાં ગાળે તો શું ખોટું ? જો તે બે જણાં લગ્ન કરે તો માર્ટિન્કાનું નાનું ઝુંપડું પણ જરા રસમય બને અને મૅતુસ પણ પોતાનું નિવૃત્ત જીવન રસગોષ્ટી કરવામાં ગાળી શકે.

માર્ટિન્કાએ આ માગણી સ્વીકારી અને લગ્નની તૈયારી કરવા માંડી. હવે તેઓના લગ્નની કંકોત્રી બહાર પાડવાનો વખત આવી લાગ્યો હતો અને તેથી જ તો આ બુઢ્ઢો અત્યારે આટલી ધમાલ મચાવતો હતો. અને જ્યારે લીમડા નીચે ઉભેલી કુતૂહલપ્રિયાઓને માર્ટિન્કાએ સ્નેહસત્કારનું પાન કરાવ્યું ત્યારે માત્ર ગ્લાસમાંથી એક જ ઘુંટડો પાયો નહિ પણ એક એક ગ્લાસ આખું પાયું. પહેલાં કદી પણ સ્નેહપાન આટલે છૂટે હાથે કરાવવામાં આવ્યું ન હતું. આ કુતૂહલપ્રિયાઓને પણ એવો એકે પ્રસંગ યાદ ન હતો આવતો—જો કે તેઓએ અનેક લગ્નોમાં ભાગ લીધો હતો. માર્ટિન્કાએ

પોતાની પૂંજીનો સારો સરખો ભાગ આ લગ્નમાં ખર્ચ્યો અને તેની ઉદારતાનાં વખાણ પણ થયાં, અને પોતાની ભાણેજ નેન્કુલ્કા પૅલુકીના લગ્નમાં એણે કરેલા લખલૂટ ખર્ચની વાત ઘણા દિવસો સુધી ચાલ્યા કરી.

બળેવ, ૧૯૮૩.

માતેઓ ફાલકોને

કોસિકાના પોર્ટો વેટ્ચો બંદરેથી નીકળી વાયવ્ય દિશા તરફ જતાં જમીન એકાએક ઊંચી થતી લાગે છે. મોટા મોટા પત્થરના ટેકરાઓ અને ખાઇઓ ઓળંગતા વાંકેચુંકે રસ્તે ત્રણેક કલાક ચાલ્યા કરીએ તો એક જંગલ જેવું આવે છે. એને તે દેશની ભાષામાં 'માકી' કહે છે. જે ભરવાડો બકરાં ચરાવીને ગુજરાન કરે છે તેઓ અહિં રહે છે. વળી જે ગુનેગારો પોલિસથી નાસતા ફરતા હોય તેઓનો અડ્ડો પણ અહિં જ હોય છે. અહિં આવી ઝાડી થવાનું એક કારણ છે. ખેતરને ખાતર દેવાની મહેનત ઉગારવાને અહિંના ખેડુતોએ નવો જ ઉપાય શોધી કાઢયો છે. વગડાના એક ભાગમાં દવ લગાડે છે અને તેની જે રાખ થાય એ જ તે ભાગનું ખાતર. તેટલા ભાગમાં વાવણી કરે અને કાપણી વખતે માત્ર કણસલાં જ કાપી લે છે અને બાકીના સાંઠા ઉભા જ રહેવા દે છે. બીજે વરસે આ સાંઠાઓ વળી પીલાય છે અને જોત જોતામાં સાત આઠ ફૂટ ઊંચા થઈ જાય છે.

આવાં ઝૂંડને જ 'માકી' કહે છે. જાત જાતના છોડ, વેલા વગેરે એક બીજાં સાથે ગુંચવાઈને એવાં તો ગીચ થઈ જાય છે કે હાથમાં કુહાડો લીધા વિના કોઈ એક ડગલું પણ આગળ વધી શકે નહિ. કોઈ કોઈ જગ્યાએ તો આ ગુંચ એટલી સખત હોય છે કે જંગલી બકરાં પણ તેમાં પેસી શકતાં નથી.

ખુનીઓ પણ આ જ 'માકી'માં આવીને રહે છે. એકાદ સારી બંદુક અને થોડો ઘણો દારૂ-ગોળો હોય એટલે થયું. સાથે એક લાંબો સરખો અંગરખો અને માથે ઓઢવાને એક વસ્ત્ર—પાથરીને સૂવામાં અને શરીર ઢાંકવામાં બંનેમાં ચાલે. બકરાં ચરાવનાર ભરવાડો પાસેથી દૂધ, પનીર અને ચેસ્ટનટનાં ફળો મળી રહે. અહિં કાયદાની બીક નહિ તેમ જ મરનારના સંબંધીઓ પણ આટલે સુધી પીછો પકડી આવી ન શકે, માત્ર જ્યારે દારૂગોળાની પૂંજી ખૂટતાં શહેરમાં જવું પડે ત્યારે જ જરા મુશ્કેલી ઉભી થાય.

હું જ્યારે કોર્સિકામાં હતો ત્યારે માતેઓ ફાલકોને નામનો એક માણસ આ 'માકી'થી દોઢેક માઇલને અંતરે રહેતો હતો. તે તરફનાં લોકોમાં તેની સ્થિતિ સારી હતી એમ કહેવું જોઈએ, કારણ કે તેને મજુરી કરીને ખાવાનું ન હતું. તેની પાસે બકરાંનો કંઈ પાર ન હતો. બજાણીઆ ગોવાળો

પાસે પહાડો ઉપર આમ તેમ બકરાં ચરાવી લેતો અને લ્હેર કરતો. હું જે વાત કહેવાનો છું તે બન્યાને બે વરસ થયાં પછી હું જ્યારે તેને મળ્યો ત્યારે તેની ઉમ્મર બહુ બહુ તો પચાસની હશે. સુંદર, ઠીંગણો મજબુત બાંધો, વાળ પણ ગાઢા અને કાળા, આંખો પણ જેવી મોટી એવી જ તીક્ષ્ણ અને શરીરનો રંગ પણ બુટનાં ચામડાંના જેવો ગાઢ બદામી. તે દેશમાં પાકા શિકારીઓનો કાંઈ તોટો ન હતો એમ છતાં ત્યાં પણ માતેઓની નિશાન તાકવાની કળાથી બધાં અચંબો પામતાં હતાં. તે કદી પણ જંગલી બકરાં મારવામાં કારતુસનો દુર્વ્યય કરતો નહિ. સવાસો હાથને છેટેથી જ તે જાનવરના માથામાં કે ખાંધમાં જ્યાં મરજી ફાવે ત્યાં ગોળી વીંધી તેને તોડી પાડતો. વળી રાત હોય કે દિવસ હોય, તેની બંદુક તો સરખી જ ચાલતી. તેના ઉસ્તાદીનું આ પ્રમાણ કોર્સિકા ન જનાર માણસો કદી પણ માને એમ નથી. આશરે એંસી હાથને અંતરે રકાબી જેવડા ગોળ કાગળની પાછળ દીવો મૂકે અને માતેઓ નિશાન તાકી લે પછી દીવો હોલવી નાંખવામાં આવે. દીવો હોલવ્યા પછી ઘોર અંધકારમાં તે બાર કરે, તો પણ ચારમાંથી ત્રણ ગોળી તો કાગળને વીંધવાની જ.

માતેઓ ફાલકોને

આવી જેની શક્તિ હોય તેનો ધંધો ધમધોકાર ચાલે જ. સહુ કોઈ કહેતું કે માતેઓ મિત્રોનો બંધુ અને દુશ્મનોનો કાળ હતો. તે લોકોને પુષ્કળ મદદ કરતો. તેનો હાથ પણ બહોળો હતો. પોર્ટો વેટ્ચ્ચોની આસપાસના લોકોની સાથે તો તે બહુ જ સાલસતાથી રહેતો હતો. તેને વિષે એક જ ખરાબ વાત લોકોમાં ચાલતી હતી—તે જે ગામમાં પરણ્યો હતો ત્યાંનો જ એક દુર્દાંત માણસ તેનો પ્રણય-પ્રતિસ્પર્ધિ હતો. કહે છે કે આ માણસને બળજોરીથી દૂર ખસેડી તેણે પોતાનો માર્ગ સરળ કર્યો હતો. લોકો માને છે કે આ હરીફ એક દિવસ બારીમાં બેસી આરસો લઈને હજામત કરતો હતો, એવામાં એકાએક કોણ જાણે ક્યાંથી એક ગોળી આવીને તેને વાગી. કહે છે કે આ કામાં માતેઓનાં જ હતાં. આ વાત ટાઢી પડી એટલે માતેઓએ લગ્ન પતાવી લીધાં. તેની સ્ત્રી જીસેપાને એક ઉપર એક એમ ત્રણ છોકરીઓ અવતરી એટલે આ ભાઈ ખૂબ ચિઢાયા, પણ ત્યાર પછી પુત્રજન્મ થતાં તેના આનંદનો પાર ન રહ્યો, અને તેણે તેનું નામ 'ફોર્ચુનાતો' રાખ્યું. તે જ તેના વંશનો દીવો, પૂર્વજોનું નામ રાખનાર હીરો હતો. છોકરી-ઓને તેણે સારે ઠેકાણે પરણાવી હતી—અણીને

પ્રસંગે જમાઇઓ તેને દારૂગોળો પૂરો પાડશે એ વાતની તેને પૂરેપૂરી ખાત્રી હતી. છોકરો દશ વર્ષનો થયો હતો, પણ એટલામાં તો તે બહુ જ ચાલાક અને ચતુર થઈ ગયો હતો.

શરદ ઋતુ હતી. માતેઓ પોતાની સ્ત્રી સાથે જંગલમાંનાં મેદાનોમાં બકરાં ચરાવવાને સવારના પહોરમાં જ વહેલો નીકળી ગયો. ફાર્ચુનાતોએ પણ સાથે જવાને હઠ તો લીધી હતી પણ મેદાન દૂર હતું અને ઘેર પણ કોઈએ રહેવું જોઈએ એટલે બાપે માન્યું નહિ.

આ ન માનવાથી કેવો વિષાદજનક પ્રસંગ ઉત્પન્ન થયો તે જરા વારમાં જ સમજાશે.

માતેઓને ગયાને કેટલાક કલાક વીતી ગયા હતા. ફાર્ચુનાતો બહાર તડકામાં ગુપચુપ ચત્તો પડીને વિચાર કરતો હતો કે આ રવિવારે તો ફોજદાર મામાને ત્યાં ફરવા જઈશ, એવામાં એકાએક બંદુકનો અવાજ સંભળાતાં તેના વિચારની દિશા બદલાઈ ગઈ. એકદમ ઉઠી પડીને જે તરફથી અવાજ આવ્યો હતો તે તરફ જોઇને તે ઉભો રહ્યો. થોડા વધુ અવાજો થયા. અવાજો સરખે અંતરે થતા ન હતા તો પણ તે ધીમે ધીમે પાસે આવે છે એમ લાગ્યું. આખરે ખેતરમાંથી તેમને ઘેર આવવાના રસ્તા ઉપર એક માણસ દેખાયો. પહાડી લોકો જેવી ટોપી પહેરે છે તેવી ઊંચી ટોપી તેને માથે હતી;

દાઢી પણ હતી. કપડાં તદ્દન ફાટેલાં તૂટેલાં હતાં. તે માણસ બંદુકનો ટેકો દેતો દેતો બહુ જ કષ્ટથી આગળ વધતો હતો. તેની જાંઘમાં તરતની જ એક ગોળી પેસી ગયેલી હતી.

આ માણસ પોલિસોથી છૂપાતો ફરતો હતો. રાત્રે શહેરમાં દારૂગોળો લેવા ગયો હતો. રસ્તામાં સિપાઈઓનો ભેટો થઈ ગયો. રીતસરની લડાઈ કરી તેઓના હાથમાંથી નાસી છૂટયો તો ખરો પણ તે લોકોએ પણ એનો પીછો પકડયો, એટલે ગોળી ચલાવતાં ચલાવતાં અને ડુંગરાઓ કુદતાં કુદતાં આટલે સુધી તે આવ્યો. અત્યારે તો તે લોકો પણ બહુ જ પાસે આવી પહોંચ્યા હતા અને આ બિચારાનો પગ ઘવાયો હતો, એટલે તે 'માકી' સુધી પહોંચી શકે એમ ન હતું.

ફોર્ચુનાતોને જોતાં જ તેની પાસે આવી તેણે કહ્યું: "તું માતેઓ ફાલ્કોનેનો દીકરો, કેમ ?"

"હા."

"મારૂં નામ જીનેત્તો સોપિયેરો. મને જલદી કોઈ જગ્યાએ સંતાડી દે. પોલિસ મારી પાછળ પડયા છે. મારાથી હવે જરા પણ ચલાય એમ નથી."

"બાપુને પૂછ્યા વિના સંતાડું તો પછી બાપુ મને કહેશે શું ?

"કહેશે કે સારું કર્યું."

"તમે કેમ જાણ્યું ?"

"જલદી સંતાડી દે—પેલા આવી પહોંચ્યા !"

"જરા ઊભો તો રહે ! બાપુને પહેલાં આવવા દે."

"ઊભો શું રહું ? ધૂળ ! પેલા તો, એમ જાણ્યું કે પાંચ મિનિટમાં આવી પહોંચશે. જલદી સંતાડી દે મને. નહિ તો મને મારી નાંખશે !"

ફોર્ચુનાતો ખૂબ ધીર નિર્વિકાર ભાવે બોલ્યો: "તારી બંદુક કાંઈ ભરેલી જણાતી નથી. અને થેલીમાં પણ કારતુસ હોય એમે ય લાગતું નથી."

"તું, બાપુ ! માતેઓ ફાલકોનેનો દીકરો નથી ! ઘરને ઉંબરેથી મને પકડાવી દેશે ?"

છોકરાના મન ઉપર આ શબ્દોની અસર થઇ. તે આગળ આવીને બોલ્યો: "વારુ, તને હું સંતાડી દઉં તો તું શું આપે ?"

પેલા માણસે કમરે લટકતી ચામડાંની થેલીમાં હાથ નાંખ્યો, અને ફંફોસી ફંફોસીને દારૂગોળો ખરીદવાને બચાવી રાખેલા પાંચ ફ્રૅંક કાઢ્યા. આ જોતાં જ ફોર્ચુનાતોનું મોં હસું હસું થઇ રહ્યું. ઝપ દઇને જીનેત્તોના હાથમાંથી પૈસા લઈ લઇને તે બોલ્યો: "તારે હવે જરાય ગભરાવું નહિ."

તરત જ ઘરની પાસે જે ઘાસનો ઢગલો પડયો હતો તેમાં તેણે એક મોટો ખાડો કર્યો. જીનેત્તો તેમાં લપાઇને બેઠો. છોકરાએ તેને એવી રીતે ઢાંકી દીધો કે શ્વાસને માટે જગ્યા રહે અને છતાં બહારથી જોનારને એમ ન લાગે કે તેમાં કોઈ માણસ છૂપાયો છે. ઘડીકમાં તેના મનમાં એક નવો જ મુદ્દો જાગ્યો. તે એક બિલાડીને અને તેનાં બચ્ચાંને લઈ આવ્યો અને ઘાસના ઢગલા ઉપર બેસાડી દીધાં—જોનારને એમ જ લાગે કે ઘાસને કોઇ અડયું સુદ્ધાં નથી. ત્યારપછી ઘરની આસપાસ અને રસ્તા ઉપર પડેલા લોહીના ડાઘા ઉપર સંભાળપૂર્વક ધૂળ નાંખી તે પહેલાંની માફક તડકામાં લાંબો થઇને સંપૂર્ણ શાંતિથી સૂઇ રહ્યો.

થોડી જ વારમાં પીળાં કુડતાંવાળા છએક સિપાઇ સાથે એક જમાદાર માતેઓને ઘેર આવી ઉભો. આ અધિકારી માતેઓનો દૂરનો સંબંધી થતો હતો. (સહુકો જાણે છે કે સગપણનો પ્રભાવ જેટલો કૉર્સિકામાં પડે છે તેટલો બીજે ક્યાંય નથી પડતો.) એનું નામ તિયોદોરો ગામ્બા હતું. માણસ કામમાં કુશળ હતો. લુંટારૂઓ એનાથી બહુ જ ડરતા. તેણે ઘણા લુંટારૂઓને પકડયા હતા.

ફેર્ચુનાતોને જોતાં જ તે બોલી ઊઠયોઃ "કેમ, ભાણા ? સારો તો છે ને ? અરે ! તું તો આટલામાં બહુ મોટો થઇ ગયો ને !—તેં હમણાં કોઇને અહિંથી જતો જોયો ?"

"શાનો મામા, તમારા જેવો હજી હું ક્યાં થયો છું જે ?"

"થવાનો નહિ તો ક્યાં જવાનો; ધીમે ધીમે થશે. તેં અહિંથી કોઈ માણુસને જતાં જોયો ?"

"કોઇ માણુસને ?"

"હા, માથે ઊંચી ટોપી છે અને કાળી મખમલનો ઝભ્ભો પહેરેલો છે."

"માથે ઊંચી ટોપી અને કાળી મખમલનો ઝભ્ભો ?"

"હા ! જલદી બોલને; મારૂં બોલેલું જ શું બોલ્યા કરે છે ?"

"આજે સવારે અમારા પાદરી સાહેબ અહિંથી જતા હતા ખરા,—પેલા પાદરી—જેના ઘોડાનું નામ પિયેરો છે તે—તે જ ઘોડા ઊપર બેસીને જતા હતા. મને પૂછ્યુંઃ 'તારા બાપુને કેમ છે ?'"

"લે, લે હવે, રહેવા દે તારાં ટાળાં ! જાનેત્તા

કઇ તરફ ગયો, તે જ કહેને. અમે તેને જ શોધવા આવ્યા છીએ. તે આ બાજુથી જ ગયો છે."

"તેની મને શી ખબર ?"

"તને શી ખબર ? જરૂર તેં તેને જોયો છે."

"વાહરે, તમે ખરી ગમ્મત ઉડાવો છો ! માણુસ ઊંઘતો હોય ત્યારે રસ્તેથી કોણુ ક્યાં ગયું તેની તેને ખબર પડે ખરી ?"

"અરે છછુંદર ! તું પાછો ઊંઘતો હતો ખરો ને ? મારી બંદુકનો અવાજ સાંભળીને પણુ જાગ્યો નહિ હોય !"

"વાહ: એમ કે ? મામા, તમે તો એમ જ માનતા હશો કે તમારી બંદુકનો અવાજ બહુ જબરો થાય છે, કેમ ? બાપુની બંદુકનો અવાજ તમે કદી સાંભળ્યો લાગતો નથી."

"માળો ! કેવો બજાત છે ! જાનેત્તોને જો તેં ન જોયો હોય તો મારૂં નામ તિયોદોરો નહિ. વખતે તેં જ તેને કેથે સંતાડી રાખ્યો હશે. ચાલો સિપાઇઓ, આપણે એકવાર આ ઘરમાં તપાસ કરી આવીએ. જોઇએ તો ખરા કે છે કે નહિ. છેલ્લે છેલ્લે તો તે એક પગે જ ચાલતો હતો. આવી સ્થિતિમાં ખોડંગતો ખોડંગતો છેક 'માકી' સુધી

જાય એવો તે મૂરખ નહિ હોય. તે ઉપરાંત લોહીના ડાઘા પણ અહિં સુધી આવીને જ અટકી ગયા છે."

ફોર્ચ્યુનાતો જાણે ખુશ ખુશ થઇ ગયો હોય તેમ બોલ્યો: "વારૂં, વારૂં, બાપુ અત્યારે છે નહિ—જોર જુલમથી ઘરમાં પેસો તો ખરા. બાપુ આવીને સાંભળશે ત્યારે ખબર પડશે."

ગામ્બાએ તેનો કાન પકડીને કહ્યું: "શેતાન! ખબર છે કે ધારૂં તો આમ ઘડી તારા બોલ ફેરવી નંખાવું? ઊંધી તલવારના થોડા સપાટા પડશે ને તો આમ બોલવાનું જ ભૂલી જશે."

તોપણ ફોર્ચ્યુનાતો મઝા જોવા માટે બોલ્યો: "મારા બાપુનું નામ માતેઓ ફાલકોને છે."

"તો, એ ઉલ્લુ! જાણે છે કે હમણાં જ હું તને કેદ કરી શકું એમ છું. જાનેત્તો ક્યાં છે તે જો મને ન કહે તો તને પગે બેડી પહેરાવી કોટડીમાં પૂરી ઘાસની પથારીમાં સૂવાડી રાખીશ. આખરે માથું કઇશ ઉડાવીને."

આવી સજાની વાત સાંભળીને છોકરો ખડખડ હસવા લાગ્યો અને બોલ્યો: "મારા બાપુનું નામ માતેઓ ફાલકોને છે."

સિપાઇઓમાં એકે જમાદારને કાનમાં કહ્યું:

" જવા દ્યો, સાહેબ! નકામા માતેઓને શા માટે છેડો છો?"

બધા સમજી ગયા કે ગામ્બા ખરી મુશ્કેલીમાં ફસાયો. છે. એ દરમ્યાનમાં સિપાઇઓ ઘરમાં ફરીને પાછા આવ્યા, એટલે તેણે તેઓની સાથે ખાનગી મસલત કરવા માંડી. ઘરમાં તપાસ કરતાં બહુ વાર ન લાગી કારણ કે કૉર્સિકાનું ઘર એટલે મોટો ચોખૂણ ઓરડો. અસબાબમાં એકાદ ટેબલ, થોડી બેંચ, ત્રણ ચાર પેટી, જરાતરા બીજો પરચુરણ સામાન અને શિકારનાં હથિયાર. ફોર્ચુનાતો તે વખતે ઘાસના ઢગલા પાસે ઊભો ઊભો બિલાડીને થાબડતો હતો—મામા અને મામાનાં માણસોની આવી દુર્દશા જોઇને તેને બહુ જ મઝા પડતી હતી.

એક સિપાઇ ઘાસના ઢગલા પાસે આવીને ઊભો. ઢગલા ઉપર તેણે બિલાડીને જોઇ તો ખરી પણ તેણે ઘાસના ઢગલામાં સંગીનનો એક ઘા કર્યો. પણ તરત જ આ કેટલું નિરર્થક હતું તેનો વિચાર કરી પોતે જ પોતાના ઉપર ચિઢાવા લાગ્યો. ઢગલામાં તો કાંઇ સળવળ્યું સરખું યે નહિ. છોકરાના મોં ઉપર પણ એક રેખા સરખી બદલાઇ નહિ.

આખરે બધા હતાશ થઇને અપશુકન થયા હશે

એમ વિચારી દુઃખ કરવા લાગ્યા. સહુ કોઈ પાછા જવાની તૈયારી કરતા હતા એવામાં જમાદારને એક યુક્તિ સૂઝી. ભય દેખાડવાથી કાંઇ વળ્યું નહિ, પણ હવે મનાવી પટાવીને અને લોભ બતાવીને જો કાંઇ વળે એમ હોય તો જોવું. ફોર્ચુનાતોને તેણે કહ્યું: " બાપુ ! તું તો બડો પક્કો થઇ ગયો લાગે છે—ભવિષ્યમાં કાંઇ નામ કાઢશે ખરો ! પણ મારી સાથે જ આવું કરે એ સારૂં નહિ. માતેઓ મારો કુટુંબી થાય. તે ખીજવાય એ બીકે જ હું કશું કરી શકતો નથી. નહિ તો કોણ સાળો આજે તને અહિંથી પકડયા વિના જાય ? "

" વાહ રે ! "

" માતેઓને આવવા દે. પછી તને બતાવું છું. આમ બધું જુઠું બોલ્યો છે તે એવા તો સપાટા પડશે,- બરડો જશે રંગાઇને. "

" મામા ! મારૂં કહ્યું જો માનતા હો, તો તો અહિં બેસીને વખત ન ગૂમાવશો. અબ ઘડી ચાલવા માંડો. નહિ તો જાનેત્તો જો એક વાર ' માકી 'માં જઇ પહોંચ્યો તો પછી તેને શોધી કાઢવાની તમારી તાકાત નથી. "

જમાદારે ગજવામાંથી રૂપાંની ઘડિયાળ બહાર

કાઢી. તેની કિંમત કંઇ નહિ તો યે પચાસ રૂપિયા તો હશે જ. તે જોતાં જ ફાર્ચ્યુનાતોની આંખ ચમકી ઉઠી છે એ જોઇને જમાદાર તેનો છેડો પકડી ઝુલાવતો ઝુલાવતો બોલ્યો: "કેમ, શો વિચાર છે ? આ ઘડિયાળ ગળામાં લટકાવી પોટો વેચોમાં જઇ રોફથી ફરવાનું તને ગમે ખરૂં ? રસ્તે લોકો પૂછે: 'કેટલા વાગ્યા મહેરબાન !' તો ગંભીર થઇને કહેવું: 'જુવોને મારી ઘડિયાળમાં.'"

"હું જ્યારે મોટો થઈશ ત્યારે મારા ફોજદાર મામાએ મને ઘડિયાળ અપાવવાનું કહ્યું છે."

"એમ ? પણ તારા મોળાતભાઈને તો અત્યારમાં જ ઘડિયાળ મળી ગઇ—જો કે ઘડિયાળ એટલી સારી નથી તોપણ તને તો હજી મળી જ નહિ ને! તે તો તારા કરતાં કેટલોય નાનો છે."

આ સાંભળીને છોકરાએ નિ:શ્વાસ મૂકયો.

"ભલે: હવે બોલ, જોઉં, તને આ ઘડિયાળ બરાબર ગમે છે ?"

બિલાડીને આખી મરઘીનો લોભ બતાવ્યે તેના મનનો ભાવ જેવો થાય તેવો જ ફાર્ચ્યુનાતોનો થયો. તે આડી નજરે ઘડિયાળ તરફ જોવા લાગ્યો. બિલાડી મશ્કરી માનીને પંજો બતાવવાની હિમ્મત કરતી નથી

અને લોભ વધી પડે એ ભયે વચ્ચે વચ્ચે આંખ ફેરવી લે છે, તો પણ વારંવાર જીભ વડે મોં ચાટયા કરે છે અને શેઠને જાણે કહે છે: ‘ આ તે કેવી નિર્દય મશ્કરી તમારી ! ’

પરંતુ અહિં તો જમાદાર ગામ્બા ખરેખર જ ઘડિયાળ તેને આપવા ચાહતા હતા. ફાર્ચુનાતોએ હાથ લંબાવ્યો નહિ એ વાત ખરી પણ તેણે કહ્યું: “ મશ્કરી શાને કરો છો ? ”

“ ઇશ્વર પૂછે–મશ્કરી કરતો હોઉં તો. જાનેત્તો કયાં છે એટલું જ માત્ર કહે તો ઘડિયાળ તને આપું.”

આ સાંભળીને ફાર્ચુનાતોએ અવિશ્વાસપૂર્ણ હાસ્ય કર્યું. તે જમાદારની આંખમાં જ જોઇ રહ્યો—તેના શબ્દોમાં રહેલો વિશ્વાસ તેની આંખોમાં છે કે નહિ તે જ ન જોતો હોય !

જમાદાર બોલી ઉઠયો: “ હું જો મારૂં વચન ન પાળું તો નોકરી છોડી દઉં. આ બધા મારા માણસો જ સાક્ષી છે. જે બોલ્યો છું તેમાંથી હવે ફરી શકાય એવું રહ્યું જ નથી. ”

આમ બોલતાં બોલતાં ઘડિયાળ તેના મોંની એટલી તો પાસે લઇ ગયો કે લગભગ તેના ગાલે અડયા જેવું થયું. તેના બંને ગાલો ફિક્કા પડી ગયા.

તેને જોતાં જ સ્પષ્ટ રીતે સમજી શકાય એમ હતું કે તેના અંતરમાં ધર્મ અને લોભ વચ્ચે યુદ્ધ જામ્યું હતું. તેની છાતી ધડકતી હતી. કંઠ પણ જાણે રૂંધાઇ જવા આવ્યો હતો. આ બાજુ ઘડિયાળ બરાબર તેની આંખો આગળ જ ઝૂલી રહી હતી. કોઇ કોઇ વાર ફરતી ફરતી તેના નાક ઉપર આવીને અથડાતી હતી. આખરે તેનો જમણો હાથ ઘડિયાળ તરફ જરા જરા ઊંચો થવા લાગ્યો. પછી આંગળીનાં ટેરવાં વડે તે તેને અડયો. ધીમે ધીમે ઘડિયાળનો બધો ભાર તેના હાથ ઉપર પડયો. પણ જમાદારે ઘડિયાળ છોડી દીધી ન હતી. ઘડિયાળનો ચંદો આસમાની હતો. ઢાંકણુ તરતનું જ પાલીસ કરેલું હતું એટલે તડકો પડતાં જ ઝગઝગી ઉઠયું. લોભ નિવારી શકાયો નહિ.

ફાર્ચુનાતો હજી પણ ઘાસના ઢગલાને અઢેલીને જ ઉભો હતો. તેણે માત્ર ડાબો હાથ ઊંચો કરી અંગુઠા વતી પીઠ તરફ ઇશારો કર્યો. જમાદાર તરત જ સમજી ગયો—સાથે સાથે જ ઘડિયાળનો છેડો પણ છોડી દીધો. હવે ફાર્ચુનાતોને વિશ્વાસ બેઠો કે ઘડિયાળ તેની જ છે. તડાક કરીને એક કુદકો મારી તે ઘાસના ઢગલા પાસેથી દશ હાથ દૂર જઇને ઉભો, કારણ કે સિપાઇઓએ આ પહેલાં જ ઢગલો ખોળવો શરૂ કરી દીધો હતો.

થોડી જ વારમાં ઘાસ સળવળવા માંડ્યું, અને એકદમ તેમાંથી એક લોહીલોહાણુ થયેલો માણસ બહાર આવ્યો. તેના હાથમાં એક છરો હતો. જાંઘ ઉપરના ઘાનું લોહી ઝામી જવાથી ઘા સજ્જડ થઇ ગયો હતો, એટલે ઉઠવા જતાં જ તે પડી ગયો. તરત જ જમાદાર તેના ઉપર તૂટી પડ્યો અને હાથ આમળીને હથિયાર ઝૂંટવી લીધું. તેણે બહુ ધમપછાડા માર્યો છતાં તેને સારી પેઠે કસીને બાંધી લેવામાં આવ્યો.

જાનેત્તો લાકડાંના ભારાની જેમ બંધાઇને પડ્યો હતો, તેવામાં ફોર્ચ્યુનાતો તેની પાસે આવતાં જ તેણે તેના તરફ મોં ફેરવીને જોયું અને કહ્યું: "—ના બચ્ચા!" શબ્દમાં ક્રોધના કરતાં ઘૃણા જ વધારે હતી. છોકરાએ વિચાર કર્યો કે હવે રૂપિયા રાખવા એ સારૂં નહિ. તરત જ તેણે ફેંકી દીધા. પણ પેલાએ તો તે તરફ નજર સરખી યે ન કરી. તેણે બહુ જ સ્વાભાવિક અવાજે જમાદારને બોલાવીને કહ્યું: "ભાઈ ગામ્બા! મારાથી તો હવે ચલાય એમ નથી એટલે મને ઉચકીને લઈ જવો પડશે."

"કેમ? આ હમણાં તો જંગલી બકરાની માફક દોડતો હતો! વારૂ. તેનું યે થઇ રહેશે. ફિકર

નહિ. તને પકડવાથી મને એટલો બધો આનંદ થયો છે કે હું જાતે જ તને ખાંધે લઇને દશ કોશ જાઉં તો યે જરા થાક ન લાગે. ઠીક, કાંઈ ફીકર નહિ. ડાળ–પાંદડાંની એક ખાટલી બનાવી લઈશું અને પછી કેસપોલી ગયા પછી ત્યાંથી એક ઘોડો લઇ લઇશું."

"તો તો બહુ સારૂં—અને જુવો, ખાટલા ઉપર થોડું ઘાસ પાથરજો, જે જરા આરામ મળે."

સિપાઇઓ જુદાં જુદાં કામોમાં રોકાયલા હતા. કોઇ જાનેત્તોના પગનો ઘા ધોતા હતા, કોઇ ચેસ્ટનટનાં ડાળાં કાપીને ખાટલી બાંધતા હતા—એવામાં 'માકી' જવાને રસ્તે એકાએક માતેઓ અને તેની સ્ત્રી આવતાં જણાયાં. સ્ત્રી આગળ ચાલતી હતી. ચેસ્ટનટનાં ફળથી ભરેલા કોથળાના ભારથી તે નમી પડી હતી. તેનો પતિ બરાબર અક્કડ રહી ધમધમ કરતો તેની પાછળ પાછળ આવતો હતો—એક બંદુક તેના હાથમાં હતી અને એક તેની પીઠે લટકતી હતી. કદાચ તે એમ માનતો હશે કે શસ્ત્રાસ્ત્ર વિના બીજો બોજો ઉપાડવો એ પુરુષને માટે લજ્જાસ્પદ છે.

દૂરથી સિપાઇઓને જોતાં માતેઓને લાગ્યું કે આ લોકો મને જ પકડવા આવ્યા છે; પરંતુ આમ

લાગવાનું કારણ ? તેણે તો કાંઇ કાયદા વિરુદ્ધ કામ કર્યું ન હતું. એટલું જ નહિ પણ એ બાબતમાં તો તેની સારી પ્રતિષ્ઠા હતી. આ પહાડી લોકોમાં ભાગ્યે જ કોઇ એવા હશે કે જેનાં અંતર તપાસતાં ખૂનામરકીનો એક પણ પ્રસંગ હાથ ન લાગે. બીજાઓની સરખામણીમાં માતેઓ જરૂર સાચ્ચા અંતરનો ગણાય. કારણ છેલ્લાં દશ વરસમાં તેણે એક પણ ખૂન કર્યું ન હતું. તો પણ કાંઈ કહેવાય નહિ. જો મામલો કાંઇ વિચિત્ર હોય તો તે માટે પહેલેથી જ સાવચેત રહેવામાં ખોટું શું ? એટલે તેણે જીસેપ્પાને બોલાવીને કહ્યું: " સાંભળો છો કે, કોથળો હવે ઉતારો અને તૈયાર થઇ જાવ. "

સ્ત્રીએ તરત જ તે હુકમનું પાલન કર્યું. તેણે ખભે લટકતી બંદુક જીસેપ્પાને પકડવા આપી. પછી હાથમાંની બંદુકનો ઘોડો ઊંચો કરી આસ્તે આસ્તે ઝાડને ઓથે ઓથે ઘર તરફ આગળ વધવા લાગ્યો. તે એવી તો સાવચેતીથી કામ લેતો હતો કે દુશ્મનાવટનાં સ્હેજ પણ ચિહ્ન જણાતાં જાડામાં જાડા થડ પાછળ ઉભા રહીને ગોળી ચલાવી શકાય. સ્ત્રી બરાબર તેની પાછળ પાછળ ચાલવા લાગી—તેના હાથમાં વધારાની બંદુક અને કારતુસની થેલી હતી. સતીનો

તો એ ધર્મ જ છે કે યુદ્ધમાં પતિની બંદુકો ભરી આપવી.

માતેઓનું આવું વર્તન જોઇને આ તરફ જમાદારને ભારે ચિંતા થવા લાગી. તે વિચાર કરવા લાગ્યો: "જાનેત્તો વખતે માતેઓનો કાંઇ સગો થતો હોય તો—અને જો તે તેને બચાવવા ચાહતો હશે તો—તો તો આ બે બંદુકની બબ્બે ગોળીઓ અમારામાંનાં બબ્બે જણને અચૂક ભેટવાની—ટપાલના કાગળની જ જેમ. અને અમારા સંબંધને અવગણીને મારા ઉપર જ નિશાન તાક્યું—"

આવા વિપત્તિના સમયમાં તેણે અપૂર્વ સાહસનું કામ કર્યું. પોતે એકલાએ જ સામે જઇને માતેઓનો સારી પેઠે સત્કાર કરી બધી વાત ખોલીને કહેવાનું જ તેણે યોગ્ય ધાર્યું. પરંતુ બે જણ વચ્ચેનો તે જરા જેટલો માર્ગ પણ બહુ જ લાંબો લાગવા માંડયો.

"અરે ! આ શું ને! સાંભળો છો કે ભીયા ! કેમ છો ?—હું ગામ્બા, તમારો કુટુંબી."

માતેઓ બોલ્યા વિના જ ઉભો રહી ગયો. જ્યાં સુધી આ ભાઇ બરાડા પાડતા રહ્યા ત્યાં સુધી તેણે બંદુકની નળી ઊંચી કર્યા કરી; જ્યારે જમાદાર છેક પાસે આવી પહોંચ્યો ત્યારે બંદુકનું મોં બરાબર

આકાશ તરફ થઇ ગયું હતું.

જમાદારે હાથ લંબાવીને કહ્યુંઃ "કેમ સારા તો છો ને ?"

"હા સારો છું."

"અહિં થઇને જતો હતો એટલે ફીધું લાવને એક વાર મળતો જાઉં ! આજ બહુ લાંબી મજલ કરીને આવ્યા છીએ પણ તે થાક લાગે એમ નથી. આજે જબરો શિકાર હાથ આવ્યો છે. આ સહેજ પહેલાં જ જાનેત્તો સૅાપિયેરોને પકડયો."

આ સાંભળીને જીસેપ્પા બોલી ઉઠીઃ "કાસળ ગયું. પેલે અઠવાડિયે કપાળબળ્યો અમારી દુઝણી બકરી ચોરી ગયો હતો."

હવે ગામ્બાનો જીવ હેઠો પડયો.

માતેઓએ કહ્યુંઃ "બિચારો ભૂખનો માર્યો આવાં કામ કરે છે."

જમાદાર જરા ચમકયો પણ બોલવા લાગ્યોઃ "માળો કાંઇ ઝૂઝયો છે ? જાણે સાવઝ જોઈ લ્યોને. જમાદાર શાર્દોનનો એક હાથ વાઢી નાંખ્યો તે ઉપરાંત મારા એક માણસને પણ મારી નાંખ્યો. પણ કંઇ બહુ ખોટ ગઈ નથી—તે જાતનો ફ્રેંચ હતો. પછી તો માળો એવો સંતાયો કે કોના બાપની તાકાત

છે કે શોધી કાઢે ? આ મારો નાનો ભાણો જો ન હોત તો તો બધી મહેનત ધૂળ મળી હોત ! ”

માતેઓ બોલ્યો: “ કોણ ! ફોર્ચુનાતો ? ”

જીસેપ્પા પણ સાથે સાથે બોલી ઉઠી: “ ફોર્ચુનાતો ! ”

“ હા. જાનેત્તો પેલા ઘાસના ઢગલામાં સંતાયો હતો. એના પેલા ફોજદાર મામાને હું ખબર આપીશ કે હવે એને એક સારી ઘડિયાળ ભેટમાં મોકલી આપે. હું પણ મોટા સાહેબને જે રીપોર્ટ કરીશ તેમાં તમારૂં ને તમારા છોકરાનું નામ લખી મોકલીશ.”

આ સાંભળીને માતેઓ ધીમે સાદે બોલી ઉઠયો: “ ચૂલામાં ગયું ! ”

વાતમાં ને વાતમાં તેઓ સિપાઇઓ પાસે આવી પહોંચ્યા. જાનેત્તોને ખાટલી ઉપર સૂવાડી તેઓ ઉપડવાની તૈયારી કરતા હતા. ગામ્બાની સાથે માતેઓને જોઇને જાનેત્તો વિચિત્ર રીતે હસી પડયો. પછી ઘરનાં બારણાં તરફ મોં કરી ઉમરા ઉપર થુંકી તે બોલી ઉઠયો: “ બેઇમાનનું ઘર ! ”

જે મરવા બેઠો હોય તે જ માતેઓને બેઇમાન કહી શકે. છરાના એક જ ઘાથી અપમાનનો બદલો

લેવાઇ જાત, છરા ફરી ઉગામવાની જરૂર ન પડત, પરંતુ માણસને જબરો આઘાત લાગ્યો હોય ને કપાળે હાથ દે તેમ માતેઓએ કપાળે હાથ દીધો.

બાપુને આવતા જોઇને ફોર્ચ્યુનાતો ઘરમાં ભરાઇ ગયો હતો. તે અત્યારે એક વાડકી દૂધ લઇને પાછો આવ્યો, અને નીચે મોંએ વાડકી જાનેત્તોના મોં આગળ ધરી.

જાનેત્તો ' લઇ જા તારૂં દૂધ ' કરતો ને બૂમ પાડી ઉઠયો. પછી એક સિપાઇને બોલાવી તેણે કહ્યું: " જરા પાણી પાને, ભાઇ ! "

બોલતાં વેંત જ સિપાઇએ પોતાની શીશી તેના હાથમાં આપી. સ્હેજ પહેલાં જ તે જેની સામે ઝૂઝતો હતો તેનું જ આપેલું પાણી તે વિના સંકોચે પી ગયો. પછી હાથો પીઠ પાછળથી છોડી છાતી ઉપર બાંધવાને વિનંતી કરી તેણે કહ્યું: " જરા આરામથી પડી રહેવાનું મન થાય છે ! "

તેને પૂરેપૂરો ખુશ રાખવાને બને એટલું કરવામાં સિપાઇઓએ કચાશ રાખી નહિ. પછી જમાદારે સહુને કૂચ કરવા કહ્યું, અને માતેઓની વિદાય લીધી. માતેઓ કાંઇ જ બોલ્યો નહિ—પેલા લોકો પણ ઝટપટ ચાલી નીકળ્યા.

દસેક મિનિટ સુધી માતેઓ મૂંગો રહ્યો. માત્ર બંદુક ઉપર ટેકો દઈને તે છોકરા તરફ એકી ટશે જોઈ રહ્યો—તે દૃષ્ટિમાં ક્રોધ જાણે ઝામી ગયો હતો. છોકરો ઘડીમાં બાપના તરફ જુવે અને ઘડીમાં વળી માના તરફ જોઈ રહે. તે જાણે તરફડીઆં મારવા લાગ્યો.

થોડી વારે માતેઓ ઠંડે સ્વરે બોલી ઉઠયોઃ "આટલી ઉંમરમાં જ કામ તો સારાં કરવા માંડયાં !"

"બાપુ !" બોલી રડું રડું થઈ જઈને છોકરો બાપ તરફ આગળ વધી જેવો પગે બાઝવા જતો હતો કે તરત જ માતેઓ ગરજી ઉઠયોઃ "દૂર જા, મારા મોં આગળથી."

છોકરો થંભી ગયો. બાપથી બે ચાર ડગલાં દૂર ઉભો ઉભો ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો.

જીસેપ્પા છોકરા પાસે આવીને ઉભી. ઘડિયાળનો છેડો તેની નજરે પડયો હતો. તેનો એક છેડો ફોર્ચ્યુનાતોના ખમીસમાંથી બહાર નીકળી પડયો હતો. બહુ જ કઠોર સ્વરે માએ પૂછ્યુંઃ "આ ઘડિયાળ તને કોણે આપી ?"

"મારા મામાએ—પેલા સિપાઈઓના સરદારે."

ફાલકોનેએ ઘડિયાળ ઝૂંટી લઈને પત્થર ઉપર એવી તો જોરથી ઝીકી કે તેના ચૂરેચૂરા થઈ ગયા.

પછી તેણે સ્ત્રીને બોલાવીને પૂછ્યું: " ખરું જ કહેજે —આ છોકરો શું સાચે જ મારો છે ? "

જીસેપ્પાના બંને ગાલો ઈંટ જેવા લાલ થઇ ગયા.

" માતેઓ, આ તું શું બોલે છે ? કોની સાથે વાત કરે છે તેનું પણ ભાન નથી ? "

" ઠીક ! તો તો આ જ મારા વંશમાં પહેલવહેલો વિશ્વાસઘાતક પાકયો ! "

ફોર્ચ્યુનાતોનાં ડુસકાં અને રોવું વધી ગયું. ફાલકોને ભયંકર દષ્ટિથી તેનાં મોં તરફ જોઇ રહ્યો. આખરે બંદુકનો કુંદો જમીન ઉપર ઠોકી પાછો ખાંધે લીધો અને 'માકી' જવાને રસ્તે ચાલી નીકળ્યો. ફોર્ચ્યુનાતોને પાછળ પાછળ આવવા હુકમ કર્યો— ફોર્ચ્યુનાતોએ પણ ચાલવા માંડયું.

જીસેપ્પાએ એકદમ દોડી જાઇને માતેઓનો હાથ પકડયો. માતેઓના મનની વાત કળી લેવાને તેણે પોતાની બે કાળી આંખો પતિની આંખો ઉપર ઠેરવી અને બોલી: " એ તો તારો દીકરો થાય ! "

માતેઓ બોલ્યો: " હાથ છોડી દે—હું પણ એનો બાપ થાઉં છું. "

જીસેપ્પા છોકરાના મોં ઉપર ચુંબન કરી રડતી રડતી ઘેર વળી. ઘરમાં પ્રભુજનનીની છબી હતી

તેની સામે ઘૂંટણીએ પડી તે બેઠી અને તન મન અને વાણીથી પ્રાર્થના કરવા લાગી. આ બાજુ ફાલકોને બસોએક હાથ દૂર ગયો અને આખરે એક નાની ખાઈમાં આવીને ઉભો. બંદુકના કુંદાથી જમીન તપાસી જોઈ—સરસ નરમ હતી. ખાડો ખોદતાં વાર લાગે એમ ન હતું. જગ્યા તેને પસંદ પડી.

"ફોર્ચુનાતો! પેલા પત્થર પાસે જઈને ઉભો રહે!" છોકરો બાપની આજ્ઞા પ્રમાણે ત્યાં જઈને ઘૂંટણીએ પડી બેઠો.

"ચાલ, હવે ભગવાનનું નામ લેઈ લે."

"બાપુ, બાપુ, મને મારી ન નાખશો!"

માતેઓ સખત ધમકી આપીને ફરી બોલ્યોઃ "કહું છું કે ભગવાનનું નામ લઈ લે!"

છોકરો રોતાં રોતાં ભાંગ્યાતૂટા શબ્દોમાં બે સ્તવો બોલી ગયો. દરેક સ્તવ પૂરો થતી વખતે બાપ જરા ઊંચે સ્વરે, 'આમીન' કરીને સ્વસ્તિ વચન ઉચ્ચારતો હતો.

"બીજો કોઈ સ્તવ તને નથી આવડતો?"

"આવડે છે, બાપુ! મને 'આવે મારીઆ' સ્તવ આવડે છે. બીજો પણ એક મારીબાએ શીખવ્યો હતો."

“ તે તો બહુ લાંબો છે—બહુ વાર લાગશે. ઠીક, વારૂ. તું તારે બોલ.”

બાળકે રૂંધાયલે સ્વરે સ્તુતિ પૂરી કરી.

“ પૂરૂં થયું ?”

“ બાપુ, બાપુ ! દયા લાવો ! આટલી વાર મને માફ કરો. ફરી આવું કામ કદી નહિ કરૂં. જાનેત્તોને છોડી દેવાને હું મારા ફોજદાર મામાને પગે પડીને વિનંતી કરીશ.”

છોકરો હજી પૂરૂં બોલી પણ ન હતો રહ્યો એટલામાં તો માતેઓ બંદુકનો ઘોડો ઊંચો કરી નિશાન તાકતો તાકતો બોલ્યોઃ “ ભગવાન તને ક્ષમા કરજો ! ”

એક વાર દોડી જઈને બાપુને પગે બાઝી પડવાનો છોકરાએ જબરો પ્રયત્ન કર્યો પરંતુ તેને વખત જ ન મળ્યો. માતેઓએ ઘોડો દબાવી દીધો. ફોર્ચ્યુનાતો પત્થરની માફક ધબ દઇને પડી ગયો. તરત જ તેના પ્રાણ ઊડી ગયા.

માતેઓએ મુડદાં તરફ નજર સરખી પણ ન કરી. તરત જ છોકરાને દફનાવવાને પાવડો લેવા ઘર તરફ ચાલ્યો ગયો. રસ્તામાં જ જીસેપ્પાની સાથે તેનો ભેટો થયો. તે બંદુકનો અવાજ સાંભળી દોડતી આવતી હતી.

માતેઓ ફાલ્કોને

"તેં શું કર્યું ?" કહીને તે રડી પડી.

"ન્યાય."

"ક્યાં છે તે ?"

"ખાઇમાં પડયો છે. હમણાં તેને દફનાવું છું. તે ભગવાનનું નામ લેતો લેતો, પુણ્યવાનની માફક મૃત્યુ પામ્યો છે. દેવળમાં તેને માટે સારો સરખો શાંતિપાઠ કરાવવો પડશે. હવેથી જમાઈ તિયોદોરો બિયાંકીને આપણે ત્યાં રહેવાને બોલાવીશું."

વીર

સંત ગોન્ઝેલ્વોની પ્રચંડ ધ્વજાઓ ચોગાનમાં લાવવામાં આવી હતી. પવનમાં તે મહામુશ્કેલીએ ફરફરતી હતી. પડછંદ શરીરવાળા માણુસો ગરદન તાણી તાણીને મહા પ્રયત્ને આ ધ્વજાઓને ઉપાડતા હતા. તેઓનાં મોં ઉપર પણુ લોહી ચઢી આવ્યું હતું.

રેડુસાના લોકો ઉપર વિજય મળવાથી મેરકેલિકોના લોકો અપૂર્વ ઉત્સાહ અને આયોજનપૂર્વક આ ઉત્સવ ઉજવી રહ્યા હતા. ઊંડી ધાર્મિક ઝનૂનથી તેઓના આત્મા જાણે ઉન્મત બન્યા હતા. આખી વસ્તી સંત ગોન્ઝેલ્વોને નામે બધો મોલ ઓવારી નાંખતી હતી. મહોલ્લે મહોલ્લે સ્ત્રીઓએ લગ્ન–ચુંદડીઓનાં તોરણો બાંધ્યાં હતાં. પુરુષોએ બારણે બારણે લીલાં તોરણો ટાંગ્યાં હતાં અને ઉબરે ઉબરે ફૂલ વેર્યાં હતાં. વાયુ સર્વત્ર ડોલન અને ઝળહાટ પ્રસરાવતો હતો, મેદનીને મત્ત બનાવતો હતો.

મંદિરમાંથી લોકોનો પ્રવાહ ચાલુ વહી રહ્યો હતો. ચોગાનમાં આવતાં જ લોકો નાની નાની

ટોળાઓમાં વહેંચાઈ જતાં હતાં. વેદી ઉપરથી હમણાં જ મૅટોલિઓનનું પૂતળું ઉતારવામાં આવ્યું હતું અને પાસે જ સંત ગોન્ઝેલ્વોની મૂર્તિને ઉપાડવાનો અમૂલ્ય અવસર જેમને પ્રાપ્ત થયો છે એવા આઠ માણસો ઉભા હતા. જીઓવાની કુરો, લ'ઉમ્બાલિદો, મત્તાઓ, વિન્સેન્ઝીઓ ગ્વાનો, રેકકો ડી કુઝો, બેનેદીત્તે ગેલાંતે, બિયાજીઓ દંકલીસ્કી, જીઓવાની સેન્ઝા પૌરા. એક શબ્દ પણ તેઓ ઉચ્ચારતા ન હતા. પોતાનાં મહત્ત્વનાં કાર્યનું તેઓને સંપૂર્ણ ભાન હતું. તેઓ જરા આક્ષોભ પામ્યા હોય એવા જણાતા હતા. કાને કુંડળ અને આંખે ધર્મઝનૂનની ઝમક જોતાં જ શક્તિનું ભાન થાય. વારે વારે તેઓ પોતાના હાથની માંસપેશીઓ અને નાડીઓ તપાસતા હતા–કેમ જાણે પોતાની શક્તિનું માપ ન લેતા હોય! કોઇ વાર તેઓના અધર ઉપર આછું સ્મિત ફરકતું.

સંતની મૂર્તિ પ્રચંડ હતી અને વજન પણ જબરૂં હતું. શરીર, કાળાં કાસાંનું ઢાળેલું હતું અને હાથ અને માથું રૂપાંનાં ઢાળેલાં હતાં.

"આગે કુચ!" મત્તાઓનો હુકમ આવ્યો.

ચોગરદમથી લોકો સરઘસ જોવાને ટોળે વળ્યાં.

પવનને પ્રત્યેક ઝપાટે બારીઓ ખડખડવા લાગી. મંદિરની અંદર ધૂપના ગોટેગોટા ભૂખરાં પડેલાં વાદળાંની જેમ ભમવા લાગ્યા. સંગીતના સ્વરો વારેવારે ઊંચા થતા અને અદૃશ્ય અંતરમાં મળી જતા. લોકોની ધમાલમાં પેલા આઠ જણા ખોવાઇ જેવા ગયા હતા. તેઓમાં ધાર્મિક ભાવનાનો અતિરેક થતાં જ તેમણે પૂતળું ઉપાડવાને હાથ લંબાવ્યા.

"એક !.....દો !.....તીન !....." મત્તાઓએ પૂકાર કર્યો.

તેમણે બધાએ એકકી સાથે પ્રયત્ન કરી પૂતળું ઊંચકવાનું કર્યું; પણ મૂર્તિ બહુ ભારી હતી અને ડાબી બાજુએ જરા લટી પડી. માણસોને પગ ઠેરવવાનો પણ વખત ન મળ્યો. સમતોલપણું જાળવવાને તેઓ આગળ નમ્યા; પણ બિયાજીઓ દ કલીસ્કી અને જીઓવાની કુરો જરા પોચા હતા તેમના હાથમાંથી મૂર્તિ સરી ગઈ. મૂર્તિનું બધુંય વજન એક બાજુએ પડયું. ઉમ્માલિડોએ હૃદયભેદક ચીસ પાડી.

"જો જો ! સંભાળજો !" સંતને માથે ઝઝુમતું સંકટ જોઇ બધી બાજુએથી લોકો બૂમ પાડી ઉઠયાં. ચોગાનમાંથી કાન ફાડી નાંખે તેવો કોલાહલ આવ્યો અને તેમાં આ શબ્દો ડૂબી ગયા.

ઉમ્માલિડો ઘૂંટણીએ બેસી પડયો. તેની જમણી હથેલી મૂર્તિ નીચે ચપ્પટ જડાઇ ગઇ હતી. ઘૂંટણીએ બેસી તે પોતાના હાથ તરફ ટીકી રહ્યો હતો. હાથ જરા પણ ચસકે એમ ન હતું. તેની આંખોમાં ભય અને વેદના દીસતાં હતાં. પીડાથી તેનું મુખ વિકૃત બની ગયું હતું. પણ તે શબ્દ સરખો યે ઉચ્ચારતો ન હતો. વેદી ઉપર લોહી ઝમી રહ્યું હતું.

તેના સાથીઓએ ભેળા મળીને મૂર્તિ ઉપાડવાનો પ્રયત્ન કર્યો ! પણ એ કાંઈ સહેલું ન હતું. મર્મન્તુદ વેદનાથી ઉમ્માલિડોનું મુખ કરમાઇ જતું હતું. આસપાસ ઉભેલી સ્ત્રીઓ તો ભયથી કંપતી હતી.

આખરે મૂર્તિ ઊંચી થઇ અને ઉમ્માલિડોનો હાથ બહાર નીકળ્યો. હાથ કચડાઇ ગયો હતો; લોહી વહેતું હતું. એ હાથ જ ન હતો રહ્યો.

" ઘેર જા, જલદી ઘેર જા." ટોળામાંથી કેટલાકે સલાહ આપી, અને તેને ધીમેથી બારણાં તરફ લઇ ગયા.

એક સ્ત્રીએ પોતાનું ઉપવસ્ત્ર ઉતાર્યું અને તેને પાટો બાંધવા તૈયાર થઇ. ઉમ્માલિડોએ ના પાડી. મૂર્તિ આગળ કેટલાક માણસો ઝઘડો કરતા હતા ત્યાં તેની આંખો ઠરી હતી.

"હવે મારો વારો."

"ના. મારો છે, મારો!"

"ના, ના, હવે મારો છે!"

સિક્કો પેનો, મત્તિયા સ્કાર્ફોરેલા અને તોમાસો કલીસ્કી—એ ત્રણે જણુ ઉમ્માલિડોની જગ્યાને માટે લડતા હતા.

ઠૂંઠો વળી ગયેલો હાથ લબડતો હતો. બીજે હાથે મેદનીમાંથી માગ કરતો કરતો ઉમ્માલિડો એ લોકો પાસે ગયો.

તેણે જઈને માત્ર એટલું જ કહ્યું: "એ જગ્યા તો મારી છે." અને મૂર્તિને ઉપાડવાને પોતાનું ખભું ધર્યું. પોતાને થતી નર્કયાતનાને દબાવવાને તેણે જબરા નિશ્ચયથી દાંત પીસ્યા.

"તું તે શું કરવા બેઠો છે?" મત્તાઓએ પૂછ્યું.

"સંત ગોન્ઝેલ્વોની જે ઇચ્છા હોય તે." જવાબ દઈને તે પણુ બધાની સાથે સરઘસમાં ઉપડયો.

મેદની તો સ્થંભિત થઈ ગઈ. સરઘસ દરમ્યાન તેનો વહેતો જખમ ધીમે ધીમે કાળો પડતો જતો હતો. કોઈ કોઈ વાર કોઈ પૂછતું: "કેમ ઉમ્મા, કેમ છે?"

ઉમ્માલિડો જવાબ દેતો નહિ પણુ સંગીતના તાલે તાલે કદમ ધરતો રહેતો. પવનમાં ફરફરતા

જંગી ચંદરવા નીચે તે ભારી માથે ચાલતો હતો. મેદની તો વધતી જ જતી હતી.

એક ગલીના વાંક આગળ ઉમ્માલિડો અચાનક જ ઢગલો થઇને પડયો. મૂર્તિ સહેજ લચી. અભદ્ર શંકાથી મેદની પળભર ધીમી પડી ગઇ, પણ તરત જ સરઘસ ચાલુ થયું. ઉમ્માલિડોની જગ્યા રફાફેરોલાએ લીધી. મૂર્ચ્છા પામતા ઉમ્માલિડોને બે સંબંધીઓએ ઊંચકી લીધો અને પાસેને ઘેર લઇ ગયા.

ઘા રૂઝાવવામાં એક્કો ગણાતી અન્ના ડી કેઓઝો નામની ડોસીએ છૂંદો વળી ગયેલો હાથ જોયો અને માથું ધૂણાવ્યું.

"તમે પણ શું કરો ?"

અહિં તેની ઉસ્તાદી નિરુપાય હતી.

ઉમ્માલિડોની મૂર્ચ્છા વળી. અને તેણે દૃઢતાથી મૌન જાળવી રાખ્યું. તે બેઠો થયો અને શાંતિથી પોતાનો ઘા જોવા લાગ્યો. હાથનાં બધાં હાડકાંનો ભુક્કો વળી ગયો હતો. હાથ નકામો જ થઇ ગયો હતો.

બે ત્રણ ઘરડા ખેડુતો પણ આ જોવાને આવી પહોંચ્યા. તેમણે પણ શબ્દથી અથવા ઇસારતથી એ જ વિચાર દર્શાવ્યો.

"સંતને કોણે ઉપાડયા ?" ઉમ્માલિડોએ પૂછ્યું.

"મત્તિયા સ્કાર્ફારેલાએ" લોકોએ જવાબ દીધો.

"અને હમણાં ત્યાં શું ચાલે છે ?" તેણે ફરી પૂછ્યું.

"પૂજા અને, સંગીત." જવાબ મળ્યો.

ખેડુતો વિદાય લઇ પૂજા માટે ચાલ્યા ગયા. મંદિરમાંથી ઘંટના શબ્દો સંભળાતા હતા.

એક સંબંધીએ ઠંડા પાણીની બાલદી તેની સામે મૂકી અને કહ્યું: "તારો હાથ આમાં બોળી રાખ. અમો જઇએ છીએ. આરતિનો ઘંટ વાગવા માંડયો છે."

ઉમ્માલિડો એકલો રહ્યો. ઘંટાનાદની ગતિ બદલાઈ અને શબ્દ વધ્યો. દિવસ પૂરો થવા આવ્યો હતો. અંધારૂં વધતું જતું હતું. પવનથી હાલતી ઓલાઇવ વૃક્ષની ડાળો બારીઓ સાથે ભચકાતી હતી.

ધીમે ધીમે ઉમ્માલિડોએ હાથ ધોવા માંડયો. અને લોહીના ગડફા ધોઈ નાંખ્યા એટલે ખબર પડી કે ઘા કેટલો ભયંકર હતો.

ઉમ્માલિડોએ વિચાર કર્યો: "નક્કામો–હાથ

તો હવે ગયો જ. સંત ગોન્ઝેલ્વો! હું એ આપને ચઢાઉં છું."

તેણે એક છરો લીધો અને બ્હાર નીકળ્યો. બધાય મહોલ્લાઓ સૂના હતા. પવિત્ર ભાવભરી વસ્તી તો મંદિરમાં ઉભરાતી હતી. સૂર્યાસ્તથી ઝળકતાં લાલ વાદળાં ઘરો ઉપર પંખીનાં ટોળાંની માફક સરતાં હતાં.

મંદિરમાં મળેલાં લોકોએ વૈતાલિકો સાથે સંગીતમાં સૂર પૂર્યો. માનવ શરીરની ગરમી અને બળતી મીણબત્તીના ધૂમાડાથી ગુંગળાટ થતો હતો. મેદની-માંથી પણ સંત ગોન્ઝેલ્વોનું શિર દીવાદાંડી સરખું ઝળકતું હતું.

ઉમ્માલિડોએ મંદિરમાં પ્રવેશ કર્યો. બધે પ્રવર્તતી ધમાલમાં તે વેદિ પાસે પહોંચી ગયો.

"સંત ગોન્ઝેલ્વો! હું આ આપને ચઢાવું છું." હાથમાં છરી લઇને દઢ સ્વરે તે બોલ્યો.

આટલું કહીને તેણે પોતાનો જમણો હાથ કાંડેથી કાપવા માંડયો. આશ્ચર્યચકિત મેદની અવાક્ થઇ ગઇ. કૂચો વળેલો હાથ ભૂજાથી છૂટો પડવા લાગ્યો.

ક્ષણભર તે છેલ્લા તંતુએ લટકી રહ્યો અને પછી જે થાળમાં લોકોએ નાણાં ધર્યાં હતાં તેમાં સંતને ચરણે જઇ પડયો.

પછી ઉમ્બાલિડોએ લોહી નીંગળતું ટુંકું ઊંચું લીધું અને દૃઢ સ્વરે ફરીવાર બોલ્યોઃ

" સંત ગોન્ઝેલ્વો ! આ હું આપને ચઢાવું છું. "

એક કબાલો

પીટર અને જોસેફને આજે પીટરની પત્ની મેરીને ડુબાડીને મારી નાંખવાની કોશિષ કર્યાના ગુન્હા માટે ન્યાયમંદિરમાં ઊભા કરવામાં આવ્યા છે.

તે બન્ને ગુન્હેગારો એક પુરાણા કાળથી ચાલી આવતી પાટલી પર પાસપાસે બેઠા છે. બન્ને ખેડુતો છે. પીટર જરા નીચો અને જાડો છે, એના હાથપગ ટુંકા છે, અને તેનું ગોળ રાતું ખીલવાળું મોઢું, એના તેવા જ ગોળમટોળ અને બેઠા ઘાટના જાડા ધડ પર, વચમાં જરા યે ગરદનનું અંતર રાખ્યા સિવાય, ચોંટાડેલું હોય એમ લાગે છે. તે ભૂંડ ઉછેરવાનો ધંધો કરે છે.

જોસેફ પાતળો અને મધ્યમ કદનો છે, તેના હાથ અતિશય લાંબા છે અને તેનું માથું લંબગોળ છે. તેનાં જડબાં મચડાઈ ગયાં છે અને તે આંખે ફાંગો છે. તેણે વાદળી રંગનો ઘૂંટણ સુધીનો લાંબો કોટ પહેર્યો છે. તેણે પોતાના પાતળા પીળા વાળ તાલકા ઉપર ચોંટાડેલા છે. આથી તેનું મોઢું ઉતરી ગયેલા

જેવું, ગંદું અને બિહામણું લાગે છે. એને મશ્કરીમાં લોકો 'પાદરીબાવા' કહી બોલાવે છે; કારણ કે તે પાદરીના ગાણાની અને વાજિંત્રની અદ્દલોઅદ્દલ નકલ કરી શકે છે. તે વીશીનો ધંધો કરે છે અને લોકો પાદરીના સાચા ગાયન કરતાં આના ગાયનથી વધારે આકર્ષાઈને તેની ઘરાકી ઠીક વધારી આપે છે.

મેરી સાક્ષીના પાંજરામાં બેઠી છે. તે પણ ગામડાની હોય એમ લાગે છે. તે શરીરે પાતળી છે. કોર્ટનું કામ ચાલ્યું તે દરમિયાન અર્ધી ઊંઘતી હોય એમ બેસી જ રહી હતી. એના હાથ ઢીંચણ ઉપર સ્વસ્તિક રચી પડેલા છે. વિચારશૂન્ય દૃષ્ટિથી ગંભીર દેખાવ ધારણ કરી તાકી રહી છે.

ન્યાયાધીશે તપાસ ચાલુ કરી. તે બોલ્યા: "ત્યારે, બાઈ મેરી! આ લોકો તમારા ઘરમાં આવ્યા અને તમને પાણીથી ભરેલા પીપમાં નાંખ્યાં એ હકીકત વિગતવાર કહો, જોઉં વારૂ. ઊભાં થાઓ."

તે ઊભી થઈ, વહાણના કુવાથંભ જેવી તે ઊભી થઈ. તેના માથા ઉપર સફેદ ટોપી હતી. તેણે પોતાની હકીકત ગળગળતે અવાજે કહેવા માંડી:

"હું વટાણા વેચતી 'તી: ત્યાં ઇંયો આવ્યા. મને મનમાં થાયું: 'આમ આવ્યા હશે?' કંઈ લ્હેરમાં દેખાતા હતા. કંઇક કરવા આવ્યા હતા. મારી

પડખે રહીને આ...મ કરીને તાકીને જોતા હતા. આ જોસેફ તો આ...મ કરીને દોઢી આંખે જોતો હતો. એ બે ભેગા થાય છે તે મારાથી ખમાતું જ નથી. ભેગા થાય ત્યારે કંઇક ને કંઇક ભુંડું જ કરવાના. મેં કહ્યું: 'આમ શું કરો છો?' ઇંયોએ જવાબ ન આપ્યો. મને બીક લાગી..."

પીટર આ જગ્યાએ વચમાં ઓચિંતો બોલી ઊઠ્યો: "અમે જરા રંગમાં હતા." તે ઉપરથી જોસેફે તેના તરફ જોઇને જાડા અવાજે કહ્યું: "આપણે બેઈએ પીધો હતો એમ જ કહોકને."

મેજીસ્ટ્રેટે સખતાઇથી કહ્યું: "એટલે તમે દારુ પીધો હતો એમ જ ને?"

પીટરે કહ્યું: "એવું કંઇક ખરૂં."

જોસેફ: "હોય, મન છે, કોઇક વાર પીવાય પણ જાય."

મેજીસ્ટ્રેટ (બાઇ તરફ): "તમારી હકીકત આગળ ચલાવો."

તેણે આગળ ચલાવ્યું:

"હં. આ અમારા ધરવાળાએ કહ્યું: 'તારે અધી જોઇએ છે?' મેં કહ્યું: 'હોવે.' એટલી તો મજુરી યે તેને મળતી નથી. ત્યારે ઇયોએ

કહ્યું: ' ત્યારે જો, હું કહું એમ કર, ઝટ કર. ' એમ કહીને ખુણાની ગટર નીચે મોટું ખુલ્લું પીપ છે તે ઘોડતાકને લઇ આવ્યા. પછી એને દોડાવતા રસોડામાં લઇ ગયા. અને ઓરડામાં વચ્ચોવચ ઊભું કર્યું અને મને કહ્યું: ' આ છલોછલ ભરાય ત્યાં સુધી અંદર ધડેધડે પાણી નાંખ. '

" એટલે હું તો બે હાંડા લઇને દોડી. ને એક વાર ભરી આવી. ફરી ભરી આવી. વળી ભરી આવી. બાપજી પીપ મોટું દૈત્ય છે તે કંઈ ઝટ દઈ ને ભરાય ? તમે જાણો જ છો ને ?

" હું પાણી ભરતી 'તી ને આ બેઇ ઉપરાઉપરી ઢીચ્યા કરતા'તા. એટલે મેં બચોંને કહ્યું: ' આ પીપ ભરાય એ કરતાં તો તમે નાકની દાંડી સુધી ભરાયા છો. '

" એટલે મારા ઘરવાળાએ મને સંભળાવ્યું: ' છાની રહે, તું તારું કામ કર. તારો વારો હેંડયો આવે છે. સૌ સૌનું કામ કરો.' પણ મેં તો કાંઇ ગણકાર્યું નહિ. મેં કહ્યું: ' પીધલ છે.'

" પીપ છલોછલ ભરાયું એટલે મેં કહ્યું: ' લ્યો, આ ભરાયું. ' એટલે જોસેફે મને અધો આપ્યો. મારા ઘરવાળાએ નહિ, જોસેફે. ને મારા ઘરવાળાએ

કહ્યું: 'બીજો અધી જોઇએ છે?' મેં કહ્યું: 'હાવે.' નહિ તો એ કયારે આપવાના હતા? ત્યારે એમણે કહ્યું: 'ત્યારે લુગડાં કાઢી નાંખ્ય.' મેં કહ્યું: 'લુગડાં!' એ કહે: 'હા, લુગડાં.' બહુ શરમ લાગતી હોય તો ચડ્ડી ને કાપડું રાખ્ય. અમારે એનો વાંધો નથી.

"મેં કહ્યું: 'અધી કયાં થવાનો હતો?' એટલે મેં તો કપડાં કાઢ્યાં. પણ બળ્યું બૈરાંનો અવતાર તે આવા છોકટા આગળ લુગડાં કાઢતાં જીવ નો ચાલ્યો. મેં ટોપી ઉતારી, સાલ્લો કાઢ્યો, જોડા કાઢ્યા.

"ત્યાં જોસેફે કહ્યું: 'પીટર, મોજાં ભલે રહ્યાં. હું કંઈ એવો માણુસ નથી. અને પીટરે કહ્યું: 'હા, જોસેફ, આપણે ગમે તેમ તો એ શાહુકાર કહેવાઇએ—સારા માણુહ!' પછી તો હમજયાને સાહેબ, હું ઉઘાડી જેવી થઇ ગઇ. પછી આ બે ઊભા થયા. એમનાથી ઊભા યે રહેવાતું નો'તું એટલો ઢીચ્યો'તો. મને મનમાં થ્યું: 'આ તે શું કરવાના થ્યા સે.' પીટરે કહ્યું: 'અલ્યા, તૈયાર છો કે?' અને જોસેફે કહ્યું: 'હા દોસ્ત, તૈયાર છું.' આ પછી તો એ બેઇએ મને ઝાલીસ્તો. આ મારા ધરવાળાએ માથું પકડયું અને આણે મારા ટાંટિયા પકડ્યા,

અને મને કોથળાની ગુણની પેઠે ઉપાડી. મેં તો કળાહોળ કરી મૂકયો, ને મારા ધરવાળાએ કહ્યું : ‘ મૂંગી મર, રાંડ ચીબરી, બોલી તો. ’ પછી એમણે મને ઊંચી કરી અને પેલા પાણીના પીપમાં નાંખી. હું તો ઠરીને ઠીગડું થઇ ગઈ. પછી મારા ધરવાળાએ કહ્યું : ‘ બસ, થયું ના ? ’ એટલે જોસેફે કહ્યું : ‘ બસ, થઇ ગયું. ’ એટલે મારા ધરવાળાએ કહ્યું : ‘ પણ હજી માથું બોળાયું નથી. તે યે ગણવું જોઇએ. ’ જોસેફે કહ્યું : ‘ ત્યારે માથું ય બોળ અંદર. ’

“ એટલે મારા ધરવાળાએ માથું ઝાલી ને મને પાણીમાં ઝબોળી. જાણે મને બુડાડી મારવી હોય. અને મારા તો નાકમાં યે પાણી પેસી ગયું. ને આંખમાં લીલાંપીળાં દેખાવા માંડયાં. ને એમણે તો મને ફરીવાર ઝબોળી.

“ એટલું થયું ત્યાં તો એ યે બ્હી ગયા હશે. એમણે મને બહાર કાઢી અને કહ્યું : ‘ બહાર નીકળીને કોરી થઈ જા, બ્હીકણુ. ’ એટલે હું તો નસાય એટલું નાસી પાદરી પાસે પહોંચી અને એમણે એમના નોકરનો સાલ્લો મને આપ્યો. હું તો ઉઘાડી જ હતી. અને એમણે ગામના મખીને

બોલાવ્યો. અને ગામના મખીએ પોલીસ પટલને બોલાવ્યો. ને બધા ય મારે ઘેર આવ્યા.

"ઘેર ગ્યા ત્યાં તો પીટર અને જોસેફ બે ઘેટાંની પેઠે બાધતા'તા. મારા ઘરવાળા કે'તા'તા : 'અલ્યા જૂઠું બોલ મા. એમ ન મપાય. એક ડોલ વધારે થાય.' જોસેફ બરાડી ઊઠયો : 'ચાર ડોલો થઈ. બે મણ પૂરું ન થયું. હવે વધારે બોલીશ મા. મેં કહ્યું તે હાચું છે.' પોલીસ પટલે બન્નેને હાથકડી કરી. બસ."

તે બેસી ગઈ. કોર્ટમાં જરા હસાહસ થઈ, જુરીના સભ્યો અચંબામાં એકબીજા સામું જોવા મંડયા.

મેજીસ્ટ્રેટ બોલ્યા : "કેદી જોસેફ, તમે આ શરમ ભરેલા કામમાં મદદગાર છો. તમારે શું કહેવાનું છે?" જોસેફ ઊભો થયો.

"સાહેબ, અમે જરા રંગમાં હતા."

મેજીસ્ટ્રેટે ગંભીરતાથી જવાબ આપ્યો: "તે હું જાણું છું. આગળ ચાલ."

"હું આગળ જ ચાલું છું. એમ થયું કે પીટર મારે ત્યાં નવ વાગે આવ્યો. અને બે પ્યાલા દારુ માગ્યો. અને મને કે' 'એક તું પી.' એટલે હું એની

હાજે બેઠાં અને પ્યાલો પીધો. એણે મારી મેમાન-ગત કરી એટલે મેં એની મેમાનગત કરી અને એ: પ્યાલો મેં એને પાયો. એટલે પાછો એણે મને પાયો. ને પાછો મેં એને પાયો. એમ અમે પીધે ગયા. બર્પોર થયા ત્યારે અમે બરોબર ટે થયા.

"ત્યાં પીટર રોવા માંડયો, એટલે મને બહુ વસમું લાગ્યું. અને મેં એને પૂછ્યું: 'છે શું?' એણે મને કહ્યું: 'મારે એરપતવારે ચાલીસ રૂપિયા જોશે.' પેસાનું નામ સાંભળી હું તો ઠંડો થઇ ગયો. એણે પાધરૂંક કહ્યું: 'હું મારૂં બૈરૂં વેચું.'

"મને દારુ ચડયો 'તો. અને મારૂં બૈરૂં મરી ગ્યું 'તું. મને એ વાત ગમી ગઇ. એના બૈરાને હું ઓળખતો 'હોતો પણ મેં કહ્યું કે ભલા બૈરૂં તો છે. એટલે મેં એને પૂછ્યું: 'કેટલા રૂપિયા લઇશ?' તે થોડોક વખત વિચારમાં પડી ગયો. વિચાર તો શું કરે, પણ એવો દેખાતો હતો. દારુ પીએ એનું મગસ બધું ધુંધવાઇ જાય. એણે કહ્યું: 'હું તો મણે વેચું.'

"મને એમાં કાંઇ નવાઇ ન લાગી. મનેય દારુ ચડ્યો 'તો. અને તોલની તો મને મારા ધંધાને લીધે

ખબર હતી. બરાબર ચાર ડોલે એક મણ થાય એ મને ખબર હતી.

"પણ હજી કિંમત ઠરાવવાની બાકી હતી. પણ કિંમત તો માલ ઉપર થાય ને? મેં કહ્યું: 'મણનું શું લઈશ?' એણે કહ્યું: 'મણના ચાલીસ રૂપિયા.'

"મને તો એ ભાવ બહુ આકરો લાગ્યો પણ પછી મને થયું કે એક બૈરૂં બે મણથી વધારે નહિ થાય. તો યે મેં તો કહ્યું: 'અલ્યા઼ ઇ તો બહુ ભાવ કહેવાય.'

"એણે કહ્યું: 'એથી ઓછે મને નહિ પોસાય, મને ખોટ જાય.'

"મેં કહ્યું: 'બેટમજી, તમે ભૂંડ વેચીને ધંધામાં પાવરધા થયા છો તો અમે દારૂ વેચીને કાંક કાંક સમજીએ છીએ.' એટલે મેં એને કીધું: 'જો તાજો માલ હોય તો તો એ ભાવ ચાલે, પણ આ તો તમારી રાખેલી બૈરી છે, નવા જેવી ન ગણાય. આપણે તમને પાંત્રીસ રૂપિયા આપવા, જાઓ. હવે પાઈ યે ખમે એમ નથી. કબુલ?' પેલો કહે: 'હા કબુલ, જા.'

"મેં કહ્યું: 'હા, ત્યારે સોદો થયો.' ને અમે એક બીજાને ટેકો દેતાં હેંડયા. સાહેબ, વ્હેવહાર તો એક બીજાના ટેકાથી જ ચાલે ને?

"પણ મારા મનમાં ચોળવચોળ થયા કરતું 'તું. મેં કહ્યું: 'આ સારું તો કર્યું પણ એને માપશું શી રીતે? એ તે કાંઇ પાણી છે કે ડોલેડોલે મપાય?

"એટલે એણે ફોડ પાડી. એનેય દારુ ચઢયો હતો એટલે સમજાતું નો'તું. એણે કહ્યું: 'આપણે એક પીપ લઇએ. એને માથા સુધી ભરીએ. હું બૈરાને એમાં ઉતારૂં અને જે પાણી ઢળી જાય તેને માપી લઇએ. બોલો, બરોબર જુક્તિ થઇ કે નહિ?'

"મેં કહ્યું: 'એ તો ખરૂં, પણ પાણી ઢળી જશે એને માપવું શી રીતે?'

"એટલે એ હસી પડયો. એણે મને કહ્યું: 'બૈરૂં બહાર નીકળે એટલે પીપ ફરીવાર ભરવું. અને બીજું જેટલું પાણી નાંખવું પડે તેના તમારે, મણના ભાવે રૂપિયા આપવાના. દશ ડોલો થાય તો સો રૂપિયા આપવાના.' મને લાગ્યું કે ભાઇ સાહેબને દારુ ચડયો છે પણ કાળજું ઠેકાણે છે.

એક કબાલો

"પછી તો સાહેબ, અમે એને ઘેર ગયા. અને દાગીનાને બરાબર જોયો. રૂપબૂપ તો કાંઇ એનામાં હતું નહિ. સાહેબ આપ જુઓ છો ને આ આપની હામે બેઠું. મને મનમાં થયું: 'કાંઈ નહિ. મારૂં ઘર મંડાશે. અને રૂપાળું હોય કે ન હોય પણ ઘર તો ચલાવશે'. ખરૂં ને? ને વળી મેં એ ય જોયું કે એ પાતળી સોટા જેવી છે. મારા મનમાં થયું: 'પુરા બે મણે નહિ થાય.' દારુનો ધંધો કરૂં એટલે એટલું તો જાણું ના?

"પછી શું થયું તે તો એણે આપને કહ્યું છે. મેં તો એને ચદ્દી ને મોજાં યે રાખવાં દીધાં—જો કે મને તો ગેરફાયદો હતો.

"એ કામ થઈ રહ્યું ત્યાં તો માલ જ નાસી ગયો. મેં કહ્યું: 'અલ્યા, જોછ કે નાસી ગઈ.'

"એણે કહ્યું: 'તેની તારે ફકર નહિ. એ તો પાછી આવી જશે. રાતે ઊંઘવા નહિ આવે તો ક્યાં જશે? આપણે માપ કાઢી લ્યો એટલે કિંમત નક્કી થાય.'

"મેં માપ્યું. પુરી આઠ ડોલ્યે ન થઇ. હહાહાહા..."

કેદી એટલું બધું હસવા લાગ્યો કે પોલીસને બરડામાં ધપ્પો મારીને તેને બંધ કરવો પડયો. હસવું બંધ થયું એટલે તેણે આગળ ચલાવ્યું :

"હવે એમાં લાંબું શું કેવું 'તું સાહેબ. પીટરે કહ્યું: 'મારે કબુલ નથી. એટલે રૂપિયે ન આપું.' મેં એને એક બે દીધી એટલે એણે મને એક બે દીધી. એણે એક સંભળાવી તો મેં દશ સંભળાવી. અને એ તો એમને એમ રાત સુધી ચાલ્યા કરત. અમે બેઇયે એટલો પીધો'તો.

"ત્યાં તો પોલીસ આવ્યા. અમને દેવા માંડયા, હાથકડી કરી અને કેદમાં નાંખ્યા. સા'બ, મને નુકશાની મળવી જોઇએ."

તે બેસી ગયો. પીટરે જાહેર કર્યું કે તેના મદદગારની હકીકત રજેરજ ખરી હતી. ચકિત થયેલી જુરી પોતાનો અભિપ્રાય આપવાને અંદર ગઈ.

એકાદ કલાકમાં તેઓ પાછા આવ્યા. અને તહોમતદારોને છોડી મૂકયા. પણ એક ભેદી કોયડો મૂકતા ગયા. લગ્નની પવિત્રતા કેટલી ગણાવી જોઇએ અને વેપારી કબાલાની યોગ્ય મર્યાદા કેવી મૂકાવી જોઇએ.

પીટર પોતાની પત્ની સાથે પોતાને રહેવાને ઘેર ગયો.

જોસેફ પોતાની દારુની દુકાને ગયો.

"દુઃખીનાં દુઃખની વાતો*—"

કાઉન્ટેસ—હમણાં પેલે દહાડે અનાથાશ્રમમાં ગયાં હતાં. ત્યાં તેમણે બહુ જ અસાધારણ દેખાવ જોયો હતો. ચાર છોકરાઓ એક ફાટેલી ચોપડીને માટે હોંસાતોંસી કરતા હતા અને એકબીજાને વજ્જર મુક્કીઓ મારી મારી પોંદી નાંખતા હતા.

કાઉન્ટેસ તો આ જોઇને હબકી જ ગયાં અને બોલી ઊઠયાં: "કેમ, કેમ, છોકરાઓ! આ તે શું કહેવાય? આમ લડો છો શાને? આ વીંખાયલાં ફરફરીઆં માટે આટલી બધી મારામારી! કોઇ તમને એને બદલે બે પીપરમીટ પણ આપે એમ નથી. અને વળી સાંજે પ્રભુની માફી માગવી પડશે તે તો જુદું."

"એ મારી પાસેથી 'રોબિન્સન ક્રુઝો' લઇ ગયો!" એક છોકરો પોતાના વાંકનો બચાવ કરવા બહાર પડયો.

---

* "દુઃખીનાં દુઃખની વાતો સુખી ના સમજી શકે;
"સુખી જો સમજે પૂરૂં દુઃખ ના વિશ્વમાં ટકે."

ખબરદાર

"જો, જુઠ્ઠો! એણે જ મારી પાસેથી લઈ લીધો હતો!" બીજાએ રાડ પાડી.

"કેવો જુઠું બોલે છે?" ત્રીજો છોકરો ચીસાડા પાડવા લાગ્યો. "પોતે જ મારી પાસેથી ખૂંચવી ગયા એ કેમ નથી બોલતા?"

છોકરાંઓની સંભાળ રાખનાર બાઈએ કાઉન્ટેસને સમજાવ્યું કે છોકરાંઓને વાંચવાનો બહુ જ રસ છે અને અનાથાશ્રમમાં પૂરતાં પુસ્તકો નથી એટલે ગમે એટલી કાળજી રાખીએ તો પણ આવા બનાવ વારે ઘડીએ બન્યા જ કરે છે.

કાઉન્ટેસના હૃદયમાં કોઈ અપૂર્વ ભાવ ઝળક્યો. પણ વિચારથી થાક ચઢતો હોવાથી તેમણે તે ભૂલી જવાનો પ્રયત્ન કર્યો. ત્યાર પછી થોડે દિવસે તેઓ એકવાર વડા પાદરીનેત્યાં મિજબાનીમાં ગયાં હતાં. ત્યાં તો ધર્મની અને પરોપકારની જ વાતો થાય એટલે એમને આ વાત ફરી યાદ આવી. તેમણે એ બનાવ બહુ જ વિસ્તારપૂર્વક વર્ણવી સંભળાવ્યો અને દેખરેખ રાખનાર બાઈએ જે ખુલાસો કર્યો હતો તે પણ કહી સંભળાવ્યો.

પાદરી સાહેબે વાત બહુ જ ધ્યાનપૂર્વક સાંભળી

અને વિચિત્ર ભાવો અનુભવ્યા. એમને વિચાર કરવાનો મહાવરો હતો એટલે એમણે તો એવી સૂચના કરી કે આ અનાથોને પુસ્તકો પૂરાં પાડવામાં આવે તો સારૂં. તેમનાં પોતાનાં છોકરાંને માટે વરસો પહેલાં ખરીદેલાં પુસ્તકો આજે કોઇ ટ્રંકમાં કે ઘોડી ઉપર સડી રહ્યાં છે એ વાત પણ તેમને એકાએક યાદ આવી. પણ એ બધાં પુસ્તકોને ભેગાં કરવાનું ગદ્દાવૈતરૂં કોણ કરે?

તે જ દિવસે સાંજે પાદરી સાહેબ શ્રી—ને ત્યાં મળવા ગયા હતા. શ્રી—નું આખું જીવન સાતમાથી ત્રીજા દરજ્જાના અમલદારોની સેવા ઊઠાવવામાં જ વ્યતીત થયું હતું. એમને ખુશ કરવાના ઇરાદાથી પાદરી સાહેબે કાઉન્ટેસે કહેલી વાત તેમને કહી સંભળાવી અને પોતા તરફથી પણ ઉમેર્યું: "ખરૂં—એ પણ—ખરેખર—આવાં અનાથોને પુસ્તકો **પૂરાં પાડવાં જ જોઇએ.**"

"એમાં તે શું મોટી વાત છે!" શ્રી—બોલી ઊઠ્યા. "એ તો કાલે હું 'વર્તમાન'ની ઑફિસમાં જવાનો છું એટલે અનાથાશ્રમને માટે પુસ્તકોની માગણી જાહેર થાય એવું કરીશ."

"દુઃખીનાં દુઃખની વાતો—"

બીજે દિવસે શ્રી—ભારે ઉત્તેજનાપૂર્વક 'વર્તમાન' ઑફિસમાં દાખલ થયા અને તેમાં અનાથોને માટે પુસ્તકોની માગણી છપાય એ માટે તેમણે બહુ જ આગ્રહ કર્યો.

તેઓ ખરી અણીને વખતે પહોંચ્યા હતા. તે જ વખતે પત્રને થોડી ઉત્તેજનાપૂર્ણ લીટીઓ ખૂટતી હતી એટલે રિપોર્ટર બેસી ગયો અને એક લેખ તૈયાર કરી નાંખ્યો. મથાળે લખ્યું: મૂઠીભર બાળકો–સમાજને આશરે–પુસ્તકને અભાવે પીડાય છે–ભુલકાંઓ તલસી રહ્યાં છે–તેમના તૃષાર્ત આત્માઓને સંભારજો!

પછી સંતોષપૂર્વક સીસોટી બજાવતા બજાવતા શ્રી—ભોજનને માટે ચાલી નીકળ્યા.

થોડા દિવસ પછી એક રવિવારે હું અને મારા મિત્ર વિજ્ઞાનના અધ્યાપક ફરતા ફરતા 'વર્તમાન'ની ઑફિસમાં જઇ ચઢયા. તંત્રીના બંધ ઓરડા આગળ અમને એક ચિંથરેહાલ માણસ મળ્યો. તેના હાથ કાળામેશ જેવા થઈ ગયેલા હતા. તેની સાથે એક ફીક્કી પડી ગયેલી સૂકાયલી જેવી છોકરી હતી. તેણે પણ બરાબર કપડાં ન હતાં પહેર્યાં. તેના હાથમાં પુસ્તકોની એક પોટલી હતી.

" દુઃખીનાં દુઃખની વાતો—"

મેં તેને પૂછ્યુંઃ " કેમ, આપને શું કામ છે ? "

મેલથી રગદોળાયલા માણસે સંકોચપૂર્વક જવાબ દીધોઃ " સાહેબ, અમે થોડાંક પુસ્તકો આણ્યાં છે. તમે પેલાં તરસ્યા આત્માઓને વિષે લખ્યું હતું ને તેમને માટે."

પેલી સૂકાયલી છોકરીએ પણ નમન કર્યું અને તેના રોગથી ફિક્કા પડી ગયેલા ગાલો ઉપર પણ જરા લાલી આવી.

મેં તેના હાથમાંથી પુસ્તકો લીધાં અને ઑફિસના નોકરને સોંપ્યાં.

" આપનું નામ શું ?" મેં પૂછ્યું.

" પણ, સાહેબ, આપને શું કામ છે ? " તે મુંઝાતો મુંઝાતો બોલ્યો.

" વાહ ! અમારે દાતાનું નામ તો છાપવું જોઈએ ને ! "

" ના સાહેબ, એની કાંઇ જરૂર નથી. હું તો એક ગરીબ મજુર છું. પેલા ટોપી બનાવવાના કારખાનામાં કામ કરૂં છું. નામ છાપવાની કાંઇ જ જરૂર નથી. "

અને તે પોતાની સૂકલકડી નાની પુત્રીને લઇને ચાલ્યો ગયો.

" દુઃખીનાં દુઃખની વાતો—"

મારી પાસે વિજ્ઞાનના અધ્યાપક ઊભા હતા તેથી કે કોણ જાણે શાથી સંદેશા મોકલવાની નવી જ રીતનો મને ખ્યાલ આવ્યો. અનાથાશ્રમ એ મુખ્ય મથક હતું. ત્યાંથી સંદેશો મોકલવામાં આવ્યો. પેલો ટોપીના કારખાનામાંનો મજુર તે સંદેશગ્રાહક મથક હતું. મુખ્ય મથકેથી 'સાવધાન'નો હુકમ પુકારાતાં ગ્રાહકે તેનો તરત જવાબ વાળ્યો. એકે માગણી કરી કે તરત જ બીજાએ પૂરી પાડી.

બાકીના બીજા બધા અમો તો માત્ર તારના થાંભલા હતાં.

શીશીબાઈ

મેજર કાઉન્ટ ફાર્લ્સબર્ગ નામનો જર્મન સરદાર ટપાલની કોથળી પૂરી કરી રહેવા આવ્યો હતો. તેની પીઠ એક મોટી ભરતવાળી આરામખુરશીમાં ખૂતી ગઈ હતી. તેના બૂટવાળા પગ સુંદર આરસની લાદી ઉપર આરામથી પડયા હતા. દ'ઉવિલના આ બંગલામાં ત્રણ મહિનાના વાસથી આ લાદી ઉપર તેના પગના જોડાની એડીના લીસોટા પડી ગયા હતા, અને એ લીસોટા દહાડે દિવસે ઊંડા થતા જતા હતા.

એક સુંદર ટેબલ ઉપર પડેલા કૉફીના પ્યાલામાંથી વરાળ નીકળતી હતી. ટેબલ ઉપર બીડી ચાંપ્યાના ડાઘ, દારુનાં ટીપાંના ડાઘ અને છરીના કાપાથી કરેલી આકૃતિઓ દેખાતી હતી. આ વિજેતાને નવરાશમાં પેન્સીલ છોલતાં છોલતાં તરંગ આવતો ત્યારે ટેબલના ઊંચી જાતના લાકડા ઉપર જાતજાતની વિચિત્ર આકૃતિઓ પાડવાની ટેવ હતી.

પોતાના નોકરે આણેલા કાગળો અને જર્મન વર્તમાનપત્રો વાંચી રહ્યા પછી તે ઊભો થયો અને

ચુલામાં ત્રણ ચાર લીલાં લાકડાના કટકા તેણે નાંખ્યા—આ ગૃહસ્થોએ બાગના લાકડાનો આ ઉપયોગ આદર્યો હતો—અને પછી બારી પાસે ગયો.

ત્રમઝીક વરસાદ પડતો હતો. નોરમંડીમાં હમેશાં જાણે કોઇ બીજાઇને ફેંકતો હોય તેમ વરસાદ જોસબંધ ત્રાંસો જાડી ધારે આવે છે.

સરદારે પાણીમાં પલળી જતી લીલોતરી ઉપર નજર કરી. અને બારીમાંથી જોતાં જોતાં તખતી ઉપર પોતાના દેશના નૃત્યનો તાલ તે આંખળાથી બજાવતો જતો હતો. પોતાની પછવાડે કાંઇક અવાજ સાંભળતાં તે પાછો ફર્યો. બેરન કેલવીન્ગસ્ટીન જે અત્યારે કપ્તાનનો હોદ્દો ધરાવતો હતો તેને તેણે જોયો.

સેનાપતિ પહોળા ખભાવાળો રાક્ષસ જેવો દેખાતો હતો. તેની સુંદર લાંબી દાઢી છાતી ઉપર લાંબી પથરાતી હતી. તેનું ઊંચું શરીર પીછાં સંકેલી લીધેલા લશ્કરી મોરનું સ્મરણ કરાવતું હતું. તેની આંખો આસ્માની ઠંડી અને મૃદુ હતી. એક ગાલ ઉપર ઓસ્ટ્રિયા સાથેના યુદ્ધમાં વાગેલી તલવારનો ઘા હતો. એક બહાદુર સિપાઇ તરીકેની તેની પ્રતિષ્ઠા હતી.

કપ્તાન લાલ મોઢાનો, તંગ પટાથી બાંધેલા મોટા

પેટવાળો અને ઠીંગણો હતો. તેની હજામત સાફ ન હતી, અને તેની દાઢી અને મૂછ ઉપર અમુક રીતે પ્રકાશ પડતો ત્યારે ફોસ્ફરસ લગાડયું હોય તેવી દેખાતી હતી. કોઈ સાથે લ્હેર ઊંડાવતાં તેના બે દાંત પડી ગયા હતા (તે કેમ પડયા તેની પોતાને ખબર ન હતી) અને તેથી તેનો અવાજ જાડો અને વિચિત્ર થઇ ગયો હતો. તેનું કહેવું કોઇ કોઇ વખત સમજાતું નહિ. માથા વચોવચ તેને ગોળ તાલ પડી હતી અને તેની આસપાસ ટુંકા લાલ ચળકતા વાળના ગુચ્છા હતા.

સેનાપતિએ, સામે પડેલો આજનો છઠ્ઠો કપ ગટ-ગટાવી કપ્તાન સાથે હાથ મિલાવ્યા, અને દિવસનો રીપોર્ટ સાંભળી લીધો. અને પછી 'આજ કાંઈ મજા પડતી નથી' એમ કહીને બન્ને પાછા બારીએ ગયા.

સેનાપતિ બૈરીછોકરાંવાળો માણસ હતો. તે આ સ્થિતિમાં મનનું સમાધાન કરી લેતો હતો. પણ કપ્તાન વંઠેલો, નિશાબાજ અને રંડીબાજ હતો અને આ ઉજ્જડ એકાંતવાસમાં મહિનાના મહિના પૂરાઈ રહેવાથી વારંવાર ચીઢાતો.

ફીફીબાઇ

કમાડ ઉપર ટકોરો થતાં સેનાપતિએ ' આવો ' એમ કહ્યું, અને તરત જ બારણામાં એક કવાયતી સોલ્જરનું પુતળું આવીને ઊભું રહ્યું. ખાણું તૈયાર છે એમ પોતાની હાજરીથી જ તેણે સૂચવ્યું.

ખાણાના ઓરડામાં તેમને બીજા ત્રણ ઑફિસરો મળ્યાઃ લેફ્ટેનન્ટ ઑટો–વૉન–ગ્રોસલીન્ગ, લેફ્ટેનન્ટ ફ્રિટ્ઝ, શુનાબાર્ગ અને માર્કિવસ વિલ્હેલ્મ વૉન ઇરિક. વૉન ઇરિક ઉદ્ધત, કઠોર અને જીતાએલા માણુસ તરફ ક્રૂર સ્વભાવનો હતો. ફ્રાન્સમાં આવ્યા ત્યારથી તેના ગોઠીઆ તેને ફીફી-બાઇના નામથી ઓળખતા કારણકે તેનો દેખાવ ચંચળ હતો, તેનું શરીર તંગ ચોળી પહેરી હોય તેવું એકવડું દેખાતું હતું અને તેના મોઢા પર મૂછનો દોરો ભાગ્યે જ દેખાતો હતો. અને લોકો અને વસ્તુઓ તરફ આડંબરી તિરસ્કાર બતાવવાને માટે વારંવાર ' ફી, ફી......' એવું ફ્રેન્ચ વાક્ય બોલવાની તેને ટેવ પડી હતી.

બંગલાની અંદર જમવાનો ખંડ લાંબો અને ભભકાદાર હતો. તેના અરીસામાં બંદુકની ગોળી વાગ્યાનાં કાંણાં અને તેના સુંદર ચકમાં તલવારથી

પાડેલા ચીરા અને તેના રખડતા ટુકડા બાઇ સાહેબ ફીફીના નવરાશના સમયના પરાક્રમની સાક્ષી પૂરતા હતા.

ભીંત ઉપર લટકતાં ત્રણ મોટા ચિત્રોના મોઢામાં લાંબી ચલમો ખોસી દીધી હતી અને માલેકના કુટુંબની એક ઘરડી ડોસીના ચિત્રના મોં પર મોટી કાળી મૂછો કરી દીધી હતી. આ અત્યાચાર કરેલા ઓરડામાં વરસતા વરસાદથી પડતા અંધકારમાં ઑફિસરો મૂંગા મૂંગા ખાતા હતા.

જમી રહ્યા પછી દારુ અને તમાકુનો વારો આવ્યો ત્યારે તેમની કંટાળા ભરેલી જીંદગીનાં હમેશનાં રોદણાં રોવાનું તેમણે શરૂ કર્યું. એક બીજાના હાથમાં દારુના પ્યાલા પહોંચાડતાં મોઢામાં ચલમ હતી તે રાખીને જ તેઓ દારુ પીતા ગયા. પ્યાલો ખાલી થાય એટલે પાછો ભરાતો હતો. ફીફીબાઇ દર વખત પ્યાલો ફોડતો હતો અને તેને માટે ચાકર નવો લાવતો હતો. ધૂમાડાના ગોટામાં, કાંઇ કરવાનું ન હોય તેવા, તેઓ આળસુ, ઝોકાં ખાતાં, પીધેલા પડયા હતા. કપ્તાને એકદમ જાગીને બૂમ પાડીને કહ્યું: " ભગવાનના સમ ! આમ આપણાથી રહેવાશે

નહિ. આપણે કંઇક નવું શોધી કાઢવું જોઇએ." બીજા બે લેફ્ટેનન્ટે કહ્યું: "ખરું, પણ શું શોધી કાઢશો?" કપ્તાને થોડી વાર વિચાર કર્યો. "સેનાપતિ રજા આપે તો આપણે ઉજાણી કરીએ." સેનાપતિએ મોઢામાંથી ચલમ કાઢીને કહ્યું: "કેવી ઉજાણી કરવી છે?" કપ્તાને તેની પાસે આવીને કહ્યું: "એ મારા ઉપર છોડી દો. હું આપણા બુઢ્ઢા ચાકરને મોકલીને રુએનથી થોડી છોકરીઓને બોલાવીશ. તેમને કયાંથી લાવવી તે હું જાણું છું. તેમને અહીં વાળુ કરાવીશું. ભભકાભેર જમણ આપીશું અને એક રાત તો મજામાં કાઢીશું."

કાઉન્ટ ફાર્લ્સબર્ગે હસીને ખભા ઊંચા કરીને કહ્યું: "કાંઈ ગાંડો થયો છે?" પણ બધા જુવાનિયાઓ ઊભા થઇ ગયા અને સેનાપતિની આસપાસ વીંટળાઇ વળીને વિનંતી કરવા લાગ્યા: "નહિ સાહેબ, ભલા થઇને એક વાર રજા આપો. અહીં બિલકુલ ગમતું નથી." સેનાપતિએ છેવટે 'ભલે' એમ કહીને નમતું આપ્યું. બુઢ્ઢા ચાકરને એકદમ બોલાવ્યો. તેને કોઈએ કદી હસતો જોયો નથી. પણ તેને કંઇ કામ બતાવ્યું હોય તો તે ગમે તે કરીને પાર પાડતો. મોઢા ઉપર જરા પણ ફેરફાર થયા વિના હુકમ સાંભળીને

તે બહાર નીકળ્યો. પાંચ મિનિટમાં એક છત્રીવાળું લશ્કરી ગાડું એટલા ભયંકર વરસાદમાં ચાર ઘોડા પૂરપાટ ખેંચી ગયા. અને એક જ ક્ષણમાં આ અમલદારોના મનમાં નવો જ જુસ્સો અને આનંદ આવી ગયો. તેઓ ઢીલા હતા તે મટી ગયા. તેમના મોઢા પર તેજ દેખાયું અને વાતો કરવા લાગ્યા. વરસાદ એટલો ને એટલો પડતો હતો પણ સેનાપતિએ કહ્યું કે વાદળાં બહુ ઘાડાં નથી અને લેફ્ટેનન્ટે ટાપસી પૂરી કે થોડી વારમાં ઉઘાડ થશે. બાઈ સાહેબ ફીફી શાન્ત રહી શકતા ન હતા. તે કંઈક તોફાન કરવાનું શોધતો હતો. તેની આંખો પેલી મૂછો કરેલી બુઢ્ઢી ઉપર પડી. રીવોલ્વરનો વાંદરો ચડાવીને આ હેવાન બોલ્યો: “તારે આ જોવાનું નથી!” અને ઊભા થયા વગર બે ગોળીથી તેણે બે આંખો વીંધી નાંખી. પછી તેણે કહ્યું: “ચાલો આપણે સુરંગ ફોડવાની રમત રમીએ.” અને તરત જ આ નવા અને જબરા આકર્ષણના જાદુથી બધી વાતચીત બંધ પડી. આ રમત પોતાની વિનાશવૃત્તિને તૃપ્ત કરવા ફીફીએ શોધેલી હતી.

બંગલાનો માલેક ઉતાવળમાં તેનું મોંઘું રાચરચીલું ફેરવી શકયો ન હતો. તેમાં જુદા જુદા

વાઝ, કૂંડાં, પુતળાં, હાથીદાંત ને કાચનો ઘણો સામાન પડેલો હતો. અત્યારે એમાંનો ઘણો જ ઓછો બાકી રહ્યો હતો. સેનાપતિ કશું ચોરાવા દે તેવો ન હતો, પણ ફીફીએ વારંવાર સુરંગની રમત રમીને તેનો નાશ કર્યો હતો. ફીફી ઓરડામાંથી એક નાનું સુંદર ચાનું વાસણ લઈ આવ્યો, તેમાં તેણે દારુ ભર્યો, તેના નાળચામાં એક લાંબી જામગ્રી મૂકી અને તે લઇને પાસેના ઓરડામાં ગયો. તે ચાલાકીથી ઓરડાનું બારણું વાસી બહાર આવ્યો અને બધા જર્મનો હવે શું થશે તેની રાહ જોતા છોકરમતમાં હસતા ઊભા રહ્યા. થોડી વારે ભડાકો થયો, આખો બંગલો ધણધણી ઊઠયો અને તે બધા ઓરડામાં દોડયા.

બાઇસાહેબ ફીફી સૌથી પહેલા પહોંચ્યા. એક વીનસના પુતળાનું માથું ઊડી ગયું હતું તેની પાસે હરખમાં ગાંડો થઇ તે તાળીઓ પાડવા લાગ્યો. બધાઓ તેના ટુકડા વીણવા માંડયા. ટુકડા ઉપરની કારીગરી વખાણવા લાગ્યા અને કેટલું ગઇ સુરંગમાં ફુટયું હતું અને કેટલું આજની સુરંગમાં ફુટયું હતું તેની ચર્ચા કરવા લાગ્યા. સેનાપતિ આ બધું

મેટાઇથી જોઇ રહ્યો હતો. તે સૌથી પહેલો પાછો ફર્યો અને તેણે હસતાં હસતાં કહ્યું : " આજની રમતને પૂરી ફતેહ મળી છે."

પણ ખાવાના ઓરડામાં તમાકુના ધૂમાડા સાથે એટલો બધો દારુનો ધૂમાડો મળી ગયો હતો કે શ્વાસ ન લઇ શકાય. સેનાપતિએ બારી ઉઘાડી અને બધા અમલદારો દારુની છેલ્લી પ્યાલી માટે પાછા ભેગા થયા.

બારીમાંથી ભીની હવા અંદર આવવા માંડી. વાછંટનાં બિંદુઓ અમલદારની દાઢીએ વળગી જતાં હતાં. તેઓ બારીમાંથી વરસાદને લીધે નમી પડતાં મોટાં ઝાડો, નીચે નમતાં વાદળાં અને દૂર વરસાદમાથી દેખાતો દેવળનો કળશ ઝાંખો ઝાંખો જોઇ શકતા હતા.

તેઓ અહીં આવ્યા ત્યારથી દેવળનો ઘંટ કદી વાગ્યો નહતો. જર્મનોને આ એક જ બાબતમાં આ પ્રદેશમાં વિરોધ મળ્યો હતો. પાદરીએ જર્મન સોલ્જરોને રાખવાની ના પાડી ન હતી. શત્રુના સેનાપતિનું બીઅર પીવાનું આમંત્રણ તે સ્વીકારતો પણ ખરો. અને સેનાપતિ દુભાષિયા તરીકે તેનો

ઉપયોગ પણ કરતો. પણ દેવળનો ઘંટ વગાડવાની બાબતમાં તે એકનો બે થયો નહિ. તેને ગોળીએ મારો તે હા, પણ ઘંટ વગાડે નહિ. પોતાના જેવા શાન્તિપ્રિય પાદરીને માટે શત્રુના હુમલા સામે શાન્ત વિરોધ બતાવવાની તેની આ રીત હતી. અને દેવળના ઘંટની આગ્રહી મૂકતાથી પ્રજાનો શોક બનાવવાની હિંમત બતાવવા માટે ફરતા દશ માઇલમાં દરેક માણસ તેની પ્રશંસા કરતું.

આખું ગામ આ વિરોધથી ઉત્સાહવાળું થયું હતું. આ શાન્ત વિરોધથી પોતાની પ્રજાકીય પ્રતિષ્ઠા જળવાતી હતી એમ સૌ માનતું હતું. અને તેથી તેમના પાદરીની પાછળ ગમે તે મુશ્કેલીમાં જવાને તૈયાર હતું. આ સિવાય, ગામના લોકો જર્મન વિજેતાઓને કશાની ના પાડતા નહતા.

સેનાપતિ અને તેના અમલદારો આવી નિર્દોષ હિંમત ઉપર હસતા. આખો પ્રદેશ બીજી બધી બાબતમાં નમતું આપતો હોવાથી સ્વદેશાભિમાનના આ મૂક પ્રદર્શનને સહન કરી લેતા.

માત્ર માર્કિવસ વિલ્હેલ્મ એકલો જ દેવળનો ઘંટ વગડાવવા ઇચ્છતો હતો. તેના ઉપરીએ દેખા-

ડેલી મોળાશથી તે ચીડાતો અને હમેશાં એક જ વાર, મશ્કરીમાં ફક્ત એક જ વાર, ટનનન ટનનન વગાડવાની રજા માગતો હતો. પણ કાઉન્ટ ફાર્લ્સબર્ગ આ બાબતમાં દૃઢ હતો, અને ફીફીબાઇને સુરંગની રમત રમીને સંતોષ વાળવો પડતો.

થોડી વાર બારીમાં જોઇ તેઓ જુદા પડયા. કપ્તાનને ખાણું તૈયાર કરવાનું કેટલુંક કામ હતું.

સાંજે તેઓ ફરી ભેગા થયા ત્યારે તેઓ બધા ખડખડાટ હસી પડયા. દરેકે હજામત કરીને પોમેડ અને સુગંધી દ્રવ્યો લગાડીને સુંદર દેખાવાનો પ્રયત્ન કર્યો હતો. સેનાપતિના વાળ ઓછા સફેદ દેખાતા હતા. કપ્તાને સાફ હજામત કરી હતી અને તેની મૂછો તેના નાક નીચે અગ્નિની ઝાળ જેવી દેખાતી હતી.

વરસાદ આવતો હતો છતાં તેમણે બારી ખુલ્લી રાખી હતી. અને વારે ઘડીએ એકાદ આવીને બારી આગળ કાન માંડી જતો. છ ઉપર દશ મિનિટે કપ્તાને જાહેર કર્યું કે દૂર ગાડીનો અવાજ સંભળાય છે. બધા બારણાં તરફ દોડયા. ઘડીમાં ચાર ઘોડાવાળું ગાડું દોડતું આવી પહોંચ્યું.

મુખ્ય બારણે પાંચ બાઇઓ નીચે ઊતરી.

તેઓ દેખાવે રૂપાળી હતી. કપ્તાને ઘરડા ચાકર સાથે પોતાના મિત્ર પર એક ચીઠ્ઠી આપી હતી. તેણે તેમને પસંદ કરેલી હતી.

બાઇઓએ આવવામાં કશી આનાકાની કરી નહતી કારણ કે તેમને ત્રણ મહિનાનો જર્મનોનો અનુભવ હતો અને પૈસા મળવાની ખાત્રી હતી. બાકી તો વસ્તુસ્થિતિને નિભાવી લેવાની હતી. મનમાં કંઇક પણ ખટકો થતાં તેઓ અંદર અંદર વાત કરતી કે સમય પ્રમાણે વર્તી લેવું જોઇએ.

બધાંઓ ખાવાના ઓરડામાં ગયાં. તેની છિન્નભિન્ન દશા દીવાના અજવાળામાં વધારે ભયંકર દેખાતી હતી. ટેબલ ઉપર મૂકેલી જાતજાતની વાનીઓ અને બંગલાનાં રાચરચીલાં અને વાસણોથી એ કોઇ લુટારાના ખાણા જેવું દેખાતું હતું. કપ્તાન બહુ ખુશનુમા દેખાતો હતો. બાઇઓની સરભરા કરવાનું કામ તેણે માથે લીધું હતું. તે તેમને ધારી ધારીને જોતો હતો અને તેમનાં સૌન્દર્યનાં વખાણ કરતો હતો. ત્રણ જુવાનિયાઓ પોતાની જોડી શોધી લેવાનું કરતા હતા તે જોતાં તે એકદમ વચમાં પડ્યો અને અમલદારોના હોદ્દા મુજબ વહેંચણી કરવાનું કામ તેણે હાથમાં લીધું. ચર્ચા, તકરાર,

વહેમ કે પક્ષપાત ન થાય એટલા માટે તેણે બધી બાઇઓને તેમની ઊંચાઇ પ્રમાણે એક હારમાં ઊભી રાખી. અને પછી લશ્કરી ટુકડીના અમલદારની પેઠે તેણે સૌથી ઊંચી હતી તેને પૂછ્યું : "'તમારૂં નામ ?"

"પેમીલા." તેણે અવાજને બને તેટલો મરદાની કરતાં કહ્યું.

"પહેલો નંબર–નામ પેમીલા. સેનાપતિના ભાગમાં. બીજી બ્લોન્ડીનને પોતાના માલેકીહક્કથી તેણે ચુંબન કર્યું. ત્રીજી આમન્ડાને તેણે લેફ્ટેનન્ટ ઑટોને આપી. સોનેરી વાળવાળી ઇવાને તેણે ફ્રિટ્ઝને આપી. અને સૌથી નીચી, રેચેલને તેણે ઠીંગણા માર્કિવસ વિલ્હેલ્મ વૉન ઇરીકને આપી. તે જુવાન કાળી યાહુદણ હતી. તેની આંખો શાહી જેવી કાળી હતી. અને તેની જાતના લક્ષણની વિરુદ્ધ તેનું નાક ઊંચું વળેલું હતું.

બધી યે એકસરખી જાડી અને રૂપાળી હતી. એક સરખી પરિસ્થિતિમાં રહેવાને લીધે અને એક-સરખી ઢબછબને લીધે તેમની મુખાકૃતિમાં કાંઇ ફેર દેખાતો ન હતો.

પેલા ત્રણ જુવાનિયા બાઇઓ મ્હોંબ્હો ધોઇને તૈયાર થાય એમ ઇચ્છતા હતા. પણ કપ્તાન તેની

વિરુદ્ધ હતો. તેથી ગોટાળો થાય એમ તે માનતો હતો. એક અનુભવી તરીકે બધાએ તેનો અભિપ્રાય સ્વીકાર્યો. એટલે પછી માત્ર જરા ચુંબનવિધિ ચાલ્યો.

એકાએક રેચેલ ગુંગળાવા અને ઉધરસ ખાવા માંડી. એની આંખમાંથી આંસુ નીકળી ગયાં. એના નાકમાંથી ધુમાડો નીકળ્યો. પેલા માર્કિવસે ચુંબન કરવાના બ્હાનાએ તેના મ્હોંમાં તમાકુનો ધૂમાડો ફૂંક્યો હતો. તેણે બીજાજ ન બોલ્યો. એક શબ્દ કહ્યો નહિ. પણ તે જુવાન તરફ તાકીને જોઈ રહી. તેની આંખોના ઊંડાણમાં ક્રોધ સળગવા લાગ્યો હતો.

તેઓ જમવા બેઠાં. સેનાપતિ પણ ખુશ દેખાવા લાગ્યો. તેની જમણી બાજુમાં પેમીલા હતી અને ડાબી બાજુમાં બ્લોન્ડીન હતી. રૂમાલની ઘડ ઉઘાડતાં તેણે કહ્યું: " કપ્તાન, તને સરસ વિચાર આવ્યો."

લેફ્ટેનન્ટ ઑટો અને ફ્રિટ્ઝ પોતાના વર્ગની સ્ત્રી તરફ જોઈએ તેટલો વિનય બતાવતા હતા તેમ છતાં તેમનાં પડોશીઓ તેમનાથી જરા બીનાં હતાં. પણ બેરન કેલ્વીન્ગસ્ટીન બરોબર ચગ્યો હતો. એક પછી એક મશ્કરી કર્યે જતો હતો અને તેનું લાલ માથું બરાબર સળગતું દેખાતું હતું. પોતાના પ્રાન્તમાં

જેવી ફ્રેન્ચ બોલાતી હતી તેવી ફ્રેન્ચ ભાષામાં ગ્રામ્ય વખાણ, થૂંકના છાંટા સાથે, તે પોતાના દાંત પડેલા મોંમાંથી બાઈઓ તરફ ઉડાડતો હતો. પેલી બાઇઓ તેનો એક પણ શબ્દ સમજતી ન હતી. પણ જેમ જેમ તેની ભાષા વધારે ગંદી અને ઉચ્ચારભ્રષ્ટ થતી જતી હતી તેમ તેમ તે વધારે લ્હેરમાં દેખાતી હતી. પછી કપ્તાને જાણી જોઇને ખોટો ઉચ્ચાર કરીને જે અશ્લીલ શબ્દો કહ્યા તે બોલતી બોલતી તેઓ અટ્ટહાસ્ય કરવા લાગી. થોડી જ વારમાં છોકરીઓને દારુ ચડયો અને તે પોતાની જાત પ્રમાણે વર્તવા માંડી. ડાબા જમણી બન્ને તરફની મૂછો સાથે રમવા લાગી. પુરુષોના હાથ ખેંચવા માંડી. દરેકના પ્યાલામાંથી દારુ પીવા માંડી. ફ્રેન્ચ ગીતો ગાવા માંડી. અને શત્રુઓ સાથે આવી મુલાકાતોમાં થોડાં જર્મન ગીતોના ટુકડા શીખી લીધા હતા તે ગાવા માંડી. થોડી વારે પુરુષો પણ ગાંડા બનવા માંડયા. તેઓ બૂમો પાડવા માડયા અને પ્યાલા ભાંગવા માંડયા. એમની પછવાડે ઊભેલા સિપાહી નોકરો એવા ને એવા અક્કડ રહી પીરસતા ગયા. માત્ર સેનાપતિ કાંઈક મોભો જાળવી રહ્યો. ફીફીબાઇ રેચેલને ઘુંટણ ઉપર બેસાડી અને તેના ગુંછળા વળેલા ટૂંકા

કાળા વાળને ચુંબન કરવા લાગ્યો. તેનાં કપડાં સોંસરી ચુંટી ખણીને તેને બૂમ પડાવવા લાગ્યો, કારણ કે તેનાથી તોફાન કર્યા વગર રહેવાતું નહતું. એક વખત ચુંબન કરતાં કરતાં તેના હોઠને તેણે એવું બટકું ભર્યું કે તેમાંથી લોહી નીકળી ચોળી ઉપર પડવા લાગ્યું. તેણીએ ફરીથી તેના તરફ તાકીને જોયું, અને હોઠને આંગળીથી દાબતાં ધીમે અવાજે કહ્યું: " આનો બદલો આપવો પડશે." તેણે બોખરે અવાજે હસીને કહ્યું: " ખુશીથી આપીશ."

હવે તેઓ જમી, ફળો ખાઇ રહ્યા હતા અને દારુ પીરસાતો હતો. સેનાપતિએ ઊભા થઇને, જાણે શહેનશાહ બાનુ ઓગસ્ટાને માટે બોલતો હોય તેમ, બાઇઓના માનમાં દારુ પીવાની દરખાસ્ત કરી. તે પછી એક પછી એક પીવાની દરખાસ્તો, પીધેલી અશ્લીલ ઠઠ્ઠા મશ્કરીમાં અને ખરાબ ફ્રેન્ચ ભાષામાં મૂકાતી ગઈ. એક પછી એક જુવાનિયો કંઈ ચાળા કરવાને ઊઠતો ગયો અને છોકરીઓ પણ ઉઘાડે મોંએ જંગલીની માફક તાળીઓ પાડવા લાગી. છેવટે કપ્તાને ફરી એક પ્યાલો પીવાની દરખાસ્ત કરતાં કહ્યું: " સુંદરીઓ ઉપરના વિજયને નિમિત્તે." એ

સાંભળીને લેફ્ટેનન્ટ ઑટો જે કાળા રીંછ જેવો દેખાતો હતો તેણે પીધેલ સ્વદેશાભિમાનમાં બૂમ પાડીને કહ્યું: "ફ્રાન્સના વિજયને નિમિત્તે."

છોકરીઓને દારુ ચડયો હતો છતાં તે શાન્ત રહી. પણ રેચેલે તેના તરફ ફરીને ગુસ્સામાં અચ-કાતાં અચકાતાં કહ્યું: "હું કહું છું, ફ્રેન્ચ માણસો પાસે તમે આમ કહો તો સાચા." જે માર્કિવસના ઘૂંટણ ઉપર તે બેઠી હતી તે હસવા માંડયો. હ...હા... હા... "મેં તો કોઈ ફ્રેન્ચ માણસ જોયો નથી. અમે આવીએ છીએ કે તેઓ ચાલતી પકડે છે."

બીજવાએલી છોકરીએ તેના મોઢા ઉપર ચોઢયું: "હેવાન, જુઠ્ઠુ બોલે છે."

પેલી છબીની આંખોમાં બંદૂક ફોડતી વખતે તેણે નજર કરી હતી તેવી નજરથી તે ક્ષણેક જોઈ રહ્યો અને પછી હસતાં હસતાં કહ્યું: "વાત તો બહુ સુંદર કરી. પણ એમનામાં કાંઈ માલ હોય તો અમે અહીં હોઇએ ખરા?" અને એકદમ ખુશાલીના આવેગમાં તે બોલી ઊઠયો: "અમે તેમના માલેક છીએ. ફ્રાન્સ અમારો છે." તેના ઘૂંટણ ઉપરથી ઊછળીને તે નીચે ઊતરી ગઈ અને પોતાની ખુરશી

ઉપર જઇને બેસી ગઈ. તે ઊભો થયો. પ્યાલાવાળો હાથ ટેબલ ઉપર લાંબો કરીને તે ફરી બોલ્યોઃ "ફ્રાન્સ દેશ અને ફ્રેન્ચ લોકો અમારા છે. ફ્રાન્સનાં જંગલો, ખેતરો, અને ઘરબાર અમારાં છે." અને નિશાના હેવાની આવેશમાં બધાએ તેમના પ્યાલા ઊંચા કર્યા, 'પ્રશિયા ઘણું જીવો' એમ બૂમ પાડી, અને એક ઘૂંટડે પી ગયા.

એકાએક ભય લાગવાથી છોકરીઓ ચૂપ થઈ ગઈ અને કાંઇ બોલી નહિ. રેચેલ પણ કાંઇ બોલી નહિ.

ઠીંગણા માર્કિવસે ફરી એનો પ્યાલો ભર્યો અને રેચેલના કાળા માથા ઉપર પ્યાલો મૂકીને બોલ્યોઃ "અને ફ્રાન્સની એકેએક સ્ત્રી પણ અમારી છે." રેચેલ એકદમ ઊભી થઇ. તેના ઉપરથી પ્યાલો ઢળી ગયો, તેના કાળા વાળમાં દારુ ઢોળાયો અને જમીન ઉપર પછડાઇને પ્યાલો ફૂટી ગયો. તેના હોઠ ધ્રૂજવા માંડયા. માર્કિવસની હસતી આંખો સામે તે ઉદ્ધત આંખોએ જોઇ રહી. ક્રોધથી ગદ્દગદ્ અવાજે તે બોલીઃ "ફાંફાં શું મારો છો? તમારા નસીબમાં ફ્રાન્સની સ્ત્રી ક્યાંથી હોય?" ફીફી હસતો હસતો

ગોટો વળીને ખુરશીમાં પડયો. પેરીસની ભાષાના ચાળા પડાય તેટલા પાડીને તે બોલ્યો: "આ છોકરી તો ગજબ છે. પણ વહાલી, ત્યારે તું અહીં શું કરવા આવી છે?"

થોડીક ક્ષણ તે શાંત રહી. છેલ્લા શબ્દોથી તેને પાર વિનાનો ગુસ્સો ચઢયો હતો. પછી એકાએક તેના મંહેણાની સામે તે બોલી ઊઠી: "હું...હું ...હું સ્ત્રી નથી. હું તો વેશ્યા છું. જર્મનીને તો એ જ હોય."

તે બોલી રહી તે પહેલાં ફીફીએ તેને પકડી અને ગાલ ઉપર ઉપાડીને તમાચો માર્યો. અને બીજી વાર મારવા તે હાથ ઉપાડતો હતો એટલામાં રેચેલે ટેબલ ઉપરથી ફળ કાપવાની છરી લીધી અને તે એટલી ચાલાકીથી લીધી કે કોઇએ જોઇ નહિ. અને છરી બરાબર તેના ગળામાં ખોસી દીધી.

તેણે બોલવા માંડેલો શબ્દ તેના મોંમાં જ અધૂરો રહી ગયો. તેનું મોઢું ઉઘડી ગયું. તેની આંખો ભયંકર દેખાવા લાગી.

ગોટાળામાં દરેક માણસ ઊભો થઇને બૂમો પાડવા લાગ્યો. રેચેલે પોતાની ખુરશી લેફ્ટેનન્ટ ઑટો

ઉપર ફેંકી અને તે તેના ઉપર ધબાક દેતો પડયો. ગયેલ બારી તરફ દોડી અને કોઇ માણસ તેને પહોંચી શકે તે પહેલાં બારી ઉઘાડીને અંધકારમાં અને હજુ વરસતા વરસાદમાં અલોપ થઇ ગઇ.

બે મિનિટમાં ફીફીબાઇ મરી ગયાં. ફ્રિટ્ઝ અને ઑટોએ તેમને ઘૂંટણીએ વળગી પડેલી સ્ત્રીઓની કતલ કરવાને તલવાર ખેંચી. મુશ્કેલીએ સેનાપતિએ આ હત્યાકાંડ અટકાવ્યો અને ભડકી ગયેલી ચાર છોકરીઓને બીજા ઓરડામાં ખસેડીને બે સિપાઇઓનો પહેરો એમના ઉપર મૂકયો. પછી લડાઇના વ્યૂહને માટે લશ્કર ફેરવતો હોય તેમ, તેણે નાસનારનો પીછો પકડવા બંદોબસ્ત કર્યો. તેને ખાત્રી હતી કે નાસનાર જરૂર પકડાશે.

પચાસ માણસોને ધમકાવી ધમકાવીને બાગમાં તપાસ કરવા મોકલ્યા.

ટેબલ ઉપરની ચીજો બધી ખસેડી લીધી. અને તેને જ રણશય્યા બનાવી. ચારે ઑફિસરોનો દારૂ હવે ઉતરી ગયો હતો અને કડક અને સખત મોઢાથી પહેરા ઉપર મૂકેલા સોલ્જરોની પેઠે રાતના અંધારામાં નજર નાંખતા તેઓ બારી આગળ ઊભા રહ્યા.

વરસાદનાં ઝાપટાં હજી આગ્ગે જ જતાં હતાં. એકાએક ગોળીબાર થયો. વળી બીજો થયો. અને વળી દૂર દૂર બીજો થયો. ચાર કલાક સુધી વખતો-વખત કોઇ વાર નજીક, કોઇ વાર દૂર, ગોળીબાર અને હર્ષના અવાજો સંભળાયા કર્યા. સવારે સોલ્જરો પાછા આવ્યા. ભાગેલાને પકડવાના ઉત્સાહમાં અને રાતની દોડાદોડીના ગોટાળામાં તેઓએ માંહોમાંહી એક બીજા તરફ ગોળીબારો કર્યા હતા. બે મરણ પામ્યા હતા અને બીજા ત્રણ ઘાયલ થયા હતા. પણ રેચેલ પકડાઈ ન હતી.

તે વખતથી રહેવાસીઓ ઉપર ત્રાસ વર્તાવો શરૂ થયો. તેમનાં ઘર ઉઘાચત્તાં કરી નાંખ્યાં, આખી ખીણમાં પોલીસો મૂકયા અને વારંવાર ઝાડા લીધા. યાહુદણે પોતાની પછવાડે નાસી ગયાનું એક પણ ચિન્હ મૂકયું ન હતું.

મુખ્ય સેનાપતિને આ હકીકત કહેવી પડી. લશ્કરમાં ખરાબ દાખલો ન બેસે એટલા માટે તે હકીકત તેણે દબાવી દીધી. તેણે સેનાપતિને ખૂબ લેવરાવ્યો. સેનાપતિએ પોતાના હાથ નીચેનાને લેવરાવ્યા. મુખ્ય સેનાપતિએ કહ્યું: “ આપણે

વેશ્યાઓને ચુંબન કરવા માટે વિગ્રહ કરતા નથી." કાઉન્ટ ફાલ્સંબર્ગે ગુસ્સામાં આખા દેશ ઉપર વેર લેવાનો નિશ્ચય કર્યો.

સખ્તાઇ કરવાને, કોઇ બેસતું આવે તેવું બહાનું શોધવાને માટે તેણે પાદરીને બોલાવ્યો અને માકિવસ વૉન ઇરિકના પાયદસ્ત માટે ઘંટ વગાડવા હુકમ કર્યો.

ધાર્યું હતું તેથી વિરુદ્ધ રીતે, પાદરીએ નમ્રતાથી હુકમ માનવાને વચન આપ્યું. અને જ્યારે ફીફી· બાઇનું મડદું આગળ પાછળ ભરેલી બંદૂક સાથેના સોલ્જરો સાથે કબરસ્તાન તરફ લઇ જવાને માટે દ'ઉવિલના બંગલામાંથી નીકળ્યું ત્યારે ઘંટને ફરી વાચા થઇ અને મૃત્યુઘંટ વાગ્યો. પણ જાણે કોઇ પ્રેમી હાથ વગાડતો હોય તેમ અમુક પ્રકારના આનંદથી તે વાગતો હતો.

તે ઘંટ ફરી સાંજે વાગ્યો. વળી બીજે દિવસે વાગ્યો. હંમેશ વાગતો. માણસ ધરાઇ જાય એટલી વાર વાગ્યો. કોઇ વાર રાત્રે પણ અંધકારમાં ન સમજાય તેવી રીતે બે ત્રણ રૂપેરી રણકારા તેમાંથી ગાજી ઊઠતા. પડોશના ખેડુતો કહેવા લાગ્યા કે

ઘંટને ભૂત વળગ્યું છે, અને તેની પાસે પાદરી સિવાય કોઇ જઇ શકતું નથી.

ખરી હકીકત એ હતી કે એક ગરીબ છોકરી ત્યાં એકલી ચિંતામાં રહેતી હતી. અને પેલો પાદરી તેની સંભાળ રાખતો હતો.

જર્મન લશ્કર પાછું ફર્યું ત્યાં સુધી તે એમ રહી. પછી એક દિવસ સાંજે પાદરીએ એક હલવાઇની ગાડી માગી લઇને પોતે કેદીને રૂએનના દરવાજા સુધી મૂકી આવ્યો. રૂએન આવતાં તે ગાડીમાંથી એકદમ ઉતરી પડી અને પોતાને ઘેર ચાલી ગઇ. એને ઘેર તો બધાં તેને મરી ગયેલી જ ધારતાં હતાં.

થોડા સમય પછી કોઇ દેશાભિમાની પુરુષ, જેને કાંઇ વહેમ ન હતો, તે તેને ત્યાંથી લઇ ગયો. પહેલાં તો તેના સુંદર કૃત્ય માટે તેને ચાહ થયો પણ પછી તો તે બાઇને માટે થયો. અને તેને પરણીને તેણે તેને બીજી કોઇ પણ કુલવધૂ જેવી માનવંતી કુલવધૂ બનાવી.

ઊંઘે ઘેરાયેલી

રાતનો સમય. તેર વર્ષની નાની ચાકરડી વાર્કા બાળકને પારણામાં હીંચે છે અને ધીમે ધીમે ગુંજે છે:

તારે માટે ગાઉં ગીતડાં,
તું છાનો રહે ને ભાઇ મીઠડા —હા..લા.

મૂર્તિ પાસે એક નાનો દીવો બળે છે. ઓરડીને એક છેડેથી બીજે છેડે દોરીની વળગણી બાંધેલી છે અને એના ઉપર બાળકનાં કપડાં તથા મોટી કાળી સુરવાળની એક જોડ લટકે છે. મૂર્તિના દીવાનું એક મોટું લીલું ધાબુ છત ઉપર પડે છે અને બાળકનાં કપડાંનાં તથા સુરવાળના લાંબા પડછાયા સ્ટવ ઉપર, પારણા ઉપર અને વાર્કા ઉપર પડે છે. જ્યારે દીવાની જ્યોત હાલવા માંડે છે ત્યારે લીલું ધાબું અને પડછાયા સજીવ બને છે અને જાણે પવન તેમને હલાવે છે. બધું ગુંગળાવી નાખે એવું છે. કોબીના સેરવાની અને મોચીની દુકાનમાં આવે એવી ગંધ આવે છે.

બાળક રડે છે. લાંબો વખત થયાં રડવાથી એનું ગળું થાકીને ખોખરૂં થઈ ગયું છે છતાં હજુય

૬

ઊંઘ વેરાયેલી

ચિચિયારી પાડયા કરે છે. દૈવ જાણે કયારે બંધ થશે. અને વાર્કોને ઊંઘ આવે છે. એનાં પોપચાં ચોંટી જાય છે, માથું નમી પડે છે, ગરદન દુ:ખે છે અને તે પોપચાં હલાવી શકતી નથી. અને હોઠે હલાવી શકતી નથી. એને એમ લાગે છે કે જાણે એનો ચહેરો સૂકો લાકડા જેવો બની ગયો છે. અને માથું જાણે ટાંકણીના માથા જેવડું થઇ ગયું છે. એ ગણુગણે છે :

"તું છાનો રહે ને ભાઈ નાના,
તારે માટે રાંધું ઘઉંના રે ફાડા –હાં..લા.

ચુલામાં તમરૂં બોલે છે. જોડેના ખંડનાં બારણાંમાંથી શેઠ અને એમના ગુમાસ્તા આફેન્સેનાં નસ્કોરાં બોલતાં સંભળાય છે. પારણું જાણે આજીજી કરતું હોય એમ કચડ કચડ બોલે છે, વાર્કા ગણુગણે છે. અને આ બધા સૂરોમાંથી રાત્રિનું શાન્તિદાયક સંગીત ઉત્પન્ન થાય છે. જો સૂવાનું હોય તો તે સાંભળવું મીઠું લાગે. પણ અત્યારે તો એ કેવળ ચીઢ આપે એવું અને ભારરૂપ લાગે છે કારણ કે વાર્કોએ ઊંઘવું ન જોઇએ છતાં એ એને પોઢાડી દે છે. ન કરે નારાયણ પણ જો વાર્કો ઊંઘી ગઈ તો શેઠ શેઠાણી એનો બરડો ખોખરો કરી નાખે.

ઊંઘે ઘેરાયેલી

દીવો ડોલે છે. લીલું ધાબું, અને પડછાયા પણ ડોલવા લાગ્યા છે. એ વાર્કાની અધમીંચાયેલી આંખો અને અર્ધ જાગૃત મગજ ઉપર ઊંડા ધૂમસભર્યાં દેખાવ ઉપજાવી કાઢે છે. આકાશમાં એક બીજાની પાછળ ધાતાં અને બાળકની પેઠે ચિચિયારી પાડતાં વાદળ વાર્કાને દેખાય છે. તરત જ પવન વાવા લાગે છે, વાદળાં ચાલ્યાં ગયાં છે અને હવે કાદવથી તરબોળ થયેલો એક ધોરી રસ્તો વાર્કાની દૃષ્ટિ સામે ખડો થાય છે. એ ધોરી રસ્તે ગાડીઓની કતાર જામી છે. અને પીઠે ગાંસડાં પોટલાં બાંધેલાં માણસો કાદવ ખૂંદતાં આગળ ધપી રહ્યાં છે. ઠંડા અને અભેદ્ય ધૂમસ સોંસરી થઇ એની દૃષ્ટિ બન્ને બાજુ વન વગડો જૂએ છે. એકાએક પેલાં માણસો પોતાના સામાન સાથે પડછાયા સહિત કાદવ ઉપર ઢળી પડે છે. વાર્કા પૂછે છે: "આમ કેમ કર્યું?" તેઓ બોલી ઊઠે છે: "ઊંઘવા, પોઢી જવા." એમ કહી તેઓ ઘસઘસાટ ઊંઘી જાય છે. અને સવારે તારનાં દોરડાં ઉપર બેઠેલા કાગડા અને ચકલીઓ પેલા બાળકની પેઠે ચિચિયારીઓ પાડી એમને જગાડવા પ્રયત્ન ન કરે ત્યાં સુધી નિરાંતે ઘોરે છે.

તારે માટે ગાઉં ગીતડાં,
તું છાનો રહે ને ભાઈ મીઠડા —હા..લા

વાર્કા બબડી.

હવે એ એક અંધારિયા અને ચસકવાય ભોંય ન મળે એવા ઝૂંપડામાં આવી હોય એમ એને લાગે છે.

એનો મૃત બાપ યેફ્રિમ સ્ટેપેનોવ ધરતી ઉપર આમથી તેમ તરફડિયાં મારી રહ્યો છે. તે એને જોઇ શકતી નથી પરંતુ પાડાને લીધે કણુતો અને દુઃખને લીધે જમીન ઉપર આળોટતો સાંભળે છે. " ઓ બાપ રે આંતરડાં બહાર નીકળી ગયાં " એમ એ બૂમો પાડતો; પણ વેદના એટલી ભારે છે કે હવે એ એકે શબ્દ બોલી શકતો નથી. કેવળ શ્વાસોચ્છ્વાસ લઇ શકે છે અને નગારી વાગતી હોય એમ દાંત ભીચડે છે 'બૂ, બૂ, બૂ, બૂ–"

એની માતા પેલાગેયા પતિ મરણુપથારીએ છે એ ખબર આપવા શેઠના ઘર તરફ દોડી ગઈ છે. એને ગયે ઘણો વખત થયો એટલે પાછી આવવી જોઇએ. વાર્કા ચુલા પાસે જાગતી પડી રહી છે અને બાપા બૂ–બૂ–બૂ–બૂ એમ દાંત કચકચાવે છે એ સાંભળે છે. એટલામાં બારણે કોઇ ગાડીમાં

બેસીને આવ્યું લાગે છે. ગામમાં મોટી હવેલીમાં રહેતા દાક્તરને અહીં તપાસ કરવા મોકલવામાં આવ્યો છે. દાક્તર ઝૂંપડીમાં આવે છે. અંધારામાં એ દેખાતો નથી પરંતુ એના ખોંખારા અને બારણાનો ખડખડાટ સંભળાય છે. એ કહે છે: "મીણબત્તી સળગાવો."

"બૂ-બૂ-બૂ-બૂ" યેફિમે ઉત્તર વાળ્યો.

પેલાગેયા ચુલા પાસે દોડી જઇ દીવાસળી વાળો ભાગેલો ડબો શોધવા લાગે છે. એક ઘડી બોલ્યા ચાલ્યા વિના પસાર થાય છે. દાક્તર, ખિસ્સામાં જણાયાથી દીવાસળી કાઢી સળગાવે છે.

"અત્તર ઘડી, સાહેબ અત્તર ઘડી" એમ કહી પેલાગેયા ઝૂંપડી બહાર દોડી જાય છે અને થોડી જ વારમાં મીણબત્તીનો એક ટુકડો લઇ પાછી આવે છે.

યેફિમના ગાલ ગુલાબી છે અને આંખનાં રતન ચળકે છે. જાણે દાક્તર તથા ઝૂંપડીને વીંધીને જોતી દૃષ્ટિમાં કંઇક ખાસ ઇંતેજારી છે.

એના ઉપર નીચે નમીને દાક્તર પૂછે છે: "લાવો, એમ કેમ કરે છે? શેના ચિંતનમાં પડયો છે? અરે! તને આ દરદ ઘણા વખતથી છે?"

ઊંઘે ઘેરાયેલી

"શું કહું સા'બ ! મરવા પડ્યો છું–અંતકાળ આવ્યો છે–હવે જીવ્યા ભેગું ભળાય એમ નથી."

"એમ બકવાટ ન કર, અમે તને મટાડીશું."

"પણ સાહેબ—એ તો આપને લાગે તે ખરૂં. અમે તમારો ઉપકાર માનીશું. પણ મને તો એમ જ લાગે છે...મૃત્યુ આવ્યું છે; પે...લું દેખાય!"

યેક્રિમ પાસે દાક્તર પંદર મિનિટ ગાળે છે–અને પછી ઊભો થઈને કહે છે: "હું કંઈ કરી શકું એમ નથી. તમારે દવાખાને જવું જોઈએ. ત્યાં નસ્તર મૂકશે. બને એટલી ઉતાવળે જજો. તમારે જવું જ જોઈશે. ઘણું મોડું થઈ ગયું હોવાથી ત્યાં બધાં ઊંઘી ગયાં હશે પણ કંઈ વાંધો નહિ. હું તમને એક ચિઠ્ઠી આપું છું—સાંભળો છો ને?"

પેલાગેયા પૂછે છે: "પણ ભલા સાહેબ! એ શી રીતે જાય? અમારી પાસે ઘોડુંય નથી."

"કંઈ વાંધો નહિ. હું તમારા શેઠને ત્યાં કહેવડાવું છું. એ ઘોડું મોકલાવશે."

દાક્તર ચાલ્યા જાય છે. મીણબત્તી બહાર જાય છે અને ફરી પાછો બૂ–બ–નો અવાજ સંભળાય છે. અડધા કલાક પછી ઝુંપડીએ ગાડું લઈને કોઈ આવે

છે. યેફિમને દવાખાને લઈ જવા એ મોકલવામાં આવ્યું છે. એ તૈયાર થઇને જાય છે.

સાફ અને ચળકતો પ્હો ફાટયો છે. પેલાગેયા ઘેર નથી. યેફિમને શું કરવામાં આવ્યું છે એ જોવા માટે એ દવાખાને ગઈ છે. વાર્કા કોઇક ઠેકાણે બાળકને રડતું સાંભળે છે અને પોતાના જ સ્વરે કોઇ ગાતું સંભળાય છે:

તારે માટે ગાઉં ગીતડાં,
તું છાનો રહે ને ભાઇ મીઠડા -હા..લા

પેલાગેયા પાછી આવે છે અને સ્વસ્તિકના આકારમાં ઊભી ઊભી લવે છે:

"રાત્રે એ લોકોએ એમને ઠીક કર્યા પરંતુ સવાર થતાં ન થતાંમાં તો એમણે ઇશ્વરના ચરણમાં પ્રાણ છોડયા. એમનો સ્વર્ગવાસ થાઓ. એમને ચિરંતન શાંતિ મળો. દવાખાનાવાળા બાપડા કહેતા હતા કે ઘણા મોડા લાવવામાં આવ્યા. વહેલા લઈ જવા જોઇતા હતા."

વાર્કા રસ્તા ઉપર જઇ રડવા લાગે છે. પણ એની બોચી ઉપર એકાએક એવો જોસથી ધપ્પો પડે છે કે એનું કપાળ એક ભોજના ઝાડ સાથે

અફળાય છે. આંખો ઉઘાડે છે તો સામે ઉભા રહેલા મોચી શેઠને જુએ છે.

" મુડદાલ ! ફૂઅડ ! શું કરી રહી છે ? બાળક રડે છે અને તું ઘોરી રહી છે ? " એમ કહી સટાક દઇને એક તમાચો કાન પછવાડે લગાવી દે છે. એ માથું હલાવી પારણું ઝુલાવે છે અને હાલરડું ગણગણે છે. લીલું ધાબું અને ચોરણાં તથા બાળકનાં કપડાંના પડછાયા ઊંચા નીચા થઈ એની સામે ડોલવા લાગે છે. અને ફરીથી, એના મગજ ઉપર અસર કરવા માંડે છે. ફરીથી પેલો પ્રવાહી કાદવથી ઢંકાયેલો રસ્તો એ જુએ છે. પીઠે પોટલાંવાળા લોકો અને તેમના પડછાયા જમીન ઉપર લેટી ગયા છે અને ભરનિદ્રામાં પડયા છે. એમના તરફ જોઈ રહેતાં વાર્કાને સુવાની અદમ્ય ઇચ્છા થઇ છે. એ નિરાંતે ઊંઘી તો જાય પરન્તુ એની સાથે ચાલતી પેલાગેયા એને હડીઓ કઢાવે છે. તેઓ કંઇક રહેઠાણ મેળવવા શહેર તરફ ઉતાવળા ઉતાવળા જાય છે.

" કોઈ ઇશ્વરને લેખે આપો, શેઠસાહેબો ને બહેનો, ગરીબડી ઉપર મહેર કરો, અન્નદાતાર—" પેલાગેયા એમ જે લોકો મળે એને કરગરે છે.

ઊંઘે ઘેરાયેલી

એક પરિચિત અવાજ સંભળાય છે: "એ બાળકને અહીં લાવ." ફરીથી એ જ અવાજ વધારે કઠોર અને ક્રોધિત થઇ બોલે છે: "લાવે છે કે નહિ ? ભમરાળી ! શું તું ઘોરવા પડી છે ?"

વાર્કા ફ્રરડ લઇને ઝબકી ઊઠી. આગળ પાછળ જૂએ છે અને બધું કળી જાય છે. ત્યાં પેલો ઘોરી માર્ગે નથી, પેલાગેયા યે નથી, એમને મળતા લોકો ય નથી. કેવળ બાળકને ધવડાવવા આવેલી શેઠાણી ઓરડા વચ્ચે ઊભી છે, એ પહોળા ખભાવાળી લઠ્ઠ બાઇ બાળકને ગેલ કરાવે છે અને લાલનપાલન કરે છે. એ પૂરૂં થાય છે ત્યાં સુધી વાર્કા જોતી જોતી ઊભી રહી છે. બારી બહારના દેખાવ ક્યારના ય વાદળી થવા લાગ્યા છે. પેલા પડછાયા અને ઉપરનું લીલું ધાબું ફીકાં પડતાં જાય છે. થોડી વારમાં વહાણું વાશે.

"લે એને" કાંચળીનાં બોરિયાં બીડતાં બીડતાં શેઠાણી હુકમ કરે છે. "એ રડે છે, એને કાંઈ વળગાડ જ છે."

વાર્કા બાળકને લઇ પારણામાં સુવાડે છે. અને પાછું હીંચોળવું શરૂ કરે છે. લીલું ધાબું અને

ઊંઘે ઘેરાયેલી

પડછાયા ધીરેધીરે અદૃશ્ય થાય છે. હવે એની આંખો ઉપર બળજબરીએ ફરી વળનાર અને એના મગજને આવરી લેનાર કંઈ રહ્યું નથી. છતાં તે પહેલાંના જેટલી જ ભારે ઘેનમાં છે. વાર્કા પારણાની ધાર ઉપર માથું ટેકવે છે અને બધું ઘેન ઉડાડી મૂકવા પોતાનું આખું શરીર ઝુલાવે છે. પરન્તુ હજુ ય એની આંખો બિડાયેલી છે અને માથું ભારે ભારે લાગે છે.

" વાર્કા, ચુલો ધગાવ. " દરવાજામાંથી શેઠનો અવાજ સંભળાય છે.

હવે ઊઠીને કામે ચઢવાનો વખત થઇ ગયો છે. વાર્કા પારણાને મૂકી દઈ ઇંધણા લઈ આવવા માટે વાડા તરફ દોડી જાય છે. એ ખુશ ખુશ છે. જ્યારે માણસ આમતેમ આંટા મારે છે અને દોડાદોડ કરે છે ત્યારે બેસી રહીને જેટલી નીંદર આવે છે એટલી નથી આવતી. તે લાકડાં લાવી ચુલો સળગાવે છે. લાકડા જેવો થઈ ગયેલો ચહેરો પાછો મુલાયમ થવા લાગ્યો અને એના વિચારો પાછા સ્પષ્ટ થવા લાગ્યા હોય એમ એને લાગવા માંડે છે.

" વાર્કા, ચા મૂક " શેઠાણીએ બૂમ પાડી.

વાર્કો લાકડાની એક ચીપ ઉતારે છે અને એને સળગાવી ચાદાની નીચે મૂકે એ પહેલાં તો નવો હુકમ સંભળાય છે:

"વાર્કો, શેઠના બૂટ સાફ કરી નાખ." વાર્કો નીચે બેસી બૂટ સાફ કરી નાખે છે અને વિચાર કરે છે કે એક મોટા ઊંડા જોડામાં માથું મૂકી જરા ઝોકું ખાઈ લેવાની કેવી મઝા પડે ! અને એકાએક બૂટ મોટા થાય છે, ફૂલે છે અને આખા ઓરડામાં ફેલાઇ જાય છે. વાર્કોના હાથમાંથી બ્રશ પડી જાય છે, એ માથું ધુણાવે છે, આંખો પહોળી કરે છે અને પોતાની દૃષ્ટિ સમક્ષ બધી વસ્તુઓ મોટીમોટી થઇ હાલવા ન માંડે માટે તે બધી તરફ જોવાનો પ્રયત્ન કરે છે.

"વાર્કો, બારણાનાં પગથિયાં વાળી નાખ, ઘરાકો એ જુએ છે એથી તો હું શરમાઇ મરી—" વાર્કો પગથિયાં અને ઓરડા સાફ કરી નાખે છે. બીજો ચુલો સળગાવી દુકાને દોડી પહોંચે છે. દુકાને ઢગલાબંધ કામ છે; એને એક ઘડીની ય નવરાશ નથી.

રસોડાના મેજ ઉપર એકને એક ઠેકાણે ઉભા

રહી બટાકા કચરવા એના જેવું ભારે તો એકે કામ નથી. એનું માથું મેજ ઉપર ઢળી પડે છે. બટાકા એની આંખો આગળ નાચે છે. હાથમાંની છરી નીચે પડી જાય છે. તે વખતે એની શેઠાણી બાંયો ચઢાવીને એની પાસે આમથી તેમ ફરતી ફરતી એવડા મોટા બખાળા પાડીને વાતો કરે છે કે એ અવાજ વાર્કાના કાનમાં વાગે છે. રસોઈ પીરસવી, ધોવું અને સીવવું એ પણ કરમકૂટ છે. અને વચ્ચે વચ્ચે એવી પળો પણ આવે છે કે જ્યારે બધી વસ્તુઓ ભુલી જઇ જમીન ઉપર લેટી ઘસઘસાટ ઊંઘવાનું મન થઇ જાય છે.

દિવસ પૂરો થાય છે. બારીઓને અંધારી થતી જોઈ વાર્કા લાકડા જેવા થઇ ગયેલા લવણા દબાવે છે અને એમ શા કારણે થાય છે એ જાણતી ન હોય એમ, મોં મલકાવે છે. સન્ધ્યાનું અંધારૂં હવે ભાગ્યે જ ઉઘાડી રહી શકે એવી એની આંખોને ગલગલાવે છે. અને થોડી વારમાં ઘસઘસાટ ઊંઘ આવવાની ખાતરી આપે છે. સંધ્યાકાળે મહેમાન આવે છે.

“ વાર્કા, ચા મૂક ” શેઠાણીનો હુકમ નીકળ્યો.

ચાદાની તદ્દન બટુકડી છે, એમાંની બધી ચા પી ગયે પૂરું નથી થતું એટલે વાર્કાને પાંચ વાર મૂકવી પડે છે. ચાપાણી થઈ ગયા પછી પણ વાર્કા મહેમાનની તહેનાતમાં એ જ જગ્યાએ એક કલાક સુધી ઊભી રહે છે.

" વાર્કા, દોડતી જા, અને બીઅરની ત્રણ બાટલી ખરીદી લાવ. "

એ ઉપડે છે અને ઊંઘને ભગાડી મૂકવા મૂઠીઓ વાળીને દોડે છે.

" વાર્કા, થોડો વોડકા લાવ, " " વાર્કા, બૂચ કાઢવાનું ક્યાં છે ? " " વાર્કા, માછલી શમારી આપને ! "

હાશ ! હવે અત્યારે બધા પરોણા ગયા. દીવા રાણા થયા છે. શેઠ શેઠાણી સુવા જાય છે.

" વાર્કા, બાળકને હિંડોળ " છેલ્લો હુકમ મળે છે.

ચુલામાં તમરૂં બોલે છે. છત ઉપરનું લીલું ધાબું, પાટલુન તથા બાળકનાં કપડાંના પડછાયા વાર્કાની અધઉઘાડી આંખો ઉપર પડે છે, પોપચાંને પલકાવે છે અને એના મગજને ઘેરી લે છે. એ ગણગણે છેઃ

ઊંઘે ઘેરાયેલી

તારે માટે ગાઉં ગીતડાં,
તું છાનો રહે ને ભાઈ મીઠડા—હા..લા.

પણ બાળક તો રડે છે અને રડીરડીને વાજ આવે છે. ફરીથી વાર્કો પેલો કાદવિયો રસ્તો, પોટલાં-વાળા માણસો, પેલાગેમા મા અને યેફિમ બાપાને જુએ છે. એ બધું સમજી શકે છે, દરેકને ઓળખી શકે છે, પણ એની અધકચરી ઊંઘને લીધે એના હાથપગને જકડનાર, એના ઉપર લદાનાર અને નિરાંતે જીવવા ન દેનાર શક્તિને એ ઓળખી શકતી નથી. એને શોધી કાઢી એમાંથી છુટવા એ ચારે બાજુએ જુએ છે પણ પત્તો લાગતો નથી. આખરે થાકીને લોથ થઇ જવાથી, બધું જોર વાપરી, ડોળા ફાડી પેલા અસ્થિર ધાબા તરફ જુએ છે. એટલામાં બાળકના રડવાનો અવાજ સંભળાતાં પોતાને જીવવા કે જંપવા ન દેનાર વેરી જડી ગયો લાગે છે.

એ શત્રુ તે પેલું બાળક છે. એ હસે છે. આટલી સહેલી વાત પોતે પહેલાં ન સમજી શકી એ માટે એને આશ્ચર્ય થાય છે. લીલું ધાબું, પડછાયા અને તમરૂં પણ જાણે આશ્ચર્ય બતાવી હસતાં હોય એમ લાગે છે.

ઊંઘે ઘેરાયેલી

આ ભ્રમ વાર્કાને બરાબર સાંડસામાં પકડે છે. પોતાના સ્ટૂલ ઉપરથી ઊઠી, ચહેરા ઉપર મુક્ત મલકાટ લાવી અને આંખોને પહોળી અને અસ્પંદ કરી ઓરડામાં આંટા મારે છે. હાથપગ જકડી દેનારનો સીધો નિકાલ થઈ જશે એ વિચારથી એ ખુશી થાય છે અને મલકાય છે. બાળકને પૂરું કરીને બસ ઊંઘ, ઊંઘ ને ઊંઘે જ રાખ.

હસતી, પોપચાં પટપટાવતી, લીલા ધાબા તરફ આંગળા મરડતી અને લપાતી લપાતી વાર્કા પારણા પાસે જાય છે અને બાળક ઉપર નીચી વળે છે. બાળકનું ગળું ટૂંપી નાખી ઝપાટાબંધ જમીન ઉપર આડી થઇ જાય છે. હવે પોતે સૂઇ શકશે એ આનંદથી હસે છે. અને એક પળવારમાં તો મડદાની પેઠે ઘસઘસાટ ઊંઘી જાય છે....

અદૃશ્ય ઘા

સવારના પહોરમાં ડૉકટર સાહેબ તો હજી બિછાનામાંથી ઉઠયા પણ ન હતા એવામાં બહારથી કોઇએ સંદેશો કહેવડાવ્યો કે મારૂં દર્દ એવું થઇ ગયું છે કે મારાથી હવે એક ક્ષણુ પણુ ખમાય એમ નથી. જલદી મળો તો બહુ સારૂં. ડૉકટર સાહેબે કપડાં પહેરી લીધાં અને નોકરને બોલાવવાને ઘંટડી વગાડી.

"દરદીને અંદર આવવા દે" ડૉકટર સાહેબે નોકરને કહ્યું.

અંદર આવનાર માણસ ધનિક અને ખાનદાન જણાતો હતો. તેનો ફિક્કો ચહેરો અને તેનાં શિથિલ અંગો તેની શારીરિક પીડા વ્યક્ત કરતાં હતાં. તેનો જમણો હાથ ઝોળીમાં બાંધેલો હતો, અને તે પોતાનાં દર્દને ચહેરા ઉપર વ્યક્ત થવા દેતો ન હતો છતાં કોઇ કોઇવાર તેનાથી વેદનાપૂર્ણ નિશ્વાસ નંખાઇ જતા હતા.

"આવો, બેસો; કેમ, શો હુકમ છે?"

"આજ આઠ આઠ દિવસ થયાં મારી આંખ

મળી નથી. મારે જમણે હાથે કાંઈ દર્દ થયું છે. શું છે તે કાંઇ સમજાતું નથી. કદાચ કેન્સરે હોય; કે પછી તેથી પણ કોઇ ભયંકર દર્દ હોય. પહેલાં તો મેં એને ગણકાર્યું નહિ; પણ થોડા દિવસથી બળતરા શરૂ થઇ છે. એક ઘડી પણ મને કરાર રહેતી નથી. વેદનાની તો વાત ન પૂછો. વેદના તો કલાકે કલાકે વધતી જ જાય છે, અને હવે તો બિલકુલ અસહ્ય થઈ પડી છે એટલે જ હું આપને બતાવવા આવ્યો છું. હવે જો મારે એક કલાક પણ આ સહન કરવું પડે તો મારૂં મગજ ફૂટકી જશે. એને જોઇએ તો બાળી નાખો કે કાપી નાખો કે પછી બીજું ગમે તે કરો."

"કદાચ ઑપરેશન ન પણ કરવું પડે" એમ કહીને ડૉકટર સાહેબે તેને ધીરજ આપી.

પણ પેલા માણસે તો જીદ કરી. "ના, ના, ઑપરેશન તો કરવું જ પડશે. દર્દવાળો ભાગ કપાવી નાખવાને જ તો હું આવ્યો છું. ઑપરેશન વિના છૂટકો જ નથી."

મહામહેનતે તેણે ઝોળીમાંથી હાથ ઊંચો કર્યો અને કહ્યું: "મારા હાથ ઉપર આપને કાંઇ ઘા જેવું

ન જણાય તો તેથી આશ્ચર્ય પામશો નહિ. આ દર્દ કાંઇ ઓર જ તરેહનું છે."

ડૉક્ટર સાહેબે કહ્યું: "મને કાંઇ નવતરાં દર્દની નવાઈ નથી." આમ છતાં તેનો હાથ જોતાં જ તે તો આભા બની ગયા અને હાથ પડતો મેલ્યો. હાથે કંઇ જ થયું હોય એમ લાગતું ન હતું. સૌના હાથ જેવો તે દેખાતો હતો. ચામડીનો રંગ સુદ્ધાં બદલાયો ન હતો. આમ છતાં તેને અસહ્ય વેદના થતી હતી એ તદ્દન સ્પષ્ટ હતું. ડૉક્ટરે તેનો હાથ ઝાલી લીધો.

બે મોટી શીરાઓની વચમાં તેણે એક જગ્યા બતાવી પણ ડૉક્ટર બહુ જ સંભાળપૂર્વક પોતાની આંગળીનાં ટેરવાથી તેને અડયા કે તરત જ તેણે હાથ પાછો ઝૂંટવી લીધો.

"અહિંયાં દુ:ખે છે? હું આંગળી મૂકું તો લાગે છે ખરૂં?"

તે તો જવાબ ન દઇ શક્યો; પણ તેની આંખોમાં ઊભરાતાં અશ્રુએ જવાબ દીધો.

"આ તો અજબ જેવું છે; મને તો કંઇ જ જણાતું નથી."

"મને પણ કશું જણાતું નથી. પણ વેદના તો એવી થાય છે કે એના કરતાં તો મરવું સારૂં."

ડૉક્ટરે સૂક્ષ્મદર્શક યંત્ર વડે ફરીથી બધું તપાસ્યું, તેનો તાવ માપ્યો અને આખરે માથું ધુણાવ્યું.

"ચામડીને તો કશો રોગ નથી થયો. નસો પણ બધી બરાબર છે. જરા પણ સોજો કે ફુલાવો નથી. ખાસો હાથ જેવો હાથ છે."

"મને લાગે છે કે તે જગ્યાએ જરા લાલ છે."

"ક્યાં ?"

દર્દીએ પોતાના હાથની પાછલી બાજુએ અધેલા જેવડું કુંડાળું કરી બતાવી કહ્યું: "અહિંયાં."

ડૉક્ટર તે માણસ તરફ જોઈ રહ્યા. તેમને લાગ્યું કે ગાંડા સાથે કામ પડ્યું છે.

"તમારે અહિ શહેરમાં જ રહેવું પડશે. એ તો થોડા દિવસમાં મટી જશે." ડૉક્ટરે કહ્યું.

"મારાથી તો એક મિનિટ પણ થોભાય એમ નથી, ડૉક્ટર સાહેબ! મને ગાંડો ન ધારતા અથવા તો હું કોઇ ભ્રમમાં પડેલો છું એવું નહિ માનતા. આ અદૃશ્ય ઘા મને અપાર વેદના આપી રહ્યો છે. તમે એટલો ગોળ ભાગ છેક હાડકાં સુધી કાપી નાખો."

"મારાથી એ બને જ નહિ."

"કારણ ?"

"કારણ, તમારે હાથે કંઇ જ થયું નથી. મારા હાથ જેવો જ તમારો હાથ પણ સાબુત છે."

"તમે મને ગાંડો ધારતા લાગો છો. અથવા હું તમને છેતરૂં છું એમ તમે ધારો છો." ગજવામાંથી હજારની નોટ કાઢી ટેબલ ઉપર મૂકતાં મૂકતાં તે બોલ્યો: "હું તદ્દન સાચું જ કહું છું. વાત બહુ જ મહત્વની છે. હું તે માટે હજાર ફ્લૉરિન આપવાને તૈયાર છું. મહેરબાની કરીને ઑપરેશન કરો."

"આખા જગતનો ભંડાર આપો તો પણ હું સાજાં અંગને મારૂં હથિયાર ન અડાડું."

"કાંઈ કારણ ?"

"કારણ કે એ મારા ધંધાની નીતિની વિરુદ્ધ છે. દુનિયા બધી તમને મૂરખ કહેશે અને તમારી નબળાઇનો અયોગ્ય લાભ લેવાનો દોષ મારે માથે ચોંટશે. અથવા તો કહેશે કે મારાથી આટલું દર્દ પણ ન પરખાયું."

"બહુ સારૂં. તો બીજી એક મહેરબાની કરો. જો કે મારે ડાબે હાથે બરાબર ફાવશે નહિ તો પણ હું

જાતે જ ઑપરેશન કરીશ. તમો માત્ર ઑપરેશન થઇ રહ્યા પછી ઘાને સંભાળજો."

આ માણુસ સાચું જ કહે છે એ જોઇને ડૉકટર સાહેબના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે કોટ ઉતારી ખમીશની બાંય ચઢાવતો હતો તે જ તેઓ તો જોઈ રહ્યા હતા. બીજું કાંઈ હથિયાર ન હતું એટલે એણે તો ખીસાંમાંથી ચપ્પુ જ કાઢયો અને ડૉકટર સાહેબ વચ્ચે પડે પડે એટલામાં તો તેણે ઊંડો ઘા કરી પણ નાખ્યો.

રખેને એકાદ ધોરી નસ કાપી નાખશે એ બીકથી ડૉકટર સાહેબે રાડ પાડી: "થોભો, થોભો; ઑપરેશન કરવું જોઇએ એમ તમો માનો જ છો તો ભલે હું કરૂં છું."

પછી પેલો માણુસ ઑપરેશન માટે તૈયાર થયો અને જયારે શસ્ત્ર ચલાવવાનો વખત આવ્યો ત્યારે ડૉકટરે તેને આડું જોવાને કહ્યું કારણ કે લોકો સાધારણ રીતે પોતાનું લોહી જોઇને ગભરાઈ જાય છે.

"કાંઈ જ જરૂર નથી" પેલા માણુસે કહ્યું. "કયાં સુધી કાપવાનું છે એ મારે તમને બતાવવું પડશે ને!"

જાણે બીજા કોઇના જ હાથ ઉપર ઑપરેશન કરાવતો હોય એમ તે ડૉકટરને સૂચના આપતો રહ્યો. તેનો હાથ જરા ધ્રૂજ્યો સરખો યે નહિ; અને જ્યારે તેટલો ગોળ ભાગ કોરાઇ ગયો ત્યારે તેને બહુ જ આરામ થઇ ગયો હોય તેવો તે દેખાયો—જાણે તેને માથેથી મોટો બોજો ન ઉતરી ગયો હોય."

"હવે તમને કાંઇ દર્દ તો થતું નથી ને" ડૉક્ટરે પૂછયું.

"જરા ય નહિ" તેણે જરા હસતે મોંએ કહ્યું. "જાણે દર્દને જ કાપી નાખ્યું હોય એવું લાગે છે. અને આ ઑપરેશનની નજીવી વેદના તો બળબળતા ઉનાળામાં વાતી ઠંડી હવાની લ્હેર જેવી સુખકર લાગે છે. જરા લોહી વહી જવા દો, એથી મને બહુ આરામ થાય છે."

ઘા ઉપર પાટો બંધાઈ ગયો એટલે તે માણસ સુખી અને સંતોષ પામ્યા જેવો દેખાયો. તે માણસ જ આખો બદલાઇ ગયો. પોતાને ડાબે હાથે તેણે ડૉકટરનો હાથ કૃતજ્ઞતાથી દબાવ્યો.

"તમારો ભારે અહેશાન થયો."

ઑપરેશન પછી થોડા દિવસ સુધી ડૉક્ટર સાહેબ

રોજ એ માણસને તપાસવાને તે જે હૉટેલમાં ઉતર્યો હતો ત્યાં જતા. પરિચય થતાં ડૉક્ટર સાહેબે જાણ્યું કે એના ગામમાં એ બહુ જ મોભાદાર માણસ હતો. ડૉક્ટર સાહેબના મનમાં પણ તેના પ્રત્યે માન ઉત્પન્ન થયું. તે સુશિક્ષિત અને સુરુચિસંપન્ન હતો અને ઉચ્ચ કુટુંબમાં જન્મેલો હતો.

ઘા પૂરેપૂરો રૂઝાઈ ગયો એટલે તે પાછો પોતાને વતન ચાલ્યો ગયો.

ત્રણ અઠવાડિયાં થયાં એટલે તે પાછો ડૉક્ટરને ત્યાં હાજર થયો. તેનો હાથ પાછો ઝોળીમાં ભરાવેલો હતો. અને પહેલાં જ્યાં ઑપરેશન કર્યું હતું ત્યાં જ ફરી વેદના થાય છે એમ ફરિયાદ કરવા લાગ્યો.

તેનો ચહેરો મીણ જેવો ફિક્કો પડી ગયેલો હતો, અને તેનાં ભવાં ડંડા પરસેવાથી ચળકતાં હતાં. તે એક આરામખુરશીમાં પડયો અને એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના ડૉક્ટરને બતાવવાને તેણે પોતાનો જમણો હાથ લંબાવ્યો.

"ભલા ભગવાન! વળી શું થયું ?"

"તમે જોઇયે એટલું ઊંડું ન હતું કાપ્યું" તે વેદનાપૂર્ણ સ્વરે બોલ્યો. "દર્દ ફરી ઉપડયું છે. પહેલાં

કરતાં પણ જોર વધારે થયું છે. હું તો મરી જ જેવો ગયો છું. મારો વિચાર તમને ફરી તસ્દી આપવાનો ન હતો. એટલે મેં આજ સુધી સહન કર્યું. પણ હવે મારાથી નથી સહન થતું. તમારે ફરીવાર ઑપરેશન કરવું પડશે."

ડૉક્ટરે તે ભાગ તપાસ્યો. જે જગ્યાએ એમણે નસ્તર મૂક્યું હતું તે તો બરાબર રૂઝાઇ ગઇ હતી, અને નવી ચામડી પણ આવી ગઇ હતી. બધી ય નસો પણ બરાબર હતી અને નાડી પણ જોઇએ એવી જ હતી. તાવ પણ ન હતો. આમ છતાં તે માણસનું અંગેઅંગ કંપતું હતું.

" મેં અગાઉ કદી આવું અનુભવ્યું કે સાંભળ્યું નથી."

ઑપરેશન કર્યા વિના છૂટકો જ ન હતો. પહેલી વારની માફક જ બધું સાંગોપાંગ પાર ઊતર્યું. દર્દ બંધ થયું, અને દર્દીને પુષ્કળ આરામ થઇ ગયો. તો પણ આ વખતે તેના મોં ઉપર હાસ્ય ન ફરક્યું. અને ડૉક્ટરનો આભાર માનતી વખતે પણ તેનો ચહેરો ગમગીન અને શોકાતુર જ રહ્યો.

" હું જો મહિનાએકમાં પાછો આવું તો તેથી તમારે નવાઈ ન પામવી " તેણે રજા લેતાં લેતાં કહ્યું.

"તમારે એવો વિચાર જ ન કરવો."

"પણ એ વાત તો ઇશ્વરના અસ્તિત્વ જેટલી જ ચોક્કસ છે" તેણે નિશ્ચયપૂર્વક કહ્યું. "સાહેબજી—"

ડૉક્ટર સાહેબે પોતાના ઘણા ડૉક્ટર મિત્રો સાથે આ દર્દીનાં દર્દ વિષે ચર્ચા કરી. દરેક જણ કાંઇ જુદું જ કહેતો. પણ એકે ડૉક્ટર સંતોષકારક ખુલાસો કરી શક્યો નહિ.

મહિનો વહી ગયો અને છતાં પેલો દર્દી ન દેખાયો. બીજાં થોડાં અઠવાડિયાં પણ ગયાં. પછી તે દર્દીને બદલે તેને ગામથી એક પત્ર આવ્યો. ડૉક્ટરે દર્દ મટી ગયું હશે એમ માની આનંદભેર તે ખોલ્યો. પત્ર નીચે પ્રમાણે હતો:

વ્હાલા ડૉક્ટર,

મારાં દર્દનાં મૂળ કારણ વિષે મારે આપને શંકામાં રાખવા નથી, તેમ મારે એ રહસ્ય સમાધિમાં કે કદાચ તેથી પણ આગળ લઇ જવું નથી. મારે તમને મારા ભયંકર દર્દનો ઇતિહાસ કહેવો છે. આજ સુધીમાં તો એ ત્રણવાર ફરી ફરીને ઊપડી આવ્યું અને હવે આમને આમ એની સામે ઝૂઝવાનો મારો

વિચાર નથી. એમાં બળતી નર્કકુંડની જ્વાલાઓ જેવી ઝાળ શાંત કરવા માટે તે જગ્યાએ ધગધગતો અંગારો મૂકયો છે ત્યારે જ હું આ કાગળ લખી શકું છું.

૭ મહિના પહેલાં હું બહુ જ સુખી હતો. હું સમૃદ્ધ અને સંતોષી હતો. પાંત્રીસ વર્ષના માણસોને જે જે વસ્તુઓમાં આનંદ પડે છે, તે બધીયનો આનંદ હું માણતો હતો. વરસ પહેલાં હું પરણ્યો હતો. અમારૂં લગ્ન સ્નેહલગ્ન હતું. મારી સ્ત્રી સુંદર, માયાળુ અને સંસ્કારી હતી. મારી પાસે જ રહેતી એક ઉમરાવપત્ની જોડે તેને બેનપણાં હતાં. તેનો મારા પર પૂર્ણ પ્રેમ હતો અને તે મારા તરફ હમેશાં કૃતજ્ઞતાની નજરે જોતી. ૭ માસ સુધી તો દિવસો સુખમાં ગયા. રોજ રોજ અમારૂં સુખ વધતું જ જતું. હું જો શહેરમાં આવ્યો હોઉં તો બે માઇલો સુધી ચાલીને મને તે સામી લેવાને આવતી, પોતાની બેનપણી ઉમરાવપત્નીને ત્યાં ભાગ્યે જ લાંબો વખત બેસતી. મારે માટેની તેની અધીરાઇથી તેની બેનપણીઓને બરાબર ફાવતું નહિ. તે બીજા માણસ સાથે નાચ તો કરતી જ નહિ. ઊંઘમાં કોઈ વાર જો કોઇનું સ્વપ્ન આવી ગયું તો મોટો દોષ થઈ ગયો હોય એમ તેનો સ્વીકાર કરી લેતી. તે બાળક જેટલી જ સુંદર અને નિર્દોષ હતી.

આ બધા ઢોંગ છે એવું મને શાથી લાગ્યું તે હું કાંઈ કહી શકતો નથી. માણસ એવો મૂર્ખ છે કે તે સ્વર્ગ સમાન સુખમાંથી પણ દુઃખ શોધી લે છે.

તેની પાસે એક નાનું સરખું શીવવાનું ટેબલ હતું. તેનું ખાનું તે હમેશાં બંધ જ રાખતી. આ મને ખૂંચવા લાગ્યું. મેં જોયું કે તે કદી પણ ચાવી ખાનામાં નથી રહેવા દેતી અને કદી પણ ચાવી માર્યા વિના રહેતી નથી. આટલી બધી કાળજીથી સંતાડવા જેવું તે શું હશે? હું ઇર્ષ્યાથી ગાંડો જેવો થઈ ગયો. મને તેના નિર્દોષ નયનો, ચુંબનો અને પ્રેમપૂર્ણ આશ્લેષોમાં વિશ્વાસ ન રહ્યો. આ બધી કુશળ છેતરપિંડી કેમ ન હોય?

એક દિવસ પેલાં ઉમરાવપત્ની અમારે ત્યાં આવ્યાં અને તેને સમજાવીને તે દિવસ તેમને ત્યાં જ ગાળવાને લઇ ગયાં. મેં બપોર પછી જઇ પહોંચવાની બોલી કરી.

ગાડી દરવાજા બહાર જાય જાય એટલામાં તો મેં પેલું ખાનું ખોલવાનો પ્રયત્ન શરૂ કરી દીધો. મારા જૂડામાંથી એક ચાવી લાગી ગઇ. બધી સ્ત્રીઉપયોગી વસ્તુઓમાં ફંફોસતાં ફંફોસતાં રેશમી કોથળીમાં બાંધેલું પત્રોનું એક પડીકું મારા હાથમાં આવ્યું. પત્રો જોતાં

વેંત જ ઓળખાય એવા હતા—પ્રેમપત્રો હતા. લાલ પટ્ટીથી બાંધેલા હતા.

આવું અવિવેકી કામ કરવું સજ્જનને ન શોભે એવો વિચાર કરવા પણ હું ન થોભ્યો, અને મારી પત્નીનાં કિશોર વયનાં રહસ્યો જોવા બેઠો. મારું કામ આગળ ધપાવવાને મને જાણે કોઈ ઉત્તેજન આપી રહ્યું હતું. પત્રો કદાચ મને પરણ્યા પછીના પણ હોય. મેં પટ્ટી છોડી નાખી અને એક પછી એક બધા પત્રો વાંચી ગયો.

મારા જીવનનો ભયાનકમાં ભયાનક સમય તે આ એક કલાક.

એ પત્રોમાં અક્ષમ્ય વિશ્વાસઘાત પ્રકટ થતો હતો. મારા એક નિકટમાં નિકટ મિત્રે તે પત્રો લખ્યા હતા...અને પત્રોનો ભાવ...ઊંડામાં ઊંડી પ્રીતિ અને નિકટમાં નિકટ સંબંધ તેમાંથી વ્યક્ત થતો હતો. તે તેને કેવો વાત છૂપી રાખવાને વિનવતો હતો. બેવકૂફ ધણીઓ વિષે પણ તેણે કેવું કેવું લખ્યું હતું. તેના ધણીને અજ્ઞાનમાં રાખવા કયો માર્ગ લેવો તે પણ તેણે લખ્યું હતું. આ બધાય પત્રો અમારાં લગ્ન થઈ ગયા પછી લખાયેલા હતા;

અને આમ છતાં હું તો માનતો હતો કે હું કેવો સુખી છું! મારી લાગણીઓ મારે નથી વર્ણવવી. મેં આ વિષનો પ્યાલો પૂરેપૂરો પી લીધો. પછી મેં આ પત્રો સંકેલી લીધા અને તેમની જગ્યાએ પાછા મૂકયા. અને ખાનાને ફરી ચાવી મારી.

હું જાણતો હતો કે જો હું ઉમરાવજાદીને ત્યાં ન જાઉં તો તે સાંજ સુધીમાં પાછી આવી રહેશે. અને થયું પણ તેમ જ. હું દરવાજે પહોંચ્યો એટલે તે આનંદભેર ગાડીમાંથી કૂદી પડી અને મળવા માટે ધસી આવી અને સંપૂર્ણ પ્રેમથી ચુંબન અને આલિંગન દેવા લાગી. જાણે કંઇ જ બન્યું ન હોય એવો મેં દેખાવ કર્યો.

અમોએ વાતો કરી વાળુ કર્યું અને રોજની માફક પોતપોતાના ખંડમાં જઇને સૂઇ ગયાં. મારે કયો માર્ગ લેવો તે મેં આ દરમ્યાન નક્કી કરી રાખ્યું હતું, અને તે હું ગાંડા માણસના જેટલી દૃઢતાથી પાર ઉતારવાનો હતો. મધરાતે જયારે હું તેના ખંડમાં ગયો ત્યારે તે ઊંઘતી હતી. તેનો નિર્દોષ સુંદર ચહેરો જોઇને મારાથી બોલાઇ ગયું કે કુદરત પણ કેટલી દુઃખદ હગલબાજી કરે છે અને પાપીઓનાં મોં આટલાં

નિર્દોષ બનાવે છે. મારા આત્મા ઉપર ઝેરની અસર થઈ ચૂકી હતી અને તે રગેરગમાં વ્યાપી ગયું હતું. મેં મારો જમણો હાથ તેનાં ગળાં ઉપર મૂકયો અને હતું એટલા જોરથી ભીંસી દીધો. એક ક્ષણ તો તેણે આંખો ખોલી આશ્ચર્યથી મારા તરફ જોયું, પણ બીજી જ ક્ષણે તેણે આંખો બંધ કરી દીધી અને મરી ગઈ. તે પોતાનો બચાવ કરવાને સવળી સરખી નહિ, પણ જાણે સ્વપ્નમાં વિહરતી હોય તેમ શાંતિથી મરણ પામી. મેં તેને મારી નાખી એ માટે તેને મારા ઉપર દાઝ ન હતી. તેના મોંમાંથી લોહીનું એક ટીપું ઝરીને મારા હાથ ઉપર ટપકયું–તમે તો એ જગ્યા જાણો છો. મેં તો એ તદ્દન સૂકાઇ ગયા પછી છેક સવારે જોયું. બહુ ધમાલ કર્યો વિના અમોએ તેને દફનાવી દીધી. અમો શહેર બહાર ખાનગી બંગલામાં રહેતાં હતાં અને ત્યાં આ બાબતની તપાસ કરનાર કોઇ અમલદાર પણ હતો નહિ. વળી આ વિષે કાંઇ શક આવે એમ પણ ન હતું. કારણ કે મરનાર મારી પત્ની હતી. તેનું કોઈ સગુંવહાલું કે સ્નેહીસંબંધી પણ ન હતું–એટલે મને કોઈ પૂછનાર પણ ન હતું. મેં જાણી જોઇને જ તેના મરણના સમાચાર દફનક્રિયા થઈ ગયા પછી બહાર પાડયા, કે બીજા લોકો નકામી

માથાઝીક કરવા ન આવે.

મારો અંતરાત્મા મને ડંખતો ન હતો. હું ક્રૂરપણે વર્ત્યો હતો પણ તે તેને લાયક જ હતી. હું તેને ધિક્કારતો હતો. હું તેને સહેલાઇથી ભૂલી શક્યો. કોઈ પણ ખૂનીએ મારા જેટલી ઉદાસીન વૃત્તિથી ખૂન નહિ કર્યું હોય.

હું જ્યારે ઘેર પહોંચ્યો ત્યારે ત્યાં ઉમરાવપત્ની આવ્યાં હતાં. તેઓ દફનક્રિયા માટે બહુ જ મોડાં પડયાં હતાં–મારી તો ઇચ્છા જ એ હતી. તેઓ બહુ જ ગમગીન લાગતાં હતાં. આ અણધાર્યા અને ભયંકર સમાચારથી તેઓ તો હેબતાઇ જ ગયાં હતાં. તેમનું બોલવું પણ વિચિત્ર થઇ ગયું હતું. તેમણે મને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો પણ હું તેમના બોલવાનો અર્થ ન સમજી શક્યો. મારે સાંત્વનની જરૂર ન હતી એટલે તેમની વાત મેં ધ્યાનથી સાંભળી ન હતી એ પણ ખરૂં. પછી નિકટના મિત્રો હોઇએ એમ તેમણે મારો હાથ ધર્યો અને બોલ્યાં: " હું તમને એક ખાનગી વાત કહું છું. તમો તેનો દુરુપયોગ ન કરો એવી આશા રાખું છું."

પછી તેમણે મને કહ્યું: " મેં તમારી મૃત પત્નીને

પત્રોનું એક પડીકું સોંપ્યું હતું. તે પત્રો એવા હતા કે હું મારે ત્યાં રાખી શકું એમ ન હતું. તો તમે મને તે પાછું સોંપવા જેટલી ભલમનસાઇ ન કરો !" તેના શબ્દો સાંભળતાં જ મારી મજ્જામાં ઠંડી વ્યાપી ગઈ. શાંતિનો ડોળ કરી મેં પૂછ્યું: " તે પત્રોમાં શું હતું ?" તેઓ આ પ્રશ્નથી થરથરી ગયાં અને બોલ્યાં: " તમારાં પત્ની જેવી વિશ્વાસુ અને વફાદાર સ્ત્રી મેં કોઇ જોઈ નથી. પત્રોમાં શું છે એ તેમણે પૂછ્યું સરખું ન હતું. અને પત્રો ન વાંચવાનું પણ તેમણે મને વચન આપ્યું હતું."

" તે પત્રો ક્યાં રાખતી હતી ?"

" તેઓ કહેતાં હતાં કે તે શીવવાના ટેબલના ખાનામાં ચાવી મારીને તે રાખે છે. તેના ઉપર લાલ પટ્ટી બાંધેલી છે. એ તો તમે તરત જ પારખી શકશો. બધા મળીને ત્રીસ પત્રો છે."

જે ખંડમાં શીવવાનો સંચો હતો તેમાં હું તેમને લઇ ગયો અને ખાનું ઉઘાડયું. મેં તે પડીકું કાઢયું અને તેમને આપી દીધું.

" આજ તે પત્રો ને ?"

તેણે તે એકદમ લઇ લીધા. રખેને તે કાંઈ

સમજી જાય એવી બીકે મેં તેમના સામું જોયું પણ નહિ. પછી તેઓ ચાલ્યાં ગયાં.

દફનક્રિયાને બરાબર અઠવાડિયું થયું કે પેલી ભયાનક રાત્રે જે જગ્યાએ લોહીનું ટીપું પડયું હતું તે જગ્યાએ વેદના શરૂ થઈ. પછી તો બધું તમો જાણો જ છો. હું જાણું છું કે એ આત્મસૂચન સિવાય બીજું કાંઇ નથી; પણ હું એને નથી દૂર કરી શકતો. મારી નિર્દોષ અને સુંદર પત્નીનું ઉતાવળ અને ક્રૂરતાથી મેં ખૂન કર્યું તેની મને એ સજા થઈ. મેં હવે એની સામે વલખાં મારવાં છોડી દીધાં છે. હું તેની પાસે જ જાઉં છું. તેની ક્ષમા પામવા હું પ્રયત્ન કરીશ. તે જરૂર મને ક્ષમા કરશે. તે જીવતી હતી ને મને ચાહતી હતી તેમ જ તે હજી મને ચાહશે. તમે મારે માટે જે તસ્દી લીધી છે તે માટે હું તમારો આભાર માનું છું."

ગૂજરાતનું પ્રગતિશીલ માસિક

પ્રસ્થાન

[તંત્રીઃ રામનારાયણ વિશ્વનાથ પાઠક]

સાહિત્ય, ધર્મ ને લોકજીવનની ચર્ચા કરતું, ચાલુ રાજકારણના પ્રશ્નો ઉપર રાષ્ટ્રીય દૃષ્ટિથી સમાલોચના કરતું, ટુંકામાં, હિંદુસ્તાનના અને ગૂજરાતના વિવિધ ચાલુ પ્રશ્નો ઉપર ચોક્કસ અને સરલ શૈલીમાં સર્વ જનના ઉપયોગમાં આવે એવું સાહિત્ય પ્રકટ કરતું

:: માસિક પત્ર ::

લવાજમ

વાર્ષિક રૂ. ૫-૦-૦

પરદેશના રૂ. ૬-૮-૦

પ્રસ્થાન કાર્યાલય : અમદાવાદ